# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-15 । અંક-281 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ સુદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

25 AUGUST-2026 TUESDAY





પેજ-08

હિમાંશી ખુરાનાના આરોપો પર આસિમ રિયાઝ ભડક્યો- 'પબ્લિસિટી....



પેજ-09

રવીન્દ્ર જાડેજાએ રચ્યો ટેસ્ટ ક્રિકેટમાં ઇતિહાસ, ટેસ્ટ ચેમ્પિયનશિપમાં રેકોર્ડ....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 28.00 |
| વડોદરા | 33.00 | 28.00 |
| સુરત | 31.00 | 27.00 |


પેજ 5

KALYAN JEWELLERS

કલ્યાણ જ્વેલર્સને તમિલનાડુ સરકારની 'થાઇમામન થંગા મોથિરમ થિટ્ટમ'....



ઈરાનની યુદ્ધ તૈયારીથી અમેરિકા ભારે મુશ્કેલીમાં....

પેજ 10




**.....સુવિચાર.....**

લોકો હંમેશા તમારાથી થયેલી ભૂલો જ યાદ રાખશે.. પણ તમે એના માટે કરેલા કામ અને મદદ યાદ નહીં રાખે ..!!

# CJP દ્વારા દિલ્હીમાં ઉગ્ર વિરોધ પ્રદર્શનનું એલાન

## સરકારી વચનોથી અસંતુષ્ટ CJP દ્વારા દિલ્હીમાં બીજા રાષ્ટ્રવ્યાપી આંદોલનની ચીમકી, યુવાનોના આંદોલન બાદ ફરી રાજકારણ ગરમાયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

CJP એ દિલ્હીમાં વધુ એક વિરોધ કૂચ યોજવાની યોજના જાહેર કરી છે. પાર્ટીનો આરોપ છે કે સરકારે જુલાઈના આંદોલન દરમિયાન આપેલા વચનો પૂરા કરવામાં નિષ્ફળ રહી છે. આ નિષ્ફળતાના વિરોધમાં આ કૂચની જાહેરાત કરવામાં આવી છે. કોકરોચ જનતા પાર્ટી (CJP) એ ફરી એકવાર મોટી જાહેરાત કરી છે. CJP એ 5 સપ્ટેમ્બર, 2026 ના રોજ નવી દિલ્હીમાં શાંતિપૂર્ણ વિરોધ કૂચ માટે દેશવ્યાપી હાકલ કરી છે. પાર્ટીનો આરોપ છે કે ભારત સરકારે 25 જુલાઈના રોજ યુવાનોને આપેલા વચનોનું પાલન કર્યું નથી, જેના કારણે આ જાહેરાત થઈ. CJP એ જણાવ્યું હતું કે યુવાનોએ અગાઉ સદ્ભાવના બતાવી હતી અને સરકારે આ વચનો આપ્યા પછી જ તેમના રાષ્ટ્રવ્યાપી વિરોધ પાછા ખેંચી લીધા હતા.



### CJP એ રાષ્ટ્રીય કારોબારી બેઠક બોલાવી

સોમવારે અગાઉ, કોકરોચ જનતા પાર્ટીએ તેની રાષ્ટ્રીય કારોબારીની બેઠક બોલાવી હતી. બેઠક દરમિયાન, અગાઉના આંદોલન પાછું ખેંચ્યા બાદ સરકારે આપેલા વચનોની સમીક્ષા કરવામાં આવી હતી. CJP એ આરોપ લગાવ્યો હતો કે સરકારે તે વચનો પૂરા કરવા માટે લેવામાં આવેલા પગલાં અંગે કોઈ ઔપચારિક માહિતી આપી નથી. પાર્ટીએ જણાવ્યું હતું કે આ વચનો પૂરા થાય તે સુનિશ્ચિત કરવા માટે દરેક શક્ય પગલાં લેવામાં આવશે, જેમાં બીજા શાંતિપૂર્ણ રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવાનો વિકલ્પ પણ શામેલ છે.

**CJP દ્વારા કૂચ ક્યાંથી શરૂ થશે?**

CJP એ માહિતી આપી છે કે 5 સપ્ટેમ્બરના રોજ શાંતિપૂર્ણ કૂચ ઇન્ડિયા ગેટથી શરૂ થશે અને નવી દિલ્હી પોલીસ મુખ્યાલય તરફ આગળ વધશે. આ કૂચનું નેતૃત્વ NEET પરીક્ષા સંબંધિત બાબતોમાં જીવ ગુમાવનારા વિદ્યાર્થીઓના પરિવારો અને પોલીસ કાર્યવાહીનો ભોગ બનેલા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવશે. દેશભરના વિદ્યાર્થીઓ, યુવા સંગઠનો અને યુવા નાગરિકો ભાગ લે તેવી અપેક્ષા છે.

# આઠ વર્ષ પછી ઓગસ્ટમાં એક સાથે ચાર વાવાઝોડા

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

આઠ વર્ષ પછી ઓગસ્ટમાં એક સાથે ચાર નામના વાવાઝોડા બન્યા, જેના કારણે પશ્ચિમ પેસિફિકમાં ગતિવિધિ વધી.પશ્ચિમ પેસિફિકમાં વાવાઝોડાના એક સાથે પ્રવેશથી હવામાનનું ધ્યાન વધ્યું છે. આઠ વર્ષમાં પહેલી વાર, ઓગસ્ટમાં ચાર નામના વાવાઝોડા એક સાથે સક્રિય થયા છે. આમાં સૌડેલ સૌથી મજબૂત છે, જેની પવનની ગતિ 165 કિમી/કલાક સુધી પહોંચે છે.પશ્ચિમ પેસિફિકમાં હાલમાં ચાર નામના વાવાઝોડા સક્રિય છે. આ લગભગ આઠ વર્ષમાં બન્યું છે. ચાર નામના વાવાઝોડાનો અગાઉનો રેકોર્ડ નવેમ્બર 2024 માં હતો. વાવાઝોડા સૌડેલ ઉપરાંત, ઉષ્ણકટિબંધીય વાવાઝોડા નારા, ગનારી અને અત્સાની પણ સક્રિય છે. ચારેય વાવાઝોડાનું સ્થાન, શક્તિ અને ગતિની દિશા અલગ અલગ હોય છે. ચારેય વાવાઝોડામાંથી સૌડેલ સૌથી મજબૂત છે. નારા અને ગનારી હાલમાં સ્થિર છે, જ્યારે અત્સાની ઉત્તરપૂર્વ તરફ આગળ વધી રહ્યું છે.

**સૌડેલ સૌથી મજબૂત :** સૌડેલની પવનની ગતિ આશરે 165 કિલોમીટર પ્રતિ કલાક છે, જેમાં પવન 240 કિમી/કલાક સુધી પહોંચે છે. તે લગભગ 35 કિમી/કલાકની ઝડપે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે. આ ચારેય વાવાઝોડામાં સૌથી શક્તિશાળી વાવાઝોડું છે. તેના જોરદાર પવન અને ઝડપી ગતિને કારણે, તેના પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે.

**નારા લગભગ એક જ જગ્યાએ છે :** નારાની પવનની ગતિ લગભગ 75 કિમી/કલાક છે અને પવનો 110 કિમી/કલાક સુધી પહોંચી રહ્યા છે. તે હાલમાં તે જ સ્થાને છે. તેની આગળની ગતિ ખૂબ ઓછી છે, તેથી આ સમયે તેની સ્થિતિમાં બહુ ફેરફાર થવાની અપેક્ષા નથી.

**ગનારીની પવનની ગતિ 65 કિમી/કલાક છે લગભગ 75 કિમી/કલાક છે:** ગનારીની પવનની ગતિ લગભગ 65 કિમી/કલાક છે અને પવનો 95 કિમી/કલાક સુધી પહોંચી રહ્યા છે. ગનાર પણ હાલમાં તે જ સ્થાને છે. તેની સ્થિતિ અને શક્તિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

**અત્સાની ઉત્તરપૂર્વ તરફ આગળ વધી રહ્યું છે:** અત્સાની 15.1 ઉત્તર અક્ષાંશ અને 137.3 પૂર્વ રેખાંશની નજીક છે. તેની પવનની ગતિ લગભગ 65 કિલોમીટર પ્રતિ કલાક છે અને પવનો 95 કિલોમીટર પ્રતિ કલાક છે.

# કર્ણાટકમાં સ્વાઇન ફ્લૂના કેસોમાં વધારો, આ વર્ષે 4,000 ને વટાવી ગયા

## ઓગસ્ટ સુધીમાં કર્ણાટકમાં H1N1 સહિત ઈન્ફ્લ્યુએન્ઝાના ૪,૨૧૨ લેબ-પુષ્ટિ થયેલા કેસ નોંધાઈ ચૂક્યા છે

(એજન્સી) કર્ણાટક । તા. 24

કર્ણાટકમાં ચોમાસાને કારણે મોસમી ફ્લૂના કેસોમાં વધારો થયો છે. કેસોની સતત વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને, આરોગ્ય વિભાગે દેખરેખ વધારી છે અને લોકોને ગભરાવાને બદલે સાવધાની રાખવા વિનંતી કરી છે.ચોમાસાને કારણે કર્ણાટકમાં મોસમી ફ્લૂના કેસોમાં વધારો થયો છે. કેસોની સતત વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને, આરોગ્ય વિભાગે દેખરેખ વધારી છે અને લોકોને ગભરાવાને બદલે સાવધાની રાખવા વિનંતી કરી છે. ચોમાસાની નજીક આવતાની સાથે કર્ણાટકમાં મોસમી ફ્લૂ અથવા ઈન્ફ્લ્યુએન્ઝાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે 22 ઓગસ્ટ સુધીમાં, રાજ્યમાં H1N1 સહિત ઈન્ફ્લ્યુએન્ઝાના 4,212 લેબ-પુષ્ટિ થયેલા કેસ નોંધાયા છે.કેસોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને, આરોગ્ય વિભાગે રાજ્યભરમાં દેખરેખ અને તૈયારીઓ વધુ તીવ્ર બનાવી છે.



■ વર્ષ ૨૦૨૫ માં સમગ્ર વર્ષ દરમિયાન ૪,૫૮૩ કેસ જ્યારે ૨૦૨૪ માં 3,૯03 કેસ નોંધાયા હતા, જે દર્શાવે છે કે આ વર્ષે કેસોની સંખ્યા ઝડપથી વધી છે

### રાજ્ય અને જિલ્લા અધિકારીઓ સાથે તૈયારીની સમીક્ષા

રાજ્ય અને જિલ્લા અધિકારીઓ સાથે તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી, અને કેસોમાં વધુ વધારો અથવા ફાટી નીકળવાની સંભાવનાને પહોંચી વળવા તૈયારીઓની ચર્ચા કરવામાં આવી હતી. સરકારે તમામ આરોગ્ય કેન્દ્રોને PPE કીટ, N95 માસ્ક અને ઓસેલ્ટામિવીર જેવી આવશ્યક દવાઓ સહિત પૂરતો પુરવઠો સ્ટોક કરવા પણ સૂચના આપી છે.

### પંજાબ ચૂંટણી અંગે ભાજપ દ્વારા મોટી જાહેરાત

# પાર્ટી બધી 117 બેઠકો પર એકલા લડશે

(એજન્સી) પંજાબ । તા. 24

પંજાબ વિધાનસભા ચૂંટણી નજીક આવતાની સાથે, તમામ રાજકીય પક્ષો મેદાનમાં ઉતરી ગયા છે અને તેમની તૈયારીઓ તેજ કરી રહ્યા છે. આ વચ્ચે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ ચૂંટણી અંગે એક મોટી જાહેરાત કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તે પંજાબની બધી 117 બેઠકો પર પોતાના દમ પર ચૂંટણી લડશે. ભાજપના મહાસચિવ (સંગઠન) બીએલ સંતોષે આ માહિતી આપી.બીએલ સંતોષ પંજાબની મુલાકાતે છેનોંધનીય છે કે ભાજપના વરિષ્ઠ નેતા બીએલ સંતોષ સોમવારથી પંજાબની બે દિવસની મુલાકાતે છે. આ મુલાકાતનો ઉદ્દેશ્ય પાર્ટીની સંગઠનાત્મક પ્રવૃત્તિઓની સમીક્ષા કરવાનો અને રાજ્યમાં પાયાના સ્તરે સંકલન અને તૈયારીઓને મજબૂત બનાવવાનો છે. પંજાબમાં વિધાનસભા ચૂંટણી આવતા વર્ષની શરૂઆતમાં થવાની ધારણા છે. તાજેતરમાં, ભાજપે સતીશ પુનિયાને પંજાબના નવા પ્રભારી તરીકે પણ નિયુક્ત કર્યા છે.ભાજપ-અકાલી ગઠબંધન અંગે અટકળો છેલ્લા કેટલાક સમયથી, પંજાબ વિધાનસભા ચૂંટણી માટે ભાજપ અને અકાલી દળ વચ્ચે સંભવિત ગઠબંધન અંગે અટકળો ચાલી રહી છે.





SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT ANAND Ph: 8448792901. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ 'સ્કૂલ ઠીક કરો ગુજરાત' અભિયાનની કરી જાહેરાત

# આવતીકાલથી ગુજરાતના તમામ જિલ્લાઓમાં 'સ્કૂલ ઠીક કરો ગુજરાત' અભિયાન શરૂ થશે: ઈસુદાન ગઢવી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પત્રકાર પરિષદને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ એવું માધ્યમ છે જેનાથી વ્યક્તિ આગળ વધે છે અને દેશનું નામ રોશન કરે છે. સમાજ, રાજ્ય કે દેશને જો નંબર વન બનાવવો હોય તો શિક્ષણ ખૂબ જ જરૂરી છે. અત્યાર સુધીનો ઈતિહાસ સાક્ષી છે કે જે દેશોએ શિક્ષણને મહત્વ આપ્યું છે, તેમણે જ ખરી પ્રગતિ કરી છે. આમ આદમી પાર્ટીનો મુખ્ય આધાર જ શિક્ષણ અને આરોગ્ય છે. ગરીબ કે મધ્યમ વર્ગનું બાળક ભણી-ગણીને જ્યારે મોટો અધિકારી બનશે, ત્યારે તે આખા પરિવાર, સમાજ અને રાજ્યનું નામ રોશન કરશે. દિલ્હીમાં એટલી ઉત્કૃષ્ટ સરકારી શાળાઓ બની કે અમેરિકાના પ્રમુખના પત્ની પણ તે જોવા ભારત આવ્યા હતા. પંજાબમાં પણ અમારી સરકારે ખેડૂતોને સુવિધાઓ, વીજળી ફ્રી અને મોહલ્લા ક્લિનિક આપવાની સાથે શિક્ષણમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા છે. નીતિ આયોગના રિપોર્ટ પ્રમાણે આજે પંજાબ શિક્ષણ ક્ષેત્રે નંબર વન બન્યું છે, જ્યાં માત્ર ઈમારતો જ નથી બની પણ ગુણવત્તાસભર શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતુ કે, ગુજરાતમાં શિક્ષણ પાછળ રહી ગયું છે એનો મને ખૂબ અફસોસ છે. ગુજરાતમાં છેલ્લાં ૩૦ વર્ષથી ભાજપની સરકાર છે, છતાં દિવસે ને દિવસે સરકારી શાળાઓ સુધારવાની જગ્યાએ બંધ થઈ




રહી છે. સરકાર માત્ર 'પ્રવેશ ઉત્સવ' જેવા તાયફાઓ કરીને હાજરી પૂરાવવાનું કામ કરે છે. નીતિ આયોગના આંકડા પોતે દર્શાવે છે કે ગુજરાતમાં શિક્ષણની હાલત અત્યંત ખરાબ છે. રાજ્યમાં આજે લગભગ ૯,૦૦૦ શાળાઓ માત્ર એક જ રૂમમાં ચાલે છે અને ૩,૦૦૦થી વધુ શાળાઓ માત્ર એક જ શિક્ષકના ભરોસે ચાલે છે, જેમાં ૧ લાખથી વધુ બાળકો ભણે છે. રાજ્યમાં ૨૫,૦૦૦ થી વધુ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે અને TET/TAT પાસ કરેલા સાડા ત્રણ લાખ જેટલા ઉમેદવારો ભરતીની રાહ જોઈ રહ્યા છે, છતાં સરકાર પ્રવાસી શિક્ષકોથી કામ ચલાવી શિક્ષણનું સ્તર બગાડી રહી છે. ગામડાઓમાં શિક્ષકો ન હોવાને કારણે મધ્યમ વર્ગ અને ખેડૂતો મોંઘવારીના જમાનામાં મજબૂરીવશ પોતાના બાળકોને પ્રાઈવેટ શાળાઓમાં ભણાવવા મજબૂર બન્યા છે. જો નાગરિક હેલ્મેટ ન પહેરે તો સરકાર દંડ કરે છે, પણ ખરાબ શિક્ષણ આપતી સરકારને કોણ દંડ કરશે? ગુજરાતની ૩૦ ટકા શાળાઓમાં શિક્ષકોની અછત કે સુવિધાઓનો અભાવ હોવાથી આમ આદમી પાર્ટી આવતીકાલથી 'સ્કૂલ ઠીક કરો ગુજરાત' અભિયાન શરૂ કરી રહી છે. આ માટે અમે એક હેલ્પલાઈન નંબર 9512040404 જાહેર કરીએ છીએ. જો તમારી આસપાસની શાળામાં શિક્ષકો ન હોય કે મકાન જર્જરીત હોય, તો વીડિયો બનાવીને આ નંબર પર મોકલો, અમારી ટીમ ત્યાં પહોંચશે. અમે જનતા, સામાજિક આગેવાનો અને અન્ય પક્ષોને પણ પક્ષપાત ભૂલી બાળકોના ભવિષ્ય માટે આ અભિયાનમાં જોડાવા અપીલ કરીએ છીએ. ભાજપ સરકાર શિક્ષકોને ડરાવે છે અને અન્ય કામગીરી લાદે છે, પરંતુ હવે ડરવાની જરૂર નથી. શિક્ષકોને 90-92 પ્રકારના કામ આપીને શિક્ષણની ઘોર ખોદી નાંખી. આપણે સૌએ એક થઈને શિક્ષણ માટે અવાજ ઉઠાવવો પડશે. "મોદી મોદી" કરવાની જગ્યાએ હવે આપણે "ગુજરાતી ગુજરાતી" કરવાની જરૂર છે. જો કોઈપણ વ્યક્તિ સ્કૂલની મુલાકાતે જાય અને તેના પર કોઈ FIR થાય તો એ વ્યક્તિનો કેસ સુપ્રીમ કોર્ટ સુધી આમ આદમી પાર્ટી લડશે.

# આદિવાસી વિરોધી માનસિકતા ધરાવનાર ભાજપે ચૈતરભાઈને જેલમાં નાંખ્યા: ઈસુદાન ગઢવી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ચૈતર વસાવા મુદ્દે વાત કરતા જણાવ્યું હતું કે સરકાર તરફથી એવી દલીલો કરવામાં આવી કે ચૈતરભાઈ વસાવા વારંવાર વિવિધ ગુનાઓ કરે છે. પરંતુ આપણને સૌને ખબર છે અને આપણે જાણીએ પણ છીએ કે ચૈતરભાઈ વસાવાનો કોઈ વાંક કે ગુનો નહોતો. કાચનો ગ્લાસ મારવાની ઘટના તો ઊભી કરવામાં આવી હતી. આ સિવાય, જે વન કર્મચારીએ રાત્રે બે વાગ્યે આવીને ખેડૂતોનો ઊભો પાક કાપી નાખ્યો હતો, ત્યારે ચૈતરભાઈએ એક જવાબદાર ધારાસભ્ય તરીકે ત્યાં જઈને સમાધાન કરાવ્યું હતું. પરંતુ ભાજપ આદિવાસી વિરોધી માનસિકતા ધરાવે છે. ભાજપ નથી ઈચ્છતી કે આદિવાસીઓ જાગૃત થાય કે આદિવાસી સમાજમાંથી કોઈ મજબૂત નેતા આગળ આવે. એટલા માટે જ ભાજપે ચૈતરભાઈ વસાવાને જેલમાં પૂર્યા અને કોર્ટમાં એવી દલીલો કરાવી કે એમની સામે બીજો કેસ છે, ત્રીજો કેસ છે. ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યુ હતુ કે આપણને સૌને ખબર છે કે જે બીજો ગ્લાસ વાળો કેસ છે, એ પણ ગુજરાતના નાગરિકોના હકની લડાઈમાં જ ચૈતરભાઈએ મુદ્દો ઉઠાવ્યો હતો. ફેક્ટરીમાં કે ઘટનાસ્થળે જે શ્રમિકો અને મજૂરો મૃત્યુ પામ્યા હતા, એમના પરિવારજનોને યોગ્ય વળતર મળે તે માટે ચૈતરભાઈ ત્યાં પહોંચ્યા હતા. તો તેમણે શું ગુનો કર્યો? ચૈતરભાઈએ કોઈની હત્યા કે ચોરી નથી કરી, ચૈતરભાઈ દારૂ નથી વેચતા, ચૈતરભાઈએ કોઈનું મર્ડર નથી કર્યું. ચૈતરભાઈએ માત્ર આદિવાસીઓના હક અને અધિકાર માટે તથા ગુજરાતની જનતા માટે લડવાનું પસંદ કર્યું છે, અને એટલા માટે જ ભાજપે તેમને જેલમાં પૂર્યા છે. અંબાજીથી લઈને ઉમરગામ સુધીનો આખો આદિવાસી સમાજ આદિવાસી વિરોધી માનસિકતા ધરાવતી ભાજપને આગામી સમયમાં સણસણતો જવાબ આપશે. આદિવાસી સમાજ જોઈ રહ્યો છે કે આપણા ચૈતરભાઈને ભાજપ કઈ રીતે હેરાન કરી રહી છે. રહી વાત અદાલતની, તો અદાલતનો જે પણ નિર્ણય આવ્યો છે, અમે એ નિર્ણય વિરુદ્ધ ઉપલી અદાલતમાં (હાઈકોર્ટ/સુપ્રીમ કોર્ટ) જઈશું. મારી લીગલ ટીમ (વકીલો) સાથે પણ વાત થઈ ગઈ છે. આગામી સમયમાં આ મામલે અમે ઉપલી અદાલતમાં અપીલ કરીશું અને અમને પૂરો વિશ્વાસ છે કે ન્યાયતંત્રમાંથી સારો નિર્ણય આવશે.

# ખેડૂત હિત રક્ષા સમિતિ તરફથી રમેશભાઈના નેતૃત્વમાં થાંભલાઓ મુદ્દે રજૂઆત કરવામાં આવી: ગોપાલ ઈટાલીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ આજે ખેડૂતોની હાજરીમાં ત્રણ મુદ્દે રજૂઆત કરી હતી. ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા એ આ મુદ્દે જણાવ્યું હતું કે, આજે વિસાવદર ભેસાણ અને જુનાગઢ તાલુકાના તમામ ડેમ, તળાવ, કે નદીઓમાં સૌની યોજનાનું પાણી નાખવામાં બાબતે રજૂઆત કરવામાં આવી. જીઈબી દ્વારા ખેડૂતોને જે કનળગત થાય છે, જેમકે વારંવાર લાઈન ટ્રીપિંગ થવી,ટીસી બળી જાય તો સમયસર બદલાવી ન આપવું, ટીસી રીપેરીંગ ન કરી આપવા, ટીસી ટ્રાન્સફર ન કરી આપવા, સમયસર સર્વિસ ના આપવી, જો કોઈ ફોલ્ટ આવે તો ફોલ્ટ ઓફિસમાં ફોન કરીએ તો સરખા કોઈ જવાબ ન આપે, ફોલ્ટ લખવો નહીં, લખ્યા પછી અઠવાડિયા સુધી રીપેરીંગ ન કરવું, આવા બધા વીજળીના પ્રશ્નો મુદ્દે આજે જુનાગઢ જિલ્લાના એક્ઝિક્યુટીવ એન્જિનિયર સમક્ષ રજૂઆત કરી. ખેડૂતોની હાજરીમાં આ રજૂઆત કરવામાં આવી અને લગભગ 50 જેટલા મુદ્દાઓ લેખિતમાં જીઈબી તંત્રને આપ્યા છે અને નિરાકરણની



માંગ કરવામાં આવી છે. વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, બીજો મુદ્દો હતો કે, સૌને યોજના મુદ્દે રજૂઆત કરવામાં આવી. વરસાદ ખેંચાયો છે જેથી પાક સુકાય તો એ પાકને બચાવવા માટે પાણીની જરૂરત છે, કેનાલ કે નદીઓના માધ્યમથી સૌની યોજના દ્વારા ખેડૂતો સુધી પાણી પહોંચાડવામાં આવે તો ખેડૂતોનો પાક બચી જાય એમ છે. તો કલેક્ટર સમક્ષ સૌની યોજનાનું પાણી પહોંચાડવા બાબતે રજૂઆત કરી છે. આ સિવાય ખેડૂત હિત રક્ષા સમિતિ તરફથી રમેશભાઈના નેતૃત્વમાં થાંભલાઓ મુદ્દે રજૂઆત કરવામાં આવી. જેતપુર શાહપુર 66kv અને 220kv ની જે લાઈન નાખી છે, એમાં ખેડૂતોને એક પણ પૈસાનું વળતર ચૂકવ્યા વગર ખેતરમાં આડેધડ થાંભલાઓ નાખ્યા છે. ખેડૂતોની માંગણી છે કે "ખેતર મારું તો થાંભલો તમારો કેમ?" અને "તમારો થાંભલો અમારા ખેતરમાં નાખવો હોય તો પૈસા દેવા પડશે." વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, આ રીતે જુનાગઢ જિલ્લાના ખેડૂતોની વિવિધ માંગણીઓને લઈને જુનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ત્રણ મુદ્દાની રજૂઆત કરી છે લ, આશા રાખીએ છીએ કે ખેડૂતોની પીડા સરકાર સુધી પહોંચે અને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ આવે. પીજીવીસીએલ મુદ્દે જો નિરાકરણ નહીં આવે તો બધા ખેડૂતો સાથે મળીને ગાદલા અને મંજીરા લઈને રામધૂન કરવા માટે જીઈબી ઓફિસ જઈશું. અમે આશા રાખીએ છીએ કે લાઈટ જેવી સામાન્ય બાબત માટે અમારે કગરવુ ન પડે. દેશની આઝાદીને 80 વર્ષ થવા આવ્યા અને અહીંયા લાઈટ પણ આવતી નથી માટે રજૂઆત કરી છે કે ઝડપથી લાઈટના પ્રશ્નોનું નિરાકરણ આવે એવું કંઈ કરો.

# ચૈતરભાઈ વસાવાને તોડી પાડવા માટે ભાજપ સરકાર એડીચોટીનું જોર લગાવી રહી છે: પ્રવીણ રામ



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ તથા કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે એક વીડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે સમાચાર મળ્યા કે ધારાસભ્ય ચૈતર વસાવાના જામીન હાઈકોર્ટમાંથી નામંજૂર થયા. આના પરથી સાબિત થાય છે કે ચૈતરભાઈ વસાવાને તોડી પાડવા માટે, તેમના મનોબળને તોડવા માટે રાજ્યની ભાજપ સરકાર થાય એટલા પ્રયત્ન કરી રહી છે અને એડી ચોટીનું જોર લગાવી રહી છે. પરંતુ હું ભાજપને કહેવા માગું છું કે, આ એ ચૈતર વસાવા છે જે તમારી સામે લડવાનું પસંદ કરશે પણ ઝૂકવાનું પસંદ નહીં કરે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ સામે ઝૂકવાનું પસંદ કર્યું નહીં અને લડવાનું પસંદ કરીને તેમણે આજે સમગ્ર આદિવાસી સમાજનું ગૌરવ વધારવાનું કામ કર્યું છે અને આદિવાસી સમાજના ઈતિહાસનું પુનરાવર્તન કરવાનું કામ કર્યું છે. હું આદિવાસી સમાજને અપીલ કરું છું કે જે ચૈતર વસાવાએ તમારી અસ્મિતાને મજબૂત કરવાનું કામ કર્યું છે એ ચૈતર વસાવાના સપોર્ટ માટે તમે હવે તમે ગાંધીચિંધ્યા માર્ગે બહાર નીકળો અને પોતાની તાકાત બતાવો અને બતાવી દો કે ચૈતર વસાવા પાછળ કેટલા બધા લોકો છે. આવનાર દિવસોમાં સુપ્રીમ કોર્ટ સહિત બીજા જે પણ રસ્તા હશે એ રસ્તા પર આગળ વધીને ધારાસભ્ય ચૈતર વસાવાના જામીન માટેની કોશિશ અમે કરતા રહીશું અને અમને આશા છે કે ધારાસભ્ય ચૈતર વસાવાને જામીન મળશે.

## News Brief

### ગેરકાયદેસર હથિયાર દેશી જામગરી બંધુક લઈને નીકળનાર શખ્સને ૩ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારતી જાફરાબાદ કોર્ટે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અત્રે કેસની વિગત એવી છે કે, આશરે પાંચેક વર્ષે અગાઉ ફરીયાદી હરપાલસિંહ વિક્રમસિંહ ગોહીલ તથા પોલીસ સ્ટાફના માણસો એ.ટી. એસ. ની કામગીરી સબબ નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કામગીરીમાં હતા ત્યારે બાતમી રાહે હકીકત મળેલ કે છેલણા ગામની દિવ્યમ પબ્લીક સ્કુલ પાસે એક ઈસમ પોતાની પાસે ગેરકાયદેસર અગ્ની શસ્ત્ર રાખી ઉભો છે અને ગુનો કરવાની પેરવીમાં છે જેથી તાત્કાલીક તે સ્થળે જઈને આરોપી રમઝાનભાઈ બાઉદિનભાઈ સમા રહે. વિજપડી



વાળાને પકડી અને પાસ પરમીટ વગર ગેરકાયદેસર હથીયાર દેશી જામગરી બંધક લઈને ફરતા હોય તે અંગેનો ગુન્હો નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં નોધાયેલો. બાદમાં તપાસ કરનાર અધીકારી એ તપાસ કરીને આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલું અને કેસ શરૂ થતા બાદમાં ફરીયાદી, નજરે જોનાર સાહેદો, પંચો અને તપાસ કરનાર અધીકારીશ્રી ની જુબાનીઓ તથા વિવીધ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય જાફરાબાદના મહે. જ્યુડી. મેજી. પી. એમ. કામદાર સાહેબે સરકારી વકીલશ્રી દિવ્યેશ બી. ગાંધીની દલીલો અને પુરાવાઓનું મુલ્યાંકન કરીને એવુ તારણ કાઢેલ કે, સમાજમાં ગેરકાયદેસર હથિયાર ધારણ લઈને જાનહાનીને નુકશાન થાય એવા કિસ્સાઓ સમાજમાં બહુ વધી રહ્યા હોય ત્યારે જો આવા લોકોની છોડવામાં આવે તો અને સમાજ વ્યવસ્થા પડી ભાંગે તેમ હોય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની અસ્થીરતા જોવા મળે તેમ હોય અને તે બાબતે સમાજ પર દાખલો બેસાડવો જરૂરી હોય જેથી આરોપી રમઝાનભાઈ બાઉદિનભાઈ સમા રહે. વિજપડી વાળાને ૩ વર્ષની સખત કેદ તથા રૂા. ૫૦૦૦/- દંડનો હુકમ કરતા અસામાજીક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.ઉપરોક્ત કામે સરકાર પક્ષે સરકારી વકીલ શ્રી દિવ્યેશ બી. ગાંધી રોકાયલ હતા.

### રક્ષાબંધન પર AMCની મોટી ભેટ, મહિલાઓ અને બાળકો માટે ફ્રી મુસાફરીની જાહેરાત

અમદાવાદ: રક્ષાબંધન પર્વ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને મહિલાઓ અને બાળકો માટે AMTS બસોમાં નિશુલ્ક મુસાફરીની જાહેરાત કરી છે. તમને જણાવી દઈએ કે, ગત વર્ષે 71 હજારથી વધુ મહિલાઓ અને બાળકોએ લાભ લીધો હતો. રક્ષાબંધનના પવિત્ર પર્વને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને અમદાવાદ શહેરની બહેનો માટે અગત્યની અને ખુશીના સમાચાર આપતી જાહેરાત કરી છે. રક્ષાબંધન પર્વના દિવસે અમદાવાદ શહેરની મહિલાઓ તેમજ તેમની સાથેના બાળકો AMTSની બસોમાં શહેરના કોઈપણ સ્થળે જવા માટે સંપૂર્ણપણે નિશુલ્ક મુસાફરી કરી શકશે. આ જાહેરાત બાદ મહિલાઓમાં ખુશીનો માહોલ છવાયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી રક્ષાબંધન પર્વ પર અમદાવાદ શહેરની મહિલાઓને આ વિશેષ ભેટ આપવામાં આવે છે. પોતાના ભાઈઓને રાખડી બાંધવા જવા માટે મહિલાઓને વાહનવ્યવહારની સુગમતા રહે અને આર્થિક બોજ ન પડે તે હેતુથી મનપા દ્વારા આ નિર્ણાયક પગલું દર વર્ષે લેવામાં આવે છે. તમને જણાવી દઈએ કે, અમદાવાદ મનપાના આ સરાહનીય નિર્ણયને દર વર્ષે બહોળો પ્રતિસાદ સાંપડે છે. મળતી માહિતી મુજબ, ગત વર્ષે રક્ષાબંધનના દિવસે શહેરની 71000થી વધુ મહિલાઓ અને બાળકોએ AMTS ની નિશુલ્ક બસ સેવાનો લાભ ઉઠાવીને પોતાના ગંતવ્ય સ્થાન સુધી સરળતાથી મુસાફરી કરી હતી. આ વર્ષે પણ મોટી સંખ્યામાં મહિલાઓ આ સુવિધાનો લાભ લે તેવી શક્યતા છે.

### સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં 26% ઓછો વરસાદ : રાજ્યમાં સરેરાશ 4% વરસાદની ઘટ



હવામાન વિભાગે આગામી 7 દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં હાલ સાયક્લોનિક સર્ક્યુલેશન, લો પ્રેશર અને મોન્સૂન ટ્રફ સક્રિય છે. આ સિસ્ટમોના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. જોકે, આગામી દિવસોમાં ભારે વરસાદની શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. રાજ્યમાં દક્ષિણ-પશ્ચિમી પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે હળવાથી મધ્યમ વરસાદની સ્થિતિ બની રહેશે.

વરસાદની વાત કરીએ તો રાજ્યમાં સામાન્ય કરતાં 13 ટકા વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં 26 ટકા ઓછો વરસાદ નોંધાયો છે. સમગ્ર રાજ્યમાં સરેરાશ સામાન્ય કરતાં 4 ટકા વરસાદની ઘટ નોંધાઈ છે. અમદાવાદ શહેરમાં આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. શહેરમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વચ્ચે ભારે વરસાદથી હાલ રાહત રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

# AAP પ્રદેશ ઉપપ્રમુખ ડો. કાયનાત અંસારી આથાએ મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને પશ્ચિમ કચ્છના પોલીસ અધિક્ષકને આવેદનપત્ર પાઠવ્યું

અમદાવાદ | પશ્ચિમ કચ્છમાં દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ બંધ કરાવવા તેમજ દારૂબંધીના કાયદાની કડક અમલવારી કરવા માટે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ ડો. કાયનાત અંસારી આથાએ મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને પશ્ચિમ કચ્છના પોલીસ અધિક્ષકને આવેદનપત્ર પાઠવ્યું છે. વેદનપત્રમાં જણાવ્યુ છે કે, તાજેતરમાં ભાવનગર ખાતે દારૂ પીવાથી આશરે 12થી વધુ લોકોના મૃત્યુ નિપજ્યા છે તથા અનેક લોકો સારવાર હેઠળ છે. સમગ્ર ગુજરાતમાં દારૂબંધીના કાયદાની કડક અમલવારી કરવા સરકાર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા હતા. તેમજ



કચ્છમાં પણ આ પ્રકારના બનાવો બનતા રહે છે. પશ્ચિમ કચ્છમાં દેશી અને વિદેશી દારૂ વેચાતો હોવાની અનેક ફરિયાદો મળી રહી છે, ત્યારે દારૂબંધીના કાયદાની કડક અમલવારી કરી દારૂના અડ્ડાઓ બંધ કરાવવા અને બુટલેગરો તથા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં વધુમાં જણાવ્યુ છે કે, કચ્છમાં દેશી અને વિદેશી દારૂના અનેક ઠેકાણાઓ સરેઆમ ધમધમી રહ્યા છે અને તેના વીડિયો તથા ફોટા અવારનવાર બહાર આવતા હોય છે. કચ્છમાં દારૂની લતથી અનેક પરિવારો પાયમાલ થઈ રહ્યા છે તથા આજની યુવા પેઢી નશામાં બરબાદ થઈ રહી છે. તેથી કચ્છમાં વેચાતા દારૂની તાત્કાલિક ધોરણે તપાસ કરી પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ દારૂ વેચાતા સેન્ટરો બંધ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યુ છે કે, આગામી 10 દિવસમાં પશ્ચિમ કચ્છમાં સરેઆમ વેચાતા દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ પર અસરકારક કાર્યવાહી કરવામાં નહીં આવે તો જનતાની સાથે મળી આમ આદમી પાર્ટી દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# અમદાવાદ-મંગલુરુ સાપ્તાહિક વિશેષ ટ્રેનનો પાલઘર સ્ટેશન પર અતિરિક્ત હોલ્ટ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર 09424/09423 અમદાવાદ-મંગલુરુ-અમદાવાદ સાપ્તાહિક વિશેષ ટ્રેનને પાલઘર (PLG) સ્ટેશન પર અતિરિક્ત હોલ્ટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અતિરિક્ત હોલ્ટ ટ્રેન નંબર 09424 અમદાવાદ-મંગલુરુ માટે 28 ઓગસ્ટ 2026થી તેમજ ટ્રેન નંબર 09423 મંગલુરુ-અમદાવાદ માટે 29 ઓગસ્ટ 2026થી અમલમાં આવશે.v ટ્રેન નંબર 09424 અમદાવાદ-મંગલુરુ વિશેષ ટ્રેન પાલઘર સ્ટેશન પર 22:02 કલાકે પહોંચશે અને 22:04 કલાકે પ્રસ્થાન કરશે.v તેવી જ રીતે, ટ્રેન નંબર 09423 મંગલુરુ-અમદાવાદ વિશેષ ટ્રેન પાલઘર સ્ટેશન પર 19:10 કલાકે પહોંચશે અને 19:12 કલાકે પ્રસ્થાન કરશે.ટ્રેનોના હોલ્ટ, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની સમાજ દ્વારા સરસ્વતિ સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું ૨૦ મી સપ્ટેમ્બરે ભવ્ય આયોજન

મહેશ એલ. સોની નખત્રાણા | શ્રી મારૂ કંસારા સોની સમાજ નખત્રાણા પ્રેરિત યુવક મંડળ સંચાલિત સરસ્વતિ સન્માન તથા મહિલા મંડળ સંચાલિત સાંસ્કૃતિક કાર્યક્રમ વર્ષ 2026 નું આયોજન તારીખ 20/09/2026 ને રવિવારના રોજ બપોર પછી કરવામાં આવ્યું છે.આ અંગે માહિતી આપતા યુવક મંડળ પ્રમુખ રાજન બુદ્ધભટ્ટી તેમજ મંત્રી વરુણભાઈ બારમેડાએ જણાવ્યું હતું કે માત્ર નખત્રાણા સમાજના લાણેદાર સદસ્યોના બાળકો પૂરતો જ મર્યાદિત રાખવામાં આવ્યો છે સાથે આ કાર્યક્રમ માત્ર શૈક્ષણિક સન્માન માટે યોજાશે. શૈક્ષણિક લાયકાતમાં LKG ,UKG , ધોરણ 1 થી કોલેજ અને ગ્રેજ્યુએશન વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ પાછળ પોતાનું આખું નામ, ધોરણ, સરનામું અને મોબાઈલ નંબર તારીખ 24/08/2026 થી તારીખ 31/08/2026 સુધી હરીઓમ વોચ - પૂજનભાઈ કટ્ટા (મો. 9696969840) અને મેસર્સ સોની સુરેશભાઈ બેચરલાલ - ભૌતિકભાઈ બગ્ગા (મો. 9662266269) ખાતે જમા કરાવવા જણાવવામાં આવ્યું છે.

# ખાંડના ભાવ વધતા હવે ચાની ચુસકી મોંઘી પડશે કટિંગ ચાના ભાવમાં રૂ.5ના વધારાની તૈયારી...

રાજકોટ | દૂધ, ગેસ અને હવે ખાંડના ભાવમાં થયેલા તોતિંગ વધારાના કારણે ચાની ચુસકી મોંઘી થવાની તૈયારી છે. ખાંડના ભાવમાં એક મહિનામાં જ 20 થી 25 રૂપિયાનો વધારો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના શહેરોમાં કટિંગ ચાના ભાવમાં રૂ. 2 થી 5ના વધારાની તૈયારી કરવામાં આવી છે.અમદાવાદમાં ચાની કીટલી ચલાવતા ચાની દુકાન ચલાવનાર ગુલાબસિંહે જણાવ્યું કે,ખાંડના ભાવમાં પ્રતિ કિલોએ 25 રૂપિયાનો વધારો થતા 70 થયો છે. જેના કારણે અમે હાલ જે 15 રૂપિયાની અડધી ચા વેચીએ છીએ તે પોસાય તેમ નથી. અડધી ચાના રૂપિયા 18 થી 20 કરવા પડશે. અન્ય ટી સ્ટોલના સંચાલકે કહ્યું કે, પહેલા 50 કિલો ખાંડની બોરી 2200 રૂપિયાની આવતી. જે હવે 3650 રૂપિયાની મળી રહી છે. ખાંડ ઉપરાંત માણસોના પગાર, ગેસ, ભાડામાં વધારો થયો છે. રાજકોટ ટી એસોસિએશનના પ્રમુખ રાજુ ઠુંગાએ જણાવ્યું કે, 1 સપ્ટેમ્બરથી ચાના ભાવમાં વધારો કરવાની વિચારણા છે. છેલ્લા કેટલાક દિવસો દરમિયાન ઈંધણ, દૂધ અને હવે

**ખાંડના ભાવમાં એક મહિનામાં જ 25 રૂપિયાનો વધારો**

ખાંડના ભાવમાં વધારો થયો છે જેથી રાજકોટમાં હાલ અડધી ચાના 13 છે તે વધારીને 15 અને આખીના 25 છે તે વધારીને 30 કરવાની વિચારણા ચાલી રહી છે. સુરતના અજાડણ પાટીયા વિસ્તારમાં ટી સ્ટોલ ધરાવતા મોનિલભાઈએ જણાવ્યું કે, ખાંડના ભાવ 40 રૂપિયા હતા તે સીધા જ વધીને 70 થઈ ગયા છે. જેના કારણે અમારા ધંધા પર અસર પડશે. ખાંડની સાથે દૂધના ભાવ પણ વધ્યા હોવાના કારણે અડધી ચાના રૂપિયા 10 થી વધારી 15 કરવા જોઈએ. વડોદરામાં ટી સ્ટોલના સંચાલકે ઈમરાનભાઈએ જણાવ્યું કે, ખાંડના ભાવમાં વધારો થતા ચા બનાવવાના ખર્ચમાં વધારો થયો છે. અમે હાલ તો ચાના ભાવમાં વધારો કર્યો નથી પણ અન્ય વેપારીઓ સાથે ચર્ચા કરી પછી વધારો કરીશું.

## રેલવે ફાટક સંખ્યા 11 બી તારીખ 25 ઓગસ્ટથી 5 સપ્ટેમ્બર સુધી બંધ રહેશે

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ આંબલી રોડ-ચાંદલોડિયા રેલખંડ પર રેલવે કિલોમીટર 511/02-04 પર આવેલ રેલવે ફાટક સંખ્યા 11 બી ને જરૂરી સમારકામ અને ઓવરહૉલિંગ કામને લીધે નિશ્ચિત સમયગાળામાં રોડ વાહનવ્યવહાર માટે બંધ રાખવામાં આવશે.રેલવે ફાટક સંખ્યા 11 બી તારીખ 25 ઓગસ્ટ 2026 ના રોજ સવારે 08:00 કલાકથી 5 સપ્ટેમ્બર 2026 ના રોજ સાંજે 20:00 કલાક સુધી, કુલ 12 દિવસો માટે બંધ રહેશે. આ દરમિયાન માર્ગ વાહનવ્યવહારની સુરક્ષાને ધ્યાનમાં રાખતાં ઉપરોક્ત માર્ગ પર અવરજવરને વૈકલ્પિક માર્ગોથી ડાયવર્ટ કરવામાં આવશે.આ સમયગાળા દરમિયાન માર્ગ વાહનવ્યવહારને સોલા બ્રિજ, શીલજ બ્રિજ અને સિમ્સ બ્રિજ મારફતે ડાયવર્ટ કરવામાં આવશે.પશ્ચિમ રેલવે દ્વારા સામાન્ય જનતાને જણાવવામાં આવે છે કે તેઓ નિશ્ચિત સમયગાળામાં રેલવે ફાટક સંખ્યા 11 બી ની બંધ રહેવાની સૂચનાને ધ્યાનમાં રાખીને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે તથા વાહનવ્યવહાર વ્યવસ્થા જાળવી રાખવામાં સહયોગ આપે, જેથી કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.

# E20ની માર, ખાંડ થઈ બેકાર: AAPએ ચપટી ખાંડ આપી વધતા ભાવ સામે નોંધાવ્યો અનોખો વિરોધ

અમદાવાદ | આમ આદમી પાર્ટીએ આજે ખાંડના વધતા ભાવ મુદ્દે વ્યંગાત્મક રીતે રાજ્યના અલગ અલગ વિસ્તારોના માર્કેટમાં જઈને કાર્યક્રમ કર્યો હતો. સુરતની કરંજ, પશ્ચિમ અને વરાછા વિધાનસભા સહિત જસદણ, સુરેન્દ્રનગર, અંજાર, સંતરામપુર, જેતપુર અને ભુજમાં ખાતે આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ લોકોને ચપટી ખાંડ આપીને અનોખી રીતે ખાંડના વધતા ભાવ સામે પોતાનો વિરોધ નોંધાયો હતો. "E20ની માર, ખાંડ થઈ બેકાર" જેવા પોસ્ટરો પણ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા બતાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ આમ આદમી પાર્ટી દ્વારા એટલા માટે યોજવામાં આવ્યો હતો કારણકે E20 પેટ્રોલ માટે શેરડીના વધતા ઉપયોગને કારણે ખાંડની ઉપલબ્ધતા અને તેના ભાવ પર નકારાત્મક અસર પડી રહી છે. તો આ મુદ્દો સામાન્ય લોકો સમક્ષ



ઉઠાવવામાં આવ્યો છે. આ વિષયને ગંભીર ભાષણના બદલે હળવા-ફુલકા અને વ્યંગાત્મક અંદાજમાં લોકો સુધી પહોંચાડવાનો આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન પાર્ટીના કાર્યકરોએ પોતાની સાથે ખાંડ લઈ લઈને ફર્યા, લોકોને એક ચપટી ખાંડ આપીને વધતા ભાવો પર વ્યંગ કર્યો હતો. અભિયાનનો ઉદ્દેશ્ય એ હતો કે, E20 પેટ્રોલ માટે શેરડીના વધુ પડતા વપરાશને કારણે ખાંડના પુરવઠા પર ખરાબ અસર પડી રહી છે જેના કારણે ખાંડનો ભાવ ખૂબ જ વધી રહ્યો છે જેથી સામાન્ય માણસનું બજેટ ખોરવાઈ રહ્યું છે. આમ આદમી પાર્ટીના નેતાઓ તથા કાર્યકર્તાઓએ લોકોને એક ચપટી ખાંડ આપીને વ્યંગ કરતા કહ્યું કે "ખાંડ એટલી મોંઘી થઈ ગઈ છે, એટલે હવે આટલી જ મળશે", તો ક્યાંક કાર્યકર્તાઓએ વ્યંગ કર્યો કે "શેરડી તો બધી E20 પેટ્રોલ બનાવવામાં જઈ રહી છે, એટલે લાગે છે હવે ખાંડ પેટ્રોલ પંપ પર મળશે." અને બીજી જગ્યાએ કાર્યકર્તાઓએ લોકોને કહ્યું કે "પેટ્રોલમાં મીઠાશ વધારવા માટે શેરડી જઈ રહી છે, પરંતુ ઘરની ચા ફિક્કી થઈ રહી છે." "ખાંડ એટલી મોંઘી થઈ ગઈ છે કે હવે ચામાં ખાંડ નહીં, ખાંડનો ફોટો નાખવો પડશે."

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ભાગળથી વરાછા સુધી દરોડા, સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોકલાયા

# સુરતમાં માવા વિક્રેતાઓને ત્યાં પાલિકાના દરોડા

(એજન્સી) સુરત | તા. 24

આગામી પવિત્ર રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા બજારમાં વેચાતા માવાની ગુણવત્તા અને ખાદ્ય સુરક્ષા ચકાસવા માટે શહેરવ્યાપી સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વરાછા વિસ્તારમાં બનેલી ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટના બાદ સફાળા જાપેલા પાલિકા તંત્રએ ભેળસેળયુક્ત અથવા અખાદ્ય માવાના વેચાણને ડામવા માટે ભાગળ, રાંદેર, વરાછા, ઉન અને કતારગામ સહિતના બાર જેટલા મુખ્ય વિસ્તારોમાં એકસાથે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

માવા અને તેમાંથી બનતી વિવિધ મીઠાઈઓની માંગમાં અણધાર્યો વધારો થતો હોય છે, જેનો લાભ લઈને કેટલાક અસામાજિક તત્વો દ્વારા ભેળસેળયુક્ત કે લાંબા સમયથી સંગ્રહ કરાયેલા બિનઆરોગ્યપ્રદ માવાનું વેચાણ કરવામાં આવતું હોવાની આશંકા રહે છે. આ બાબતને ગંભીરતાથી લઈને આરોગ્ય વિભાગની બાર વિશેષ ટીમોએ સોમવારની સવારથી જ શહેરના વિવિધ માવા વિક્રેતાઓની દુકાનો અને એકમો પર અચાનક દરોડા પાડ્યા હતા. આ તપાસ દરમિયાન અધિકારીઓએ માવાની ગુણવત્તા, તેના સંગ્રહ કરવાની પદ્ધતિઓ તેમજ સ્વચ્છતાના ધોરણોની ઝીણવટભરી ચકાસણી કરી હતી.



સોમવારે બપોર સુધીમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા વિવિધ વિસ્તારોમાંથી કુલ પંદર જેટલા શંકાસ્પદ માવાના સેમ્પલ એકત્રિત કરવામાં આવ્યા હતા. આ તમામ સેમ્પલોને તાત્કાલિક ધોરણે પૃથ્થકરણ માટે સરકારી તેમજ માન્ય લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે, જેના રિપોર્ટની હવે રાહ જોવામાં આવી રહી છે. તંત્ર દ્વારા તમામ વેપારીઓને કડક સૂચના આપવામાં આવી છે કે ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં થાય તેવું કોઈપણ પ્રકારનું કૃત્ય ચલાવી લેવામાં આવશે નહીં અને જો લેબોરેટરી રિપોર્ટમાં ભેળસેળ કે નિયમોનો ભંગ સાબિત થશે તો સંબંધિત દોષિત વેપારીઓ સામે કાયદાકીય કડક કાર્યવાહી કરવામાં આવશે.

આગામી દિવસોમાં પણ તહેવારોના માહોલને જોતાં માવા અને મીઠાઈના વેચાણકારો પર પાલિકાની બાજ નજર રહેશે અને જરૂર જણાશે તો સેમ્પલિંગની આ પ્રક્રિયા વધુ વ્યાપક બનાવવામાં આવશે. નાગરિકોના સ્વાસ્થ્યની રક્ષા માટે તંત્ર દ્વારા લેવાયેલું આ પગલું અત્યંત આવશ્યક સાબિત થઈ રહ્યું છે. આ સેમ્પલોને લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા છે અને હવે તેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. સોમવારે બપોર સુધીમાં ભાગળ, રાંદેર, ઉન, કતારગામ, વરાછા સહિતના વિસ્તારોમાંથી કુલ 15 સેમ્પલ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આરોગ્ય વિભાગે માવાના વેપારીઓને ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન કરવા અને ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તેની તકેદારી રાખવા માટે પણ સૂચના આપી છે. હાલમાં લેવામાં આવેલા 15 સેમ્પલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. લેબોરેટરી રિપોર્ટમાં માવામાં ભેળસેળ, ગુણવત્તામાં ખામી અથવા ખાદ્ય સુરક્ષાના નિયમોનો ભંગ સામે આવશે તો સંબંધિત વેપારી કે એકમ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

## એમએસયુ સંશોધકોને હેકેથોનમાં સિલ્વર મેડલ, હેકેથોનમાં સિલ્વર મેડલ મળ્યો



વડોદરા | મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટીના ટેક્સટાઈલ કેમેસ્ટ્રી વિભાગના યુવા સંશોધકોએ પોતાની અદભુત પ્રતિભાના બળે સમગ્ર રાજ્યનું નામ રોશન કર્યું છે. વડોદરાની આ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીના સંશોધકો દ્વારા નાળિયેરની છાલ અને હેન્ડલૂમ વેસ્ટનો ઉપયોગ કરીને અત્યંત આધુનિક અને ઈકો ફ્રેન્ડલી થર્મલ ઈન્સ્યુલેટેડ બોટલ કવર તેમજ બેગ તૈયાર કરવામાં આવી છે. આ નવતર અને પર્યાવરણને અનુકૂળ શોધને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, દિલ્હી તથા ભારત સરકારના ટેક્સટાઈલ મંત્રાલય દ્વારા સંયુક્તપણે યોજવામાં આવેલી રાષ્ટ્રીય હેન્ડલૂમ હેકેથોનમાં પ્રતિષ્ઠિત સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, આ મહત્વપૂર્ણ સંશોધન ટેક્સટાઈલ કેમેસ્ટ્રી વિભાગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ નિકિતા સોનૈયા, છબીશ્રી મહેર અને શુભમ મહેર દ્વારા વિભાગના કુશળ અધ્યાપકો ડૉ. કેવલ ઉમરીગર, રિદ્ધિ પંચાલ અને અંકિતા ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું છે.

## વિઝાના નામે વિદ્યાર્થીની પાસેથી રૂ.23 લાખ પડાવ્યા, ફ્લાઈટ તાલીમ વિઝાના નામે છેતરપિંડી

(એજન્સી) વડોદરા | તા. 24

અમેરિકા ખાતે ફ્લાઈટ તાલીમ મેળવવા માટેના વિઝા અપાવવાના બહાને એક યુવા વિદ્યાર્થીની સાથે લાખો રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી હોવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદની ચોવીસ વર્ષીય યુવતીને અમેરિકા મોકલવાના સ્વપ્ન બતાવીને વિવિધ પ્રક્રિયાઓ અને ફીના નામે કુલ ત્રેવીસ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા, અને ત્યારબાદ બોગસ વિઝા આપીને તેને મુંબઈ, ચેન્નઈ તથા સિંગાપોર જેવા અલગ-અલગ સ્થળોએ ધરમધક્કા ખવડાવી પરત મોકલી દેવામાં આવી હતી. આ મામલે પીડિત યુવતીની ફરિયાદના આધારે નવાપુરા પોલીસે ચાર ઈસમો સામે ગુનો નોંધીને કાયદેસરની તપાસ શરૂ કરી દીધી છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદના કાંકરિયા વિસ્તારમાં રહેતી અમીશા રૂપાણી નામના અવિવાહિત યુવતી વધુ અભ્યાસ માટે અમેરિકા જવા ઈચ્છતી હતી અને તેણે મણિનગર ખાતે ઓફિસ ધરાવતી પ્રેમલત્તાબેનનો સંપર્ક કર્યો હતો. યુવતીએ સ્ટુડન્ટ વિઝા અંગે વાત કરતાં પ્રેમલત્તાબેને સ્ટુડન્ટ વિઝામાં મુશ્કેલી હોવાનું જણાવી ફ્લાઈટ તાલીમ માટે અરજી કરવાથી સરળતાથી વિઝા મળી જશે તેવી ખાતરી આપી હતી. ત્યારબાદ આ મામલે રિદ્ધિ ઉદય જોશીનો સંપર્ક કરાવાયો હતો, જેમણે ફ્લાઈટ તાલીમ વિઝા માટે આશરે પચ્ચીસ લાખ રૂપિયાનો ખર્ચ થશે તેમ કહીને એડવાન્સ પેમેન્ટ, વિઝા પ્રોસેસિંગ ફી અને આઇ-ટ્વન્ટી ફોર્મની ફીના નામે તબક્કાવાર નાણાં પડાવ્યા હતા.

આરોપીઓ દ્વારા રાજમહેલ રોડ પર કુંજ પ્લાઝા ખાતે એસ.જી. એવિએશન ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ નામની ઓફિસ ચલાવવામાં આવતી હતી. ઓક્ટોબર મહિના દરમિયાન આરોપીઓના કહેવાથી યુવતી મુંબઈ ગઈ હતી જ્યાં વિશાલ ગાંધીને પાસપોર્ટ અને જરૂરી દસ્તાવેજો સુપરત કર્યા હતા. ત્યારબાદ વિઝા આવી ગયા હોવાનું જણાવીને પાસપોર્ટ મેળવવાના બદલામાં વડોદરા ખાતેની ઓફિસમાં રોકડા દસ લાખ રૂપિયા પણ કઢાવી લેવાયા હતા.

## રંગીલા સ્વભાવના વૃદ્ધે યુવતી પાછળ તલવાર તાણી, સંબંધો અંગે ઝઘડો થતા વિવાદ

(એજન્સી) વડોદરા | તા. 24

વડોદરા જિલ્લાના એક ગ્રામ્ય વિસ્તારમાંથી માનવતાને શર્મસાર કરતી અને દિલધ્રુજાવી દે તેવી એક અનોખી ઘટના પ્રકાશમાં આવી છે. અહીંના એક ફાર્મ હાઉસમાં બે વર્ષથી કેરટેકર તરીકે ફરજ બજાવતી યુવતી સાથે શારીરિક સંબંધો ધરાવતા તસવીરસુમાર સેટિંગવાળા છઠ્ઠી વટાવી ચૂકેલા એક સઈસઠ વર્ષીય વૃદ્ધે અન્ય યુવતીઓ સાથેના સંબંધોની ખુલાસો થતા મોટો હોબાળો મચાવ્યો હતો. દારૂના નશામાં ચૂર થઈ ગયેલા આ વૃદ્ધે યુવતી પાછળ જીવલેણ હથિયાર એટલે કે તલવાર લઈને દોડાદોડ કરી મૂકતા ભયનો માહોલ છવાઈ ગયો હતો. જંગલ વિસ્તારની આ ઘટનામાં ભયભીત બનેલી યુવતીએ આખી રાત અંધારામાં સંતાઈને માંડ પોતાનો જીવ બચાવ્યો હતો.

વડોદરા જિલ્લાના આ ગામમાં રહેતી બાવીસ વર્ષીય યુવતી છેલ્લા બે વર્ષથી આ વૃદ્ધના ફાર્મ હાઉસ પર કેરટેકર તરીકે કામ કરતી હતી અને તેની સાથે પ્રેમસંબંધ પણ ધરાવતી હતી. તાજેતરમાં જ્યારે યુવતી પોતાના ઘેર રજા પર ગઈ હતી, ત્યારે તે સમયનો લાભ લઈને રંગીલા સ્વભાવના આ વૃદ્ધે અન્ય યુવતીઓને પોતાના ઘેર બોલાવીને મોટી રકમ આપી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. જ્યારે યુવતી પોતાના કામ પર પરત ફરી ત્યારે તેને વૃદ્ધના આ અન્ય યુવતીઓ સાથેના અનૈતિક સંબંધો અંગે જાણ થતાં બંને વચ્ચે અવારનવાર તીક્ષ્ણ ઝઘડા થવા લાગ્યા હતા. આ વિવાદ વધુ વણસતા તે રાત્રે દારૂના નશામાં ધૂત બનેલા વૃદ્ધે યુવતીને ફાર્મ હાઉસ પર લઈ જઈને ફરીથી મોટો ઝઘડો કર્યો હતો અને આવેશમાં આવીને યુવતીનું પર્સ છીનવી લઈ તેની પાછળ તલવાર લઈને મારવા માટે દોડ્યા હતા. આસપાસનો વિસ્તાર જંગલ જેવો નિર્જન અને અંધકારમય હોવાને કારણે ડરેલી-સહમેલી યુવતીએ પોતાનો જીવ બચાવવા માટે ઘરની બારીનો સહારો લઈને છત પર ચડીને સંતાઈ જવું પડ્યું હતું. આ ભયાનક સ્થિતિ વચ્ચે યુવતીએ તાત્કાલિક હેલ્પલાઇન દ્વારા પોલીસ અને અભયમ ટીમનો સંપર્ક કર્યો હતો, જેણે ત્વરિત કાર્યવાહી કરીને સ્થળ પર પહોંચીને ડરેલી યુવતીનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું.

## જર્મન સિલ્વરની એન્ટિક ખુરશી સિક્યુરિટી જવાને વેચી, સિક્યુરિટી જવાને બારોબાર વેચી દીધી

(એજન્સી) વડોદરા | તા. 24

વડોદરા શહેરમાં ઈન્દુલાલ યાજ્ઞિક ટ્રસ્ટની અંદાજે એક લાખ રૂપિયાની કિંમત ધરાવતી જર્મન સિલ્વરની મૂલ્યવાન એન્ટિક ખુરશી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ જવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કીર્તિમંદિર ખાતે યોજાયેલા એક કાર્યક્રમ બાદ સામાન મૂકવા ગયેલી આ એન્ટિક ખુરશી ટ્રસ્ટના ભરોસાને તોડીને ત્યાં તૈનાત સિક્યુરિટી જવાન દ્વારા જ બારોબાર વેચી દેવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. આ મામલે ટ્રસ્ટના અગ્રણી દ્વારા હરણી પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કારેલીબાગ બાલભવનની બાજુમાં શીલ રેસિડેન્સીમાં રહેતા અને છાણી સ્થિત ઈન્દુલાલ યાજ્ઞિક ટ્રસ્ટમાં સમાજસેવા સાથે જોડાયેલા અરવિંદભાઈ મોરારભાઈ પંડ્યાએ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી છે કે ગત બારમી એપ્રિલ બે હજાર છવ્વીસના રોજ તેમના ટ્રસ્ટ દ્વારા કીર્તિમંદિર ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે ટ્રસ્ટ દ્વારા વર્ષ બે હજાર ઓગસ્ટમાં નવાબજારની એક દુકાનમાંથી રૂપિયા એક લાખ ખર્ચીને ખરીદવામાં આવેલી જર્મન સિલ્વરની આકર્ષક એન્ટિક ખુરશી ખાસ લાવવામાં આવી હતી.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ટ્રસ્ટનો તમામ સામાન અભય આર્કોન ફ્લેટ ખાતે મૂકવાનો હોવાથી સામાન ત્યાં લઈ જવામાં આવ્યો હતો. ખુરશી સહિતનો અન્ય તમામ સામાન નીચે સુરક્ષિત જગ્યાએ મૂકીને સિક્યુરિટી જવાનનું ખાસ ધ્યાન દોરીને ટ્રસ્ટના પદાધિકારીઓ પોતાના ઘરે રવાના થયા હતા. જો કે, બે દિવસ પછી જ્યારે અરવિંદભાઈ મજૂરોને સાથે લઈને ખુરશી અને અન્ય સામાન લેવા માટે પાછા પહોંચ્યા ત્યારે ત્યાંથી જર્મન સિલ્વરની કિંમતી ખુરશી ગાયબ માલૂમ પડી હતી. આ અંગે તપાસ કરતા સ્થળ પર હાજર સિક્યુરિટી જવાન મનોજ ખાતુભાઈ વણકર (રહે. આશીર્વાદ ફ્લેટ, સમા) દ્વારા આ એન્ટિક ખુરશી વેચી દીધી હોવાની કબૂલાત કરવામાં આવી હતી.

## વડોદરામાં સ્કૂટરમાંથી કોબ્રાનું સફળ રેસ્ક્યુ, વન વિભાગ દ્વારા સફળ રેસ્ક્યુ



વડોદરા | વડોદરા શહેરમાં વાહનોની અંદર ઝેરી સરીસૃપોના છુપાઈ જવાના અને ત્યારબાદ તેના રેસ્ક્યુ કરવાના બનાવો અવારનવાર સામે આવતા રહે છે, ત્યારે તાજેતરમાં શહેરના બિલ રોડ વિસ્તારમાં એક આશ્ચર્યજનક ઘટના બની હતી. અહીં પાર્ક કરવામાં આવેલા એક સ્કૂટરના મીટર પાસે અચાનક અત્યંત ઝેરી કોબ્રા સાપ ઘૂસી ગયો હોવાનું ધ્યાનમાં આવતા રાહદારીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. સ્થાનિક લોકોની સમયસૂચકતા અને સતર્કતાને કારણે તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી, જેણે સમયસર કાર્યવાહી કરીને સ્કૂટરના વિવિધ પાર્ટ્સ ખોલીને આ ખતરનાક કોબ્રાનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. બિલ રોડ પર રસ્તાની બાજુમાં સામાન્ય રીતે પાર્ક કરાયેલા એક સ્કૂટરના આગળના ભાગમાં મીટરની નજીક અચાનક એક ઝેરી કોબ્રા નજરે પડ્યો હતો. આસપાસથી પસાર થતા રાહદારીઓની નજર સાપ પર પડતા જ ત્યાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક વન વિભાગની રેસ્ક્યુ ટીમને ફોન કરીને સ્થળ પર બોલાવવામાં આવી હતી.

### હવે ગલી પર પણ ધ્યાન આપવાની જરૂર

# સુરત પાલિકાએ હટાવ્યું એન્ડ્રુઝ લાઈબ્રેરી સ્ટ્રક્ચર



(એજન્સી) સુરત | તા. 24

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તાર અંતર્ગત આવતા ચોક બજાર ખાતે મેટ્રોની ચાલી રહેલી મહત્વપૂર્ણ કામગીરીને કારણે લાંબા સમયથી ટ્રાફિકની ગંભીર સમસ્યાનો સામનો કરી રહેલા વાહનચાલકો માટે રાહતરૂપ સમાચાર સામે આવ્યા છે. અહીં એન્ડ્રુઝ લાઈબ્રેરીની આસપાસ ટ્રાફિક માટે ભારે નડતરરૂપ બનેલું એક મોટું સ્ટ્રક્ચર પાલિકા તંત્ર દ્વારા સફળતાપૂર્વક દૂર કરી દેવામાં આવ્યું છે. આ કાર્યવાહીના પરિણામે પીક અવર્સ દરમિયાન અવારનવાર સર્જાતી ટ્રાફિક જામની સમસ્યામાં આંશિક રાહત મળવાની પૂરી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

મેટ્રો રેલ પ્રોજેક્ટના કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી આ સમગ્ર વિસ્તારમાં અવરજવર ભારે મુશ્કેલ બની ગઈ હતી. સ્થાનિક લોકો અને વાહનચાલકો દ્વારા રસ્તા પરના દબાણો તેમજ નડતરરૂપ બાંધકામો હટાવવા માટે સતત માંગણી કરવામાં આવી રહી હતી, જેને ધ્યાનમાં લઈને સેન્ટ્રલ ઝોનના વહીવટી તંત્ર દ્વારા આજે સવારથી જ સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. એન્ડ્રુઝ લાઈબ્રેરી પાસે નડતરરૂપ સ્ટ્રક્ચર હટાવ્યા બાદ હવે આગામી એક-બે દિવસમાં આ જગ્યાએ રોડનું લેવલિંગ કરીને નવો રસ્તો ખુલ્લો મૂકવાની તજવીજ હાથ ધરાશે, જેનાથી નજીકમાં આવેલી ક્રાઈમ બ્રાન્ચના મુલાકાતીઓ અને અધિકારીઓના વાહનોના પાર્કિંગની સમસ્યા પણ હળવી થશે.

મુખ્ય માર્ગ પર ટ્રાફિક હળવો કરવાના આ પ્રયાસો વચ્ચે બીજી તરફ પાલિકા કચેરી તરફ દોરી જતી સોપારી ગલીની સ્થિતિ અત્યંત ચિંતાજનક બની રહી છે. આ ગલી મુખ્યત્વે ટૂ-વ્હીલર વાહનો માટે ખૂબ જ ઉપયોગી અને સમય બચાવતો ટૂંકો રસ્તો માનવામાં આવે છે, પરંતુ સાંજના સમયે આ ગલીમાં બેફામપણે ઊભી રહેતી લારીઓ અને નિયમોને નેવે મૂકીને ગલીમાં ઘૂસી જતા માથાભારે રિક્ષાચાલકોના કારણે ગલી વધુ સાંકડી થઈ જાય છે. પરિણામે વાહનો સામસામે આવી જતા ટ્રાફિક સંપૂર્ણપણે ઠપ થઈ જાય છે અને દૈનિક અવરજવર કરતા વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડે છે.

મુખ્ય માર્ગો પરના દબાણો અને સ્ટ્રક્ચર્સ હટાવવાની સાથેસાથે જો તંત્ર દ્વારા આંતરિક ગલીઓમાં પણ ખાસ કરીને સોપારી ગલી જેવા મહત્વના માર્ગો પર પોલીસ અને પાલિકાની સંયુક્ત ઝુંબેશ ચલાવવામાં આવે તો જ નાગરિકોને ટ્રાફિકની આ કાયમી સમસ્યામાંથી સાચી મુક્તિ મળી શકે તેમ છે.

સાંજના પીક અવર્સમાં તો ગલીમાં વાહનોની અવરજવર અટકી જતી હોવાની ફરિયાદો સામે આવી રહી છે. આંગળીમાં રિક્ષાઓ નિયમોનો ભંગ કરીને ગલીમાં પ્રવેશતી હોવા છતાં પાલિકા અને પોલીસ દ્વારા નિયમિત કાર્યવાહી કરવામાં આવતી નથી.

### કાપડ કંપનીમાં ભીષણ આગ લાગી, ધુમાડાના ગોટેગોટાથી અફરાતફરી

# માંડવીના તડકેશ્વરમાં કાપડ કંપનીમાં ભીષણ આગ

(એજન્સી) સુરત | તા. 24

સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામ નજીક આવેલી એક કાપડની ફેક્ટરીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. તડકેશ્વર ગામ પાસે આવેલી 'N.U. Citizen' નામની છત્રીનું કાપડ બનાવતી આ ફેક્ટરીમાં અચાનક આગ લાગવાને કારણે અંદર રહેલો જ્વલનશીલ કાપડનો જથ્થો આગની લપેટમાં આવી ગયો હતો, જેના પરિણામે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આકાશમાં દૂર-દૂર સુધી કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા ઉડતા નજરે પડ્યા હતા.



ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તડકેશ્વર પોલીસ કાફલો તેમજ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફેક્ટરીમાં કાપડનો મોટો જથ્થો હોવાને કારણે આગ પર કાબૂ મેળવવો ખૂબ જ મુશ્કેલ બન્યો હતો, તેમ છતાં ફાયર ફાઈટરના જવાનોએ સતત પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આખરે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં મોટી સફળતા મેળવી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ પણ પ્રકારની જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, જેના કારણે તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

પ્રાથમિક માહિતી મુજબ, આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ છે અને તે તપાસનો વિષય બન્યો છે. ફેક્ટરીમાં શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ ટેકનિકલ ખામીના કારણે આગ લાગી હોવાની પ્રાથમિક આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસ અને ફાયર વિભાગ દ્વારા સંયુક્ત રીતે આગ લાગવા પાછળના સાચા કારણોની સઘન તપાસ શરૂ કરવામાં આવી છે તેમજ આગને કારણે મિલકત અને કાપડના જથ્થાને કેટલું નુકસાન થયું છે તેનું આકલન કરવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે.

આ પ્રકારના ઔદ્યોગિક એકમોમાં અવારનવાર બનતી આગની દુર્ઘટનાઓને રોકવા માટે અગ્નિશામક સાધનોની પૂરતી વ્યવસ્થા અને સલામતીના કડક નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. પ્રશાસન દ્વારા ઔદ્યોગિક વિસ્તારોમાં સુરક્ષા માપદંડોની ચકાસણી વધુ સઘન બનાવવાની દિશામાં વિચારણા કરવામાં આવી રહી છે.

### અધિકારીનું નામ અને નંબર દર્શાવવો પડશે

## સુરતમાં રેસ્ટોરન્ટ માટે ફડ સેફ્ટી ડિકલેરેશન ફરજિયાત

(એજન્સી) સુરત | તા. 24

સુરત શહેરમાં ખાણી-પીણીની ચીજવસ્તુઓમાં થતી ભેળસેળને અટકાવવા અને નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી શહેરની તમામ રેસ્ટોરન્ટ્સ અને ફૂડ આઉટલેટ્સમાં જીએસટી નંબરની જેમ જ ગ્રાહકો સરળતાથી વાંચી શકે તે પ્રકારે મોટા અક્ષરોમાં 'ફૂડ સેફ્ટી ડિકલેરેશન' બોર્ડ પ્રદર્શિત કરવાનું અનિવાર્ય કરવામાં આવ્યું છે. આ પગલાથી ખાદ્ય પદાર્થોની ગુણવત્તામાં પારદર્શિતા આવશે અને ગ્રાહકો સીધા જ તંત્રના સંપર્કમાં રહી શકશે.

રેસ્ટોરન્ટ કે ફૂડ કોર્ટમાં વેચાણ થતી વિવિધ વાનગીઓમાં વપરાતી સામગ્રી અંગે ગ્રાહકોને સાચી માહિતી મળી રહે તે હેતુસર આ વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નવા નિયમ અનુસાર દરેક રેસ્ટોરન્ટ ધારકે પોતાના પરિસરમાં એક સ્પષ્ટ ડિકલેરેશન બોર્ડ લગાવવું પડશે, જેમાં વાનગીઓ શુદ્ધ ડેરી પ્રોડક્ટ્સમાંથી જ બનાવવામાં આવે છે તથા તેમાં ડેરી એનાલોગ કે નકલી દૂધ-પનીર તેમજ હાનિકારક મોનોસોડિયમ ગ્લુટામેટ (MSG)નો ઉપયોગ કરવામાં આવતો નથી તેની સ્પષ્ટતા કરવાની રહેશે. આ ઉપરાંત, રસોઈમાં વપરાતા ખાદ્ય તેલની બ્રાન્ડનો ઉલ્લેખ પણ ફરજિયાત કરવામાં આવ્યો છે.આ નિર્ણયનું સૌથી મોટું આકર્ષણ એ છે કે જો ગ્રાહકને ખાણી-પીણીની ગુણવત્તા બાબતે કોઈ અસંતોષ હોય અને રેસ્ટોરન્ટ સંચાલકો તરફથી યોગ્ય સહકાર ન મળે, તો ગ્રાહક સીધા જ તે વિસ્તારના ફૂડ સેફ્ટી ઓફિસરનો સંપર્ક કરી શકે છે. આ માટે બોર્ડ પર જ સંબંધિત ફૂડ સેફ્ટી ઓફિસરનું નામ, તેમનો અધિકૃત ઈ-મેઈલ આઈડી અને મોબાઈલ નંબર સ્પષ્ટપણે દર્શાવવાના રહેશે.

અગાઉ ગ્રાહકો પાસે ફરિયાદ કરવા માટે પૂરતી માહિતીનો અભાવ રહેતો હતો, પરંતુ હવે આ સીધી વ્યવસ્થાથી નબળી ગુણવત્તા કે વાસી ખોરાક પીરસતી પ્રવૃત્તિઓ પર અસરકારક લગામ કસી શકાશે.

### એક વર્ષથી સીલ માર્કેટમાંથી કંકાલ મળ્યું

## સુરતમાં એક વર્ષથી સીલ માર્કેટમાંથી માનવ કંકાલ મળ્યું

(એજન્સી) સુરત | તા. 24

સુરત શહેરના ઉધના વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને રહસ્યમય ઘટના પ્રકાશમાં આવી છે. અહીં છેલ્લા એક વર્ષથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સુરક્ષાના કારણોસર સત્તાવાર રીતે સીલ કરવામાં આવેલી એક જર્જરિત માર્કેટની અંદરથી માનવ કંકાલ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઉધના-નવસારી મુખ્ય માર્ગ પર આવેલી અંબર કોલોની સામેની આ બંધ એપી માર્કેટની અંદર અજાણ્યા વ્યક્તિનું કંકાલ કઈ રીતે પહોંચ્યું તે મોટો સવાલ બન્યો છે, ત્યારે આ મામલે પોલીસ અને ફોરેન્સિક ટીમે સંયુક્ત રીતે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ માર્કેટ અત્યંત જર્જરિત હાલતમાં હોવાને કારણે તંત્ર દ્વારા તેને અગાઉ સીલ કરી દેવામાં આવ્યું હતું, જેથી સામાન્ય લોકો કે બહારના કોઈ ઈસમોની અવરજવર અંદર ન થઈ શકે. આવી કડક સુરક્ષા વ્યવસ્થા અને સીલબંધ માર્કેટની અંદર માનવ કંકાલ મળી આવવાની



ઘટનાથી પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ છે. સ્થાનિક નાગરિકોની સૂચનાના આધારે ઉધના પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આખા પરિસરને પોલીસ છાવણીમાં ફેરવીને કોર્ડન કરી દીધું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની નિષ્ણાત ટીમને પણ તાત્કાલિક સ્થળ પર બોલાવવામાં આવી હતી. એફએસએલની ટીમે બારીકાઈથી તપાસ કરીને માર્કેટની અંદરથી માનવ કંકાલના અવશેષો કબજે કર્યા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશો દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

**વૃષભ : બ. વ. ઉ.**
તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. સામાજિક પ્રવૃત્તિઓ આનંદનું માધ્યમ છે પણ તમારે તમારાર રહસ્યો અન્યો સાથએ શૅર કરવાનું ટાળવું જોઈએ.

**મિથુન : ક. છ. ઘ.**
આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો.

**કર્ક : ડ. હ.**
તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહેતા નહીં ખાસ કરીને શરાબ ટાળજો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**સિંહ : મ. ટ.**
તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. તમે જેની સાથે રહો છો તેની સાથે સંઘર્ષમાં ન ઉતરી પડાય તેની તકેદારી રાખજો-કોઈક વિવાદાસ્પદ મુદ્દા હોય તો-તેનો ઉકેલ સલાહસંપથી લાવવો રહ્યો.

**કન્યા : પ. ઠ. ણ.**
તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. કેટલાક લોકો તમારા મગજ પર સવાર થઈ શકે છે એમની બસ અવગણના જ કરો.

**તુલા : ર. ત.**
તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો.

**વૃશ્ચિક : ન. ય.**
સ્વાસ્થયની સંભાળ લો અને પરિસ્થિતિને થાળે પાડો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. એક જૂનો મિત્ર અણધારી મુલાકાત લેશે અને ખુશીભરી યાદોને પાછી લાવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**મકર : ખ. જ.**
જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**
ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે.

## 'છોટી કાશી'

### 'છોટી કાશી' જામનગરમાં શ્રાવણ માસના બીજા સોમવારે અનેક શિવાલયોમાં 'હર હર મહાદેવ'નો નાદ



જામનગર: "છોટી કાશી" જામનગરમાં શ્રાવણ માસના બીજા સોમવારે શિવભક્તિનો અનેરો માહોલ છવાયો હતો. મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા જાળવાઈ હતી અને પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો. 'છોટી કાશી' તરીકે પ્રખ્યાત અને નાના-મોટા અનેક શિવાલયોથી શોભતા (નવાનગર) જામનગરમાં પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે શિવભક્તિનો માહોલ છવાઈ ગયો હતો. વહેલી સવારથી જ શહેરના વિવિધ શિવાલયોમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને અનેક સ્થળોએ દર્શન માટે કતારો જોવા મળી હતી. સમગ્ર વાતાવરણ 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.શ્રાવણ માસના બીજા સોમવારે શિવભક્તોએ વહેલી સવારથી જ ભગવાન ભોળાનાથના દર્શન કરી બિલિપત્ર અર્પણ કર્યા હતા. અનેક ભક્તોએ જલાભિષેક અને રુદ્રાભિષેક સહિતની પૂજા-અર્ચના કરી ભગવાન શિવને રીઝવવા પ્રાર્થના કરી હતી.જામનગરના પુરાણપ્રસિદ્ધ સિદ્ધનાથ મહાદેવ મંદિર, નગરની મધ્યમાં આવેલા સુપ્રસિદ્ધ ભીડભંજન મહાદેવ મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, નાગેશ્વર મહાદેવ મંદિર, નીલકંઠ મહાદેવ મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, પ્રતાપેશ્વર મહાદેવ મંદિર, નર્મદેશ્વર મહાદેવ મંદિર, તેમજ જળેશ્વર મહાદેવ મંદિર, સુખનાથ મહાદેવ મંદિર અને મણીકંકેશ્વર મહાદેવ મંદિર સહિતના શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તોની અવરજવર શરૂ થઈ ગઈ હતી.

## કપાસના વાવેતર વચ્ચે ગાંજાનો બીજો બનાવ

# જામનગર-રાજકોટ હાઈવે પર ધુવાવ પાસે ગમખ્વાર અકસ્માતમાં એરફોર્સના જવાન અને તેમની પત્ની સહિત બન્નેના કરુણ મૃત્યુ

(એજન્સી) જામનગર | તા.24

જામનગર-રાજકોટ હાઈવે પર ધુવાવ ગામ પાસે ગઈકાલે સાંજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં જામનગર એરફોર્સ સ્ટેશનમાં ફરજ બજાવતા ગુરજીંદરસિંઘ ગુરમીતસિંઘ (ઉંમર 28) અને તેમની પત્ની લવલીન કૌરનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. રવિવારની રજા હોવાથી બંને બુલેટ પર ફરવા નીકળ્યા હતા, ત્યારે સામેથી આવતી વરૂડી ટ્રાવેલ્સ બસ સાથે ટક્કર થતા આ દુર્ઘટના બની હતી. પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જામનગર-રાજકોટ હાઈવે રોડ પર ધુવાવ ગામ પાસે ગઈકાલે સાંજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં જામનગર એરફોર્સ સ્ટેશનમાં ફરજ બજાવતા ગુરજીંદરસિંઘ ગુરમીતસિંઘ અને તેમની પત્ની લવલીન કૌરનાં ગંભીર ઈજાઓના કારણે અંતરિયાળ કરુણ મૃત્યુ નીપજ્યા હતા.પોલીસ ફરિયાદ મુજબ,



ગુરજીંદરસિંઘ ગુરમીતસિંઘ ઉંમર વર્ષ 28, એરફોર્સમાં એલ.એ.સી. તરીકે ફરજ બજાવતા હતા અને પત્ની લવલીન કૌર સાથે જામનગર એરફોર્સ સ્ટેશન-1 ખાતે રહેતા હતા. તા.23 ઓગસ્ટે રવિવારની રજા હોવાથી બંને બુલેટ મોટરસાયકલ નં. પીબી-42-ઈ-5477 પર એરફોર્સ સ્ટેશનથી બહાર ફરવા નીકળ્યા હતા.

દરમિયાન સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં જામનગર-રાજકોટ હાઈવે પર ધુવાવ ગામ પાસે પહોંચતા સામેથી આવતી વરૂડી ટ્રાવેલ્સ નં. જીજે-10-ટીવાય-4581 સાથે બુલેટની ટક્કર થઈ હતી. અકસ્માતમાં ગુરજીંદરસિંઘ તથા લવલીન કૌરને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને બંનેનાં કરુણ મૃત્યુ નીપજ્યાં હતાં. બનાવની જાણ થતાં એરફોર્સના અધિકારીઓ સહિતના સ્ટાફે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે એરફોર્સમાં ફરજ બજાવતા નાગેન્દ્રકુમાર ક્રિષ્નાપ્રસાદ સિંઘની ફરિયાદના આધારે પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે વરૂડી ટ્રાવેલ્સના ચાલક વિરુદ્ધ પુરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી અકસ્માત સર્જી બે વ્યક્તિના મોત નીપજાવ્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## જામનગરના મોખાણા-ખીમલિયા ગામની સીમમાં વાડીઓમાંથી રૂ.1.23 લાખના વાયરની ચોરી

(એજન્સી) જામનગર | તા.24

જામનગર તાલુકાના મોખાણા અને ખીમલિયા ગામની વાડીઓમાં 17 અને 18 ઓગસ્ટની રાત્રિએ ચોરી થઈ છે. અજાણ્યા તસ્કરોએ ઈલેક્ટ્રિક મોટરમાંથી અને ઓરડીઓમાંથી કુલ 1,200 ફૂટ કેબલ વાયર, જેની કિંમત 1,23,250 રૂપિયા છે, તેની ચોરી કરી હતી. મુન્નાભાઈ ઉર્ફે દેવાભાઈ પારજીયાની ફરિયાદના આધારે પંચ 'બી' ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જામનગર તાલુકાના મોખાણા અને ખીમલિયા ગામની સીમમાં આવેલી વાડીઓમાં તસ્કરોએ હાથફેરો કરી ઈલેક્ટ્રિક મોટરમાં ફીટ કરાયેલા તેમજ ઓરડીઓમાં રાખેલા કેબલ વાયરની ચોરી કરતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.તા. 17 ઓગસ્ટની રાત્રિના આઠ વાગ્યાથી તા. 18 ઓગસ્ટની સવારના આઠ વાગ્યા દરમિયાન અજાણ્યા તસ્કરો ફરીયાદી તથા સાહેદોની વાડીઓમાં પ્રવેશ્યા હતા. તસ્કરોએ ઓરડીઓના તાળા તોડી 6 એમ.એમ.નો કુલ 495 ફૂટ વાયર, કિંમત રૂ.54,500 તેમજ 4 એમ.એમ.નો કુલ 705 ફૂટ કેબલ, કિંમત રૂ.68,800 મળી કુલ 1,200 ફૂટ કેબલ વાયર રૂ.1,23,250ની કિંમતનો ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે મુન્નાભાઈ ઉર્ફે દેવાભાઈ જેંતીભાઈ પારજીયાની ફરિયાદના આધારે પંચ 'બી' ડિવિઝન પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી તપાસ વધુ તપાસ હાથ ધરી છે.

## ધડાકાભેર અથડાઈ

# જામનગરમાં ગુલાબનગર પાસે બેકાબુ બનેલો ટ્રક ડિવાઈડર સાથે અથડાયો : સ્ટ્રીટ લાઈટનો પોલ અને ટ્રી ગાર્ડને નુકશાન

જામનગરના ગુલાબનગર નજીક બેફામ આઈસર ટ્રકે ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ સ્ટ્રીટ લાઈટનો પોલ અને લીમડાનું વૃક્ષ ધરાશાયી કર્યા. સદનસીબે, કોઈ જાનહાનિ થઈ નહિ, પરંતુ સરકારી મિલકતને નુકસાન થયું. એક પેસેન્જર રિક્ષા પણ આબાદ બચી. આ ઘટનાથી વિસ્તારમાં થોડો સમય અફરાતફરી મચી હતી. આ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. જામનગર શહેરના ગુલાબનગર વિસ્તાર નજીક એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલા આઈસર ટ્રકના ચાલકે અચાનક સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ ગયો હતો અને ડિવાઈડર પર ચઢી ગયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે ડિવાઈડર પર આવેલો સ્ટ્રીટ લાઈટનો પોલ તૂટીને રસ્તા પર ધરાશાયી થઈ ગયો હતો. પોલ લીમડાના વૃક્ષ સાથે અથડાતા વૃક્ષ પણ પડી ગયું હતું.સદનસીબે, જે સમયે પોલ અને વૃક્ષ રસ્તા પર પડ્યાં તે સમયે ત્યાંથી કોઈ વાહનચાલક કે પદયાત્રી પસાર થઈ રહ્યા ન હોવાથી મોટી દુર્ઘટના અને જાનહાનિ ટળી હતી. રોડ પરથી પસાર થતી એક પેસેન્જર રિક્ષા પણ અકસ્માતની ચપેટમાં આવતા આબાદ બચી ગઈ હોવાનું જાણવા મળે છે.બનાવને પગલે થોડા સમય માટે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતમાં સ્ટ્રીટ લાઈટના પોલ સહિત સરકારી મિલ્કતને નુકસાન થયું છે.

## સઘન કાર્યવાહી

# જામનગર જિલ્લામાં જુગારના 4 દરોડા : રૂ.56,640ની રોકડ સાથે 17 જુગારીઓ પકડાયા

જામનગર : જામનગર જિલ્લામાં ગઈકાલે પોલીસે જુગાર સામે સઘન કાર્યવાહી કરી હતી. શેઠવડાળા, જામનગર શહેર, કાલાવડ ગ્રામ્ય અને જામજોધપુરમાં 4 કેસ નોંધાયા હતા. કુલ 17 શખ્સોને ઝડપી પાડી, તેમની પાસેથી રૂ. 56,640ની રોકડ રકમ જપ્ત કરવામાં આવી હતી. આ કાર્યવાહીથી જુગારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.જામનગર જિલ્લામાં ગઈકાલે તા. 23 ઓગસ્ટના રોજ વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં જુગાર સામે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શેઠવડાળા, જામનગર શહેર, કાલાવડ ગ્રામ્ય અને જામજોધપુર વિસ્તારમાં કુલ 4 જુગારના કેસ નોંધાયા છે.શેઠવડાળા પોલીસે ભુપત આંબરડી તરફ જતા રસ્તે સોલાર પાસે બાવળના ઝાડ નીચે તીનપત્તીનો જુગાર રમતા કિશનભાઈ પ્રકાશભાઈ આચાર્ય, જયેશભાઈ મગનભાઈ ચાવડા, કિશનભાઈ જીતેન્દ્રભાઈ જોષી, રણજીતભાઈ ઉર્ફે રાણાભાઈ કરશનભાઈ કેશવાલા, હરદાસભાઈ બોદાભાઈ હાડગરડા અને નરેશભાઈ પોલાભાઈ કનારા સહિત છ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે રૂ.13,850ની રોકડ કબજે કરી હતી. સીટી 'એ' ડિવિઝન વિસ્તારમાં સાધના કોલોની ગેટ નં. 1 પાસે જાહેર માર્ગ ઉપર એકી-બેકીના આંકડાનો જુગાર રમતા દુશયંતસિંહ ભરતસિંહ પીંગળા અને મહમદ હુશેન અબ્બાસભાઈ ખફીને ઝડપી પાડવામાં આવ્યા હતા.

## સરપંચને ડાબા હાથમાં ફ્રેક્ચર સહિત શરીરના વિવિધ ભાગે મુંઢ ઈજાઓ

# જામજોધપુરના મેઘપરના સરપંચ ઉપર NOC આપવાનો ઈનકાર કરવાના મામલે 3 શખ્સોનો હુમલો

(એજન્સી) જામનગર | તા.24

જામનગરના મેઘપર ગામના સરપંચ ભીખુભાઈ શીલું પર પવનચક્કીના કામ માટે NOC ન આપતા 3 શખ્સોએ હુમલો કર્યો. મોટી ગોપના રાકેશ ઉર્ફે ટીટો જોશી, મેરામણ નંદાણીયા અને ધારાગઢના ઉમરભાઈએ લોખંડના પાઈપ અને ધોકાથી માર માર્યો. સરપંચને ડાબા હાથમાં ફ્રેક્ચર થતા જામનગરની GG હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જામજોધપુર તાલુકાના મેઘપર ગામની સીમમાં ચાલી રહેલા પવનચક્કીના કામ માટે ગ્રામ પંચાયતની એન.ઓ.સી. આપવાનો ઈનકાર કરતાં મેઘપર ગ્રામ પંચાયતના સરપંચ પર ત્રણ શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. હુમલામાં સરપંચને ડાબા હાથમાં ફ્રેક્ચર સહિત શરીરના વિવિધ ભાગે મુંઢ ઈજાઓ થતાં તેમને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ફરિયાદી મેઘપર ગામના સરપંચ ભીખુભાઈ હરજીભાઈ શીલુંએ પોલીસને જણાવ્યું છે કે તા. 23 ઓગસ્ટના રોજ સવારે આશરે આઠ વાગ્યે તેઓ ગામમાં શંકર ભગવાનના મંદિર પાસે બેઠા હતા. તે સમયે મોટી ગોપના રાકેશ ઉર્ફે ટીટો જોશી, મેરામણ નંદાણીયા તથા ધારાગઢના ઉમરભાઈ તેમની પાસે આવ્યા હતા અને મેઘપર ગ્રામ પંચાયતની હદમાં ચાલી રહેલા પવનચક્કીના કામ માટે એન.ઓ.સી. આપવા જણાવ્યું હતું. સરપંચે એન.ઓ.સી. આપવાનો ઈનકાર કરતાં ત્રણેય ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી ત્યાંથી જતા રહ્યા હતા. આશરે દસ મિનિટ બાદ ત્રણેય ફરીથી મંદિર પાસે આવ્યા હતા. રાકેશ ઉર્ફે ટીટોના હાથમાં લોખંડનો પાઈપ, મેરામણ નંદાણીયાના હાથમાં લાકડાનો ધોકો અને ઉમરભાઈના હાથમાં લોખંડના પાઈપવાળું ધારિયું હતું. એન.ઓ.સી. આપવી છે કે નહીં તેમ કહી ત્રણેયે સરપંચ પર હથિયારો વડે હુમલો કર્યો હતો. ઉમરભાઈએ ધારિયું ઉગામીને મારવાનો પ્રયાસ કરતાં સરપંચે બચાવ માટે ડાબો હાથ આડો ધરતા કોણીથી નીચેના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને ફ્રેક્ચર થયું હતું.

આ ઉપરાંત લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે બંને પગ, કમર, છાતી તથા પીઠના ભાગે માર મારવામાં આવ્યો હતો. સરપંચે બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવતાં ત્રણેય આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા. જતા સમયે 'આજે તો બચી ગયો, પરંતુ એન.ઓ.સી. નહીં આપે તો તને પતાવી દેશું' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

## 108ની ટીમ ઘટનાસ્થળે પહોંચતાં ચંદ્રસિંહનું મોત નીપજ્યું

# જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં ઉછીના રૂપિયા પરત માંગતા બોલાચાલી બાદ ગળા પર છરીના ઘા મારી આધેડની હત્યા નિપજાવાઈ

(એજન્સી) જામનગર | તા.24

જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં ઉછીના રૂપિયાની માગણી બાબતે બોલાચાલી થતાં ગમખ્વાર ઘટના બની છે. હુશેન ઈસ્માઈલ સંધીએ ચંદ્રસિંહ મેરુજી રાઠોડને ગળામાં છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા. લક્ષ્મીબેન ચૌહાણની ફરિયાદ આધારે સિટી-સી પોલીસે હત્યાનો ગુનો નોંધી, વધુ તપાસ હાથ ધરી છે. જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં ઉછીના આપેલા રૂપિયા પરત માંગવાના મુદ્દે થયેલી બોલાચાલી બાદ એક શખ્સે આધેડને ગળાના ભાગે છરીના ઘા મારી દેતાં તેનું મોત નીપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે સીટી-સી ડિવિઝન પોલીસ મથકમાં હુશેન ઈસ્માઈલ સંધી વિરુદ્ધ હત્યા નિપજાવ્યાની ફરિયાદ નોંધાવવામાં આવી છે.ફરિયાદ મુજબ શંકર ટેકરી, સુભાષપરા શેરી નં.1, પારસી કબ્રસ્તાન પાછળ રહેતા ચંદ્રસિંહ મેરુજી રાઠોડ છેલ્લા દસ વર્ષથી લક્ષ્મીબેન લખુભા ચૌહાણ સાથે રહેતા હતા. તા.23ના રોજ બપોરના સમયે લક્ષ્મીબેન ઘરકામ માટે બહાર ગયા હતા. સાંજે આશરે સાત વાગ્યે તેઓ પરત ફર્યા ત્યારે ચંદ્રસિંહ રૂમમાં લોહીલુહાણ હાલતમાં પડેલા જોવા મળ્યા હતા અને ગળાના ભાગે ગંભીર ઈજા થયેલી હતી.આ દરમિયાન પડોશમાં રહેતા મનીષે લક્ષ્મીબેનને જણાવ્યું હતું કે, સાંજે આશરે સાડા પાંચ વાગ્યાના અરસામાં ચંદ્રસિંહનો મિત્ર હુશેન ઈસ્માઈલ સંધીએ તેમના ઘરે આવી ઉછીના આપેલા રૂપિયા પરત માંગ્યા હતા. ચંદ્રસિંહે રૂપિયા આપવાની ના પાડતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી અને ઉશ્કેરાયેલા હુશેને પોતાની પાસે રહેલી છરી વડે ચંદ્રસિંહના ગળાના ભાગે હુમલો કર્યો હોવાનું જણાવાયું હતું.બનાવની જાણ થતાં લક્ષ્મીબેને પાડોશીના મોબાઈલ પરથી 108ને જાણ કરી હતી. 108ની ટીમ ઘટનાસ્થળે પહોંચતાં ચંદ્રસિંહનું મોત નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું, અને બનાવ હત્યામાં પલટાયો હતો. ત્યારબાદ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી કાર્યવાહી હાથ ધરી હતી. બનાવ અંગે સીટી-સી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા તપાસ હાથ ધરી છે. બનાવનું ચોક્કસ કારણ, આરોપીની સંડોવણી અને અન્ય હકીકતો અંગે પોલીસ તપાસ ચાલુ છે.

## જામનગરમાં દિગ્વિજ્ય પ્લોટમાં મેઈન રોડ પર વૃક્ષ ધરાશાયી : રિક્ષાચાલક વૃદ્ધ ઈજાગ્રસ્ત

જામનગર : જામનગરમાં દિગ્વિજ્ય પ્લોટ-13 વિસ્તારમાં અંબિકા ડેરી સામે અચાનક એક વૃક્ષ ધરાશાયી થયું હતું. આ દુર્ઘટનામાં પસાર થઈ રહેલી એક રિક્ષા વૃક્ષની ઝપેટમાં આવી ગઈ હતી, જેમાં સવાર વૃદ્ધ રિક્ષાચાલક ઈજાગ્રસ્ત થયા હતા. તેમને તાત્કાલિક જી.જી. હોસ્પિટલ ખસેડાયા છે. ફાયર બ્રિગેડે પહોંચી વૃક્ષ હટાવી રસ્તો ખુલ્લો કર્યો હતો, જેથી વાહનવ્યવહાર પૂર્વવત થયો. જામનગર શહેરના દિગ્વિજ્ય પ્લોટ-13 વિસ્તારમાં અંબિકા ડેરી સામે આવેલા મેઈન રોડ પર અચાનક એક વૃક્ષ ધરાશાયી થતાં અફરાતફરી મચી ગઈ હતી. આ સમયે રસ્તા પરથી પસાર થઈ રહેલી એક રિક્ષા વૃક્ષની ચપેટમાં આવી જતાં તેમાં સવાર વૃદ્ધ રિક્ષાચાલક ઈજાગ્રસ્ત થયા હતા.બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરના જવાનો દ્વારા વૃક્ષની ડાળીઓ કાપીને રસ્તા પરથી હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## કચ્છના 1400 વર્ષ જૂના ઐતિહાસિક

# પુઅરેશ્વર મહાદેવ મંદિરના દર્શને પધાર્યા વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય મંત્રી શ્રી ગોપાલજી રાવ, આરતીનો લાભ લઈ ધન્યતા અનુભવી





મહેશ એલ.સોની નખત્રાણા

આજ રોજ વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય મંત્રી શ્રી ગોપાલજી રાવ કચ્છની મુલાકાતે પધાર્યા હતા, આ તકે તેઓએ કચ્છના વિવિધ વિશ્વ હિન્દુ પરિષદના મંડળોની શુભેચ્છા મુલાકાત લીધી હતી, સાથોસાથ કચ્છના ગૌરવ સમાન અને 1400 સનમાં નિર્મિત થયેલ અતિ પ્રાચીન અને ઐતિહાસિક એવા પુઅરેશ્વર મહાદેવ મંદિરની પાવન મુલાકાત લઈ શિવલિંગના દર્શન કરી મહાઆરતીમાં સહભાગી બની ધન્યતા અનુભવી હતી, આ પાવન પ્રસંગે તેમની સાથે વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત કોષાધ્યક્ષ શ્રી કિર્તીભાઈ જાટીયા, કચ્છ વિભાગ મંત્રી શ્રી ચંદુભાઈ રૈયાણી, વિથોણ પ્રખંડ મંત્રી શ્રી કિશોરભાઈ સહિતના હોદ્દેદારોએ પણ મંદિરમાં દર્શન અને આરતીનો લાભ લીધો હતો, આ અંગેની માહિતી વિશ્વ હિન્દુ પરિષદ માતાના મઢ જિલ્લાના પ્રચાર પ્રસારક શ્રી હિરેનભાઈ ભાનુશાલીએ આપી હતી.

## 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે શિવભક્તોના પગલાં લાલપુર તરફ આગળ વધતા જોવા મળ્યા હતા

# શ્રાવણ માસના બીજા સોમવારે ભોળેશ્વર મહાદેવના દર્શને ઉમટ્યા પદયાત્રીઓ ; માર્ગમાં સેવા કેમ્પો બન્યા આસ્થાના કેન્દ્ર

(એજન્સી) જામનગર | તા.24

જામનગરમાં શ્રાવણના બીજા સોમવારે શિવભક્તોએ ભોળેશ્વર મહાદેવના દર્શનાર્થે પદયાત્રા કરી હતી. રવિવાર રાતથી જ 'હર હર મહાદેવ'ના નાદ સાથે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ લાલપુર રોડ પર આવેલા ભોળેશ્વર મંદિર તરફ પગપાળા નીકળ્યા હતા. માર્ગમાં સેવા કેમ્પો દ્વારા ચા-પાણી અને પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી. હોમગાર્ડઝે પદયાત્રીઓના વસ્ત્રો પર રેડિયમ રિફ્લેક્ટર લગાવી સુરક્ષા સુનિશ્ચિત કરી હતી. શ્રાવણ માસના બીજા સોમવાર નિમિત્તે લાલપુર રોડ પર આવેલા ભોળેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શન કરવા માટે જામનગર શહેરમાંથી મોટી સંખ્યામાં શિવભક્તોએ પદયાત્રા શરૂ કરી હતી. રવિવારની મોડી રાતથી જ 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે શિવભક્તોના પગલાં લાલપુર તરફ આગળ વધતા જોવા મળ્યા હતા.

જામનગરથી ભોળેશ્વર મહાદેવ સુધી શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે પદયાત્રા કરીને દર્શન કરવાનો મહિમા વર્ષોથી પ્રચલિત છે. જેના પગલે શ્રાવણના બીજા સોમવારની પૂર્વસંધ્યાએ રવિવારની રાત્રિથી જ શહેરના



વિવિધ વિસ્તારોમાંથી શિવભક્તો પદયાત્રામાં જોડાયા હતા. ભક્તો ભોળેશ્વર મહાદેવના દર્શન માટે શ્રદ્ધાભેર પગપાળા નીકળી પડ્યા હતા.

જામનગર-લાલપુર ધોરી માર્ગ પર પદયાત્રીઓની સંખ્યા વધતા વિવિધ સ્થળોએ શિવભક્તોની સેવા માટે સેવા કેમ્પો પણ ઉભા કરવામાં આવ્યા હતા. આ કેમ્પોમાં પદયાત્રીઓ માટે પ્રસાદ, ચા-પાણી સહિતની વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. રાત્રિના સમયે લાંબી પદયાત્રા કરતા શિવભક્તોને માર્ગમાં જરૂરી સુવિધા મળી રહે તે માટે સેવાભાવી સંસ્થાઓ તથા શિવભક્તો દ્વારા સેવા આપવામાં આવી હતી. દરમિયાન, પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જામનગર હોમગાર્ડઝના જવાનો દ્વારા પણ સેવાકીય કામગીરી કરવામાં આવી હતી. રાત્રિના અંધકારમાં પદયાત્રીઓ વાહનચાલકોને સરળતાથી દેખાઈ શકે અને અકસ્માતનો ભય ટાળી શકાય તે હેતુથી હોમગાર્ડઝના જવાનો દ્વારા પદયાત્રીઓના વસ્ત્રો તથા અન્ય સ્થળોએ રેડિયમ રિફ્લેક્ટર લગાવવાની સેવા કરવામાં આવી હતી.

રાત્રિના સમયે માર્ગ પરથી પસાર થતા વાહનોના ચાલકોને પદયાત્રીઓ દૂરથી જ નજરે પડે અને તેમની સલામતી જળવાઈ રહે તે માટે હોમગાર્ડઝના જવાનોએ ઉત્સાહપૂર્વક આ સેવાકાર્યમાં ભાગ લીધો હતો. બીજી તરફ, વહેલી સવાર સુધીમાં અનેક પદયાત્રીઓ ભોળેશ્વર મહાદેવ મંદિર તરફ આગળ વધ્યા હતા અને ભગવાન ભોળાનાથના દર્શનનો લાભ લીધો હતો.શ્રાવણ માસ દરમિયાન ભોળેશ્વર મહાદેવના દર્શન માટે પદયાત્રીઓની સંખ્યા વધતી હોવાથી જામનગર-લાલપુર માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને પણ રાત્રિના સમયે ખાસ સાવચેતી રાખવા અને પદયાત્રીઓની સુરક્ષામાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી.

## એક જ દિવસમાં દારૂના 6 દરોડા

# રૂ.2.09 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી 9 આરોપીઓ સામે કાર્યવાહી

જામનગર : જામનગરમાં 23 ઓગસ્ટે પોલીસે ઈંગ્લિશ દારૂના ગેરકાયદે વેચાણ સામે મોટી કાર્યવાહી કરી. જિલ્લામાં કુલ 6 કેસ નોંધી, 8 આરોપીઓને ઝડપ્યા. એરપોર્ટ ગેટ બહારથી ફોર્ચ્યુનરમાંથી મહેલકુમાર થાનકીને 4 બોટલ સાથે પકડ્યો. ઢીંચડા રોડ પરથી પુષ્પરાજસિંહ જાડેજા અને અમર પટેલ ઝડપાયા. દિગ્વિજય પ્લોટમાંથી ધવલ જાદવને રૂ. 68,276ના દારૂ સાથે ઝડપી, રૂ. 2,09,772થી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો. જામનગર જિલ્લામાં તા. 23 ઓગસ્ટના રોજ પોલીસ દ્વારા ઈંગ્લિશ દારૂના ગેરકાયદે વેચાણ અને કબજા સામે વિવિધ સ્થળોએ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેર અને જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુલ 6 કેસ નોંધવામાં આવ્યા છે.સીટી 'સી' ડિવિઝન પોલીસની સર્વેલન્સ સ્ક્વોડે એરપોર્ટ ગેટ બહારથી પોરબંદરના મેહુલકુમાર પ્રવીણચંદ્ર થાનકીને ફોર્ચ્યુનર કારમાં ઈંગ્લિશ દારૂની ચાર બોટલ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂ અને કાર સહિત કુલ રૂ.1,15,912નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ જ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઢીંચડા રોડ, નીલકંઠ પાર્ક નજીકથી પુષ્પરાજસિંહ મંગળસિંહ જાડેજા અને અમર પ્રફુલભાઈ પટેલને ઈંગ્લિશ દારૂની બે બોટલ, કુલ રૂ. 2,584ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.તે ઉપરાંત 58 દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં હિંગળાજ ચોક પાસેની અવાવરૂ દુકાનમાં સર્વેલન્સ સ્ક્વોડે દરોડો પાડી ધવલ દીપકભાઈ જાદવને રૂ. 68,276ના ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો.

## વિમાનો અટવાતા NOTAM જાહેર

# અમેરિકામાં ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈંધણ ખૂટી જતા હોબાળો

(એજન્સી) નવી દિલ્હી | તા24

ન્યૂયોર્કના બફેલો નિયાગ્રા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જેટ ફ્યુઅલ ખૂટી પડતાં અફરાતફરી મચી છે. ઈંધણની અછતને કારણે વિમાનોમાં રિફ્યુઅલિંગ ઠપ્પ થતાં અનેક ફ્લાઈટ્સ અટવાઈ પડી છે. આ ગંભીર સ્થિતિને પગલે એરપોર્ટ ઓથોરિટીએ તાત્કાલિક NOTAM ઈમરજન્સી એલર્ટ જાહેર કર્યું છે. એરલાઈન્સને નજીકના એરપોર્ટ પરથી ઈંધણ ભરવા સૂચના અપાઈ છે. ઈંધણ ખૂટવાનું કારણ હજુ અસ્પષ્ટ છે.અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યના ચીકટોવાગા શહેરમાં આવેલા 'બફેલો નિયાગ્રા ઈન્ટરનેશનલ એરપોર્ટ' પર અચાનક જેટ ફ્યુઅલ (એવિએશન ઈંધણ) ખૂટી જતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. એરપોર્ટ પર ઈંધણની અછતને કારણે વિમાનોમાં રિફ્યુઅલિંગ (ફ્યુઅલ ભરવાની) કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે, જેના કારણે અનેક વિમાનો જ્યાં હતાં ત્યાં જ અટવાઈ પડ્યા છે.આ પરિસ્થિતિ ગંભીર બનતાં એરપોર્ટ ઓથોરિટી દ્વારા તુરંત જ NOTAM (Notice to Air Missions / Notice to Airmen) જાહેર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં જ્યારે પણ કોઈ એરપોર્ટ, રનવે અથવા એરસ્પેસમાં અસામાન્ય કે અસ્થાયી ઈમરજન્સી સ્થિતિ ઊભી થાય અને પાયલટોને ઉડાન ભરતા પહેલાં તેની જાણ કરવી જરૂરી હોય, ત્યારે NOTAM જાહેર કરવામાં આવે છે.




મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ સ્થિતિને પગલે યુએસની અગ્રણી એરલાઈન્સે પોતાના પાયલટોને ખાસ નિર્દેશ આપ્યા છે. જો કોઈ વિમાન બફેલો ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફ જઈ રહ્યું હોય અથવા ત્યાં લેઓવર (રોકાણ) કરીને આગળનું ફ્યુઅલ ભરવાનું આયોજન હોય, તો તેણે નજીકના પાડોશી એરપોર્ટ પર રોકાઈને પૂરતું ફ્યુઅલ ભરી લેવું અથવા વધારાનું ઈંધણ સાથે રાખીને જ ઉડાન ભરવી.બફેલો નિયાગ્રા ઈન્ટરનેશનલ એરપોર્ટ કદમાં નાનું હોવાથી ત્યાં પાઈપલાઈન દ્વારા નહીં પરંતુ ફ્યુઅલ ટેન્કર ટ્રકો દ્વારા જેટ ફ્યુઅલ પહોંચાડવામાં આવે છે. હાલમાં ફ્યુઅલ ખૂટી જવાનું કોઈ સત્તાવાર કારણ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ નિષ્ણાતોના મતે લોકલ ટર્મિનલના ઈક્વિપમેન્ટમાં કોઈ ખામી સર્જાઈ હોઈ શકે છે અથવા તો ફ્યુઅલની ગુણવત્તા (ક્વોલિટી) સંબંધિત કોઈ સમસ્યાના કારણે સપ્લાય રોકવામાં આવી હોઈ શકે છે.

# મોટા કંદોઈ અને બેકરીવાળા માટે નવો નિયમ, ખાંડનો 15 દિવસથી વધુનો સ્ટોક ગેરકાયદે ગણાશે

(એજન્સી) નવી દિલ્હી | તા24

તહેવારો પૂર્વે ખાંડની સંગ્રહખોરી અને ભાવવધારાને અંકુશમાં લેવા સરકારે મોટો નિર્ણય કર્યો છે. 1 સપ્ટેમ્બરથી 30 નવેમ્બર, 2026 સુધી 10 મેટ્રિક ટનથી વધુ માસિક વપરાશ ધરાવતા મોટા વેપારીઓ 15 દિવસથી વધુનો ખાંડનો સ્ટોક રાખી શકશે નહીં. મીઠાઈ, બેકરી, કન્ફેક્શનરી અને સોફ્ટ ડ્રિંક ઉદ્યોગો પર આ નિયમ લાગુ પડશે. સરકાર ખરીદી-વેચાણના ડેટા પર નજર રાખશે.જો તમે મોટા મીઠાઈ, બેકરી, બિસ્કિટ, કન્ફેક્શનરી કે સોફ્ટ ડ્રિંકના વ્યવસાય સાથે જોડાયેલા છો, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તહેવારો પહેલાં ખાંડની સંગ્રહખોરી અને વધતા ભાવ પર અંકુશ લગાવવા માટે સરકારે એક મોટું પગલું ભર્યું છે. હવે મોટા પ્રમાણમાં ખાંડનો ઉપયોગ કરતા મોટા વેપારીઓ માટે નક્કી કરેલી સીમાથી વધુ ખાંડનો સ્ટોક રાખવો મુશ્કેલ બની શકે છે. નવા નિયમ હેઠળ નક્કી કરેલી સીમાથી વધુ ખાંડ જમા રાખવા પર કાર્યવાહી થઈ શકે છે.વાસ્તવમાં, ઓગસ્ટથી નવેમ્બર વચ્ચે ગણેશ ચતુર્થી, દશેરા અને દિવાળી જેવા તહેવારોને કારણે ખાંડની માંગ ખૂબ જ ઝડપથી વધી જાય છે. આ દરમિયાન અવારનવાર ઘણા વેપારીઓ પહેલાથી જ મોટા પ્રમાણમાં ખાંડ ખરીદીને સ્ટોક કરી લે છે. સરકારે આ બાબતને ધ્યાનમાં રાખીને મોટા ખરીદદારો માટે સ્ટોકની અવધિ ઘટાડીને હવે 15 દિવસ કરી દીધી છે.નવા આદેશ મુજબ, આ નિયમ 1 સપ્ટેમ્બરથી 30 નવેમ્બર 2026 સુધી લાગુ રહેશે. જોકે, આ નિયમ એવા વેપારીઓ કે સંસ્થાઓ પર લાગુ થશે, જેઓનો માસિક ખાંડનો વપરાશ 10 મેટ્રિક ટન એટલે કે 100 ક્વિન્ટલથી વધુ છે. આવા ખરીદદારો તેમની 15 દિવસની જરૂરિયાતથી વધુ ખાંડ સ્ટોકમાં રાખી શકશે નહીં.વાસ્તવમાં, સરકારે આ પહેલા વેપારીઓ માટે ખાંડનો સ્ટોક રાખવાની મર્યાદા 30 દિવસ રાખી હતી. પરંતુ કિંમતોમાં સતત વધારો ચાલુ રહેતા હવે આ મર્યાદા ઘટાડીને 15 દિવસ કરી દેવામાં આવી છે. કારણ કે તહેવારોના સમયગાળામાં ખાંડની માંગ અચાનક વધી જાય છે અને આ દરમિયાન બિસ્કિટ, મીઠાઈ અને કન્ફેક્શનરી બનાવતી કંપનીઓ પહેલાથી જ સ્ટોક તૈયાર કરી લે છે.

## News Brief

### હવાઈ મુસાફરી મોંઘી થતા સર્વિસ પીએફઆઈમાં ઉછાળો

નવી દિલ્હી : નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં હવાઈ મુસાફરી સેવાની કિંમતોમાં ૩૧.૯૪ ટકાનો મોટો વધારો નોંધાયો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સોમવારે જાહેર કરવામાં આવેલા કામચલાઉ આંકડાઓ અનુસાર, ભારતના નવા સર્વિસ પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ માળખા હેઠળ ટ્રેક કરવામાં આવતી સેવાઓમાં આ સૌથી મોટો ભાવ વધારો છે, જ્યારે અન્ય મુખ્ય સેવા ક્ષેત્રોમાં ભાવનું મિશ્ર વલણ જોવા મળ્યું છે.અર્થતંત્રમાં સેવા ક્ષેત્રના મોટા હિસ્સાને ધ્યાનમાં રાખીને ફુગાવાને સચોટ રીતે માપવા માટે જૂન ૨૦૨૬ માં આ નવું સર્વિસ પીએફઆઈ માળખું શરૂ કરવામાં આવ્યું હતું. પ્રથમ ત્રિમાસિક ગાળા માટે એર પેસેન્જર સર્વિસ પ્રાઈસ ઈન્ડેક્સ વધીને ૧૨૬.૪ પર પહોંચી ગયો છે. બીજી બાજુ, બેંકિંગ સેવાઓના ભાવ ડિફ્લેશનના દબાણ હેઠળ રહ્યા છે અને બેંકિંગ સર્વિસ પ્રાઈસ ઈન્ડેક્સમાં ૩.૩૫ ટકાનો વાર્ષિક ઘટાડો નોંધાયો છે.આંકડાઓ મુજબ પેન્શન ફંડના સંચાલનમાં નોંધપાત્ર વધારો થયો છે, જેનો ઈન્ડેક્સ વધીને ૧૧૩.૩ થયો છે અને વાર્ષિક ફુગાવો ૫.૨૦ ટકા નોંધાયો છે. વીમા સેવાઓના ભાવમાં પણ સાધારણ વધારો થયો છે, જ્યારે ટેલિકોમ સેવાના ભાવ અગાઉની જેમ સ્થિર રહ્યા છે. રેલવે સેવાઓની વાત કરીએ તો, એકંદર રેલવે સર્વિસ ઈન્ડેક્સ વધીને ૧૦૩.૪ થયો છે જેમાં મુસાફરી સેવાઓમાં ૩.૫૦ ટકા અને નૂર સેવાઓમાં ૦.૧૦ ટકા ફુગાવો નોંધાયો છે.સરકાર દ્વારા ત્રિમાસિક ધોરણે જાહેર કરવામાં આવતા આ નવા સૂચકાંકથી જથ્થાબંધ અને ગ્રાહક ભાવાંકની સાથે સેવા ક્ષેત્રના ફુગાવાને સમજવામાં વધુ સરળતા રહેશે. આગામી સમયમાં આ ફ્રેમવર્ક દ્વારા સેવા ક્ષેત્રના તમામ ઘટકોની સચોટ માહિતી મળી રહેશે, જે નીતિ ઘડતરમાં મદદરૂપ સાબિત થશે.

## રોકાણની ફરજિયાત પ્રક્રિયા અને મર્યાદા : ટેક્સ લાભ, પેન્શન અને સામાજિક સુરક્ષા

# શેરબજારમાં રોકાણ કરવું સારું કે પછી EPFOમાં? વાંચી લો આ 6 બાબત તમારી મૂંઝવણ દૂર કરી દેશે

(એજન્સી) નવી દિલ્હી | તા24

નોકરિયાત વર્ગ EPF અને શેરબજારમાંથી ક્યાં રોકાણ કરવું તે અંગે મૂંઝવણમાં છે. EPF ફરજિયાત બચત, કંપનીનું યોગદાન, નિશ્ચિત વ્યાજ અને સામાજિક સુરક્ષા આપે છે. જ્યારે શેરબજારમાં રોકાણ મરજિયાત, વધુ વળતરની સંભાવના સાથે ઊંચું જોખમ ધરાવે છે. EPF લાંબા ગાળે સ્થિર અને સુરક્ષિત ભવિષ્ય આપે છે, જ્યારે શેરબજારનું વળતર બજારના ઉતાર-ચઢાવ પર આધારિત છે.

સૌથી વધુ પગારદાર કર્મચારીઓ અવારનવાર એ મૂંઝવણમાં હોય છે કે તેમણે પોતાના પૈસા ઈમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ (EPF) માં જ રોકી રાખવા જોઈએ કે પછી વધુ વળતર માટે શેર બજાર તરફ વળવું જોઈએ? બંને માધ્યમો વેલ્થ ક્રિએટ કરવામાં મદદ કરે છે, પરંતુ તેમની કામ કરવાની પદ્ધતિ અને જોખમનું સ્તર તદ્દન અલગ છે. EPFOના જણાવ્યા મુજબ, જે સંસ્થાઓમાં EPF એક્ટ લાગુ પડે છે અને જ્યાં કર્મચારીઓનો મૂળ પગાર 15,000 સુધીની લિમિટમાં છે, ત્યાં EPF એકાઉન્ટ હોવું ફરજિયાત છે.



ઈપીએફમાંથી પૈસા માત્ર ચોક્કસ જરૂરિયાતો સમયે જ ઉપાડી શકાય છે. બીજી તરફ, શેર બજારમાં રોકાણ સંપૂર્ણપણે તમારી ઈચ્છા પર આધારિત છે અને તેમાં રોકાણકાર ગમે ત્યારે પોતાના પૈસા પાછા ખેંચી શકે છે.EPF સ્કીમમાં કર્મચારી અને કંપની (નિયોક્તા) બંને તરફથી યોગદાન આપવામાં આવે છે. નિયોક્તા દ્વારા આપવામાં આવતું આ વધારાનું યોગદાન કર્મચારી માટે એક ગેરંટીડ લાભ છે. તેની સરખામણીએ, શેર બજારમાં રોકાણ સંપૂર્ણપણે રોકાણકારના પોતાના ખિસ્સામાંથી જ થાય છે અને તેમાં કોઈ કંપની તરફથી વધારાનું યોગદાન મળતું નથી.

EPFમાં દર મહિને પગારમાંથી ચોક્કસ રકમ આપમેળે જમા થાય છે, જે એક ફરજિયાત બચતનું માધ્યમ બને છે. તેના પર સરકાર દ્વારા નક્કી કરાયેલા સ્થિર દરે વ્યાજ મળે છે. જ્યારે શેર બજારમાં રોકાણ કરવું કે નહીં તે મરજિયાત છે. શેર બજાર ભલે વધુ રિટર્ન આપી શકે, પરંતુ તે ખૂબ જ જોખમી (High Risk) છે અને તેનો આધાર સંપૂર્ણપણે માર્કેટના ઉતાર-ચઢાવ પર રહે છે.EPFOની યોજનામાં જમા રકમ, મળતું વ્યાજ અને રકમ ઉપાડવા પર ટેક્સ ફ્રી લાભ મળે છે. આ ઉપરાંત, પાત્ર કર્મચારીઓને ઈપીએસ (EPS) હેઠળ પેન્શન અને ઈડીએલઆઈ (EDLI) સ્કીમ હેઠળ ફ્રી વીમા કવચ જેવા સામાજિક સુરક્ષાના લાભો પણ મળે છે. જ્યારે શેર બજારમાં શેર વેચીને કમાયેલા નફા પર કેપિટલ ગેઈન ટેક્સ ચૂકવવો પડે છે અને તેમાં કોઈપણ પ્રકારની સામાજિક સુરક્ષા કે વીમા કવર મળતું નથી.EPFOનું સંચાલન સીધું કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળ થાય છે, જેથી લાંબા ગાળે આ યોજના એક સ્થિર, સુરક્ષિત અને સંપૂર્ણ ભરોસાપાત્ર ફંડ તૈયાર કરે છે. શેર બજાર નિયમનકારો હેઠળ હોવા છતાં જોખમથી મુક્ત નથી અને તેનું વળતર પણ અનિશ્ચિત હોય છે. ટૂંકમાં, ઈપીએફ ભવિષ્યની સુરક્ષા અને નિશ્ચિતતા પૂરી પાડે છે, જ્યારે શેર બજારનું રોકાણ વ્યક્તિની જોખમ લેવાની ક્ષમતા પર આધાર રાખે છે.

### કલ્યાણ જ્વેલર્સને તમિલનાડુ સરકારની 'થાઈમામન થંગા મોથિરમ થિટ્ટમ' સ્કીમ હેઠળ એક-ગ્રામ સોનાની વીંટી સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ મળ્યો

KALYAN JEWELLERS

ચેન્નઈ : કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડે આજે જાહેર કર્યું છે કે તેણે તમિલનાડુ મેડિકલ સર્વિસિસ કોર્પોરેશન (ટીએનએમએસસી) પાસેથી કોન્ટ્રાક્ટ મળ્યો છે. આ કોન્ટ્રાક્ટ તમિલનાડુ સરકારની 'થાઈમામન થંગા મોથિરમ થિટ્ટમ' સ્કીમ અંતર્ગત તમિલનાડુમાં અલગ-અલગ જગ્યાઓ ઉપર એક ગ્રામ, 22-કેરેટ, 916-ગ્રેડ બીઆઈએસ-હોલમાર્ક સોનાની વીંટીના સપ્લાય માટે છે. કોન્ટ્રાક્ટની શરતો હેઠળ કલ્યાણ જ્વેલર્સ એક-ગ્રામ, 22 કેરેટ સોનાની વીંટીઓના 38,550 યુનિટ સપ્લાય કરશે. 'થાઈમામન થંગા મોથિરમ થિટ્ટમ' એ તમિલનાડુ સરકારની કલ્યાણકારી પહેલ છે, જેનો ઉદ્દેશ્ય રાજ્યભરના પાત્ર લાભાર્થીઓને સોનાની વીંટીઓનું વિતરણ કરવાનો છે. આ કરાર હેઠળ કલ્યાણ જ્વેલર્સની કામગીરીમાં ટીએનએમએસસી દ્વારા નિર્દિષ્ટ સ્થળોએ વીંટીઓનું ઉત્પાદન, હોલમાર્કિંગ અને ડિલિવરીનો સમાવેશ થશે. કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ટી. એસ. કલ્યાણરમણે કહ્યું હતું કે, 'સોનાનું હંમેશા તમિલ પરિવારોમાં એક ખાસ સ્થાન રહ્યું છે, પરંતુ જ્યારે તે બાળકને ભેટ તરીકે આપવામાં આવે છે, ત્યારે તેનો અર્થ વધુ ગાઢ રહે છે. થાઈમામન થંગા મોથિરમ થિટ્ટમ તમિલનાડુ સરકારની બાળકોના કલ્યાણ અને ભવિષ્ય પ્રત્યેની કટીબદ્ધતા દર્શાવે છે અને અમને ખૂબ જ ગર્વ છે કે કલ્યાણ જ્વેલર્સને આ પહેલનો એક ભાગ સોંપવામાં આવ્યો છે. અમારા માટે દરેક વીંટી પરિવારની આશાઓ અને તમિલનાડુના ભવિષ્યમાં બાળકના સ્થાનની એક નાની પણ અર્થપૂર્ણ અભિવ્યક્તિ છે. અમે આ જવાબદારીને અત્યંત કાળજી, ગુણવત્તા અને પ્રામાણિકતા સાથે પૂર્ણ કરીશું.' કલ્યાણ જ્વેલર્સ હાલમાં તમિલનાડુમાં 30 શોરૂમ ધરાવે છે અને ચેન્નાઈમાં તેની પ્રથમ પ્રાદેશિક બ્રાન્ડ અક્ષય થાંગા માલિગાઈ લોંચ કરી છે. બ્રાન્ડ, તેના કલેક્શન અને ઓફર્સ વિશે વધુ માહિતી માટે, https://www.kalyanjewellers.net/ ની મુલાકાત લો.

### પિયર્સને ઓફિશિયલ PTE AI પ્રેક્ટિસ ટૂલ લોંચ કર્યું, જે ટેસ્ટ આપતા લોકોમાં ટેસ્ટના દિવસે આત્મવિશ્વાસ વધારવા અને સજ્જ થવા મદદરૂપ છે

નવી દિલ્હી | પિયર્સન (FTSE: PSON.L)એ એનું અધિકૃત AI-પાવર્ડ ટૂલ ઓફિશિયલ PTE AI પ્રેક્ટિસ લોંચ કર્યું છે, જે ટેસ્ટ આપતા લોકોને પિયર્સન ટેસ્ટ ઓફ ઈંગ્લિશ (PTE) પરીક્ષાની તૈયારીમાં મદદ કરે છે. આ પરીક્ષા વિદેશમાં અભ્યાસ કરતા, કામ કરતા અને રહેવા માટે જરૂરી છે.ટેસ્ટ આપનાર મોક ટેસ્ટ અને અલગ-અલગ કે વ્યક્તિગત પ્રશ્નોનો જવાબ આપી શકે છે તથા તરત સ્કોર અને ફીડબેક મેળવી શકે છે. ત્યાર બાદ તેમને એક AI ટ્યૂટર પાસેથી માર્ગદર્શન મળે છે, જે તેમને સટિકપણે દર્શાવે છે કે તેમને ક્યાં સુધારો કરવાની જરૂર છે. આ ટૂલ PTE એકેડેમિક અને PTE કોર એમ બંનેની તૈયારીમાં મદદ કરે છે.આ શા માટે મહત્વપૂર્ણ છે?દર વર્ષે લાખો લોકો યુનિવર્સિટીમાં એડમિશન, નોકરી કે વિદેશમાં વિઝા મેળવવા જરૂરી ઈંગ્લિશ ટેસ્ટ આપે છે. મોટા ભાગના લોકો હવે પોતાના મોબાઈલ પર પોતાની સુવિધા મુજબ તૈયારી કરે છે. ઓફિશિયલ PTE AI પ્રેક્ટિસ સાથે શીખનાર લોકો અસલી પ્રેક્ટિસ સવાલોની તૈયારી કરે છે અને તેમને સ્કોરિંગની સાચી રીતો મુજબ સ્કોર અને ફીડબેક મળે છે. એનાથી તેમનો આત્મવિશ્વાસ વધે છે અને તેઓ સારી રીતે સમજી શકે છે કે, ટેસ્ટના દિવસે તેઓ શું આશા રાખી શકે છે.પિયર્સન ઈંગ્લિશ લેંગ્વેજ લર્નિંગના પ્રેસિડન્ટ શેરોન હેગે કહ્યું હતું, 'ટેસ્ટ આપનાર લોકો માટે ટેસ્ટના દિવસે આત્મવિશ્વાસ હોય એ જરૂરી છે. તેમને ઉચિત ફીડબેક, ટેસ્ટના ધારાધોરણોનો સાચો અંદાજ મળવો જોઈએ. વળી, તેમણે સ્પષ્ટપણે સમજવુ જોઈ કે, તેમણે કઈ બાબત પર ધ્યાન આપવાની જરૂર છે. અમે ઓફિશિયલ PTE AI પ્રેક્ટિસ બનાવ્યું છે, કારણ કે ટેસ્ટ આપતા લોકો સૌથી વધુ જરૂર હોય એના પર ઉચિત રીતે ધ્યાન આપી શકે. તેમાં દરેક પગલે માર્ગદર્શન આપવા AI ટ્યૂટર છે અને એક ગ્લોબલ લીડરબોર્ડ છે, જેમાં તેઓ જોઈ શકે છે કે, PTE સમુદાયમાં તેમની સ્થિતિ શું છે.'ભારતમાં તેની જરૂરિયાત સવિશેષ મહત્વપૂર્ણ છે. ICEF મોનિટર દ્વારા વિદેશ મંત્રાલયના ડેટા ટાંકીને જણાવ્યું છે કે, વર્ષ 2025માં 12 લાખથી વધારે ભારતીય વિદ્યાર્થીઓ વિદેશોમાં ઉચ્ચ અભ્યાસ મેળવી રહ્યાં છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થીઓ અને પ્રતિભાઓની અવરજવરમાં ભારતનું સતત વધતું મહત્વ દર્શાવે છે. જેમ જેમ વધારે વિદ્યાર્થીઓ વિદેશોમાં અભ્યાસ, કામ અને રહેવાનો માર્ગ પસંદ કરી રહ્યાં છે, તેમ તેમ તેમને આત્મવિશ્વાસ સાથે આગેકૂચ કરવામાં મદદરૂપ થવા ભરોસો કરી શકાય એવી રીતે ઈંગ્લિશની તૈયારી જરૂરી બનતી જાય છે. પિયર્સન ઈંગ્લિશ લેંગ્વેજ લર્નિંગના રિજનલ ડિરેક્ટર પ્રભુલ રવિન્દ્રને કહ્યું હતું, 'જેમ જેમ ઈંગ્લિશ ગ્લોબલ ટેલેન્ટ મોબિલિટી હાર્દરૂપ બનતી જાય છે, તેમ તેમ આ ભાષામાં કુશળતા ઘણી વાર આશા અને તક વચ્ચે સેતુનું કામ કરે છે. ઓફિશિયલ PTE AI પ્રેક્ટિસ ભારતીય ટેસ્ટ આપતા લોકોને અધિકૃત સવાલ, તરત સ્કોરિંગ અને લક્ષિત ફીડબેક આપે છે, જેથી તેઓ સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ સાથે તૈયારી કરી શકે.'

## એક્સિસ બેન્કે મજબૂત એમએસએમઈ અને બ્રાન્ચ બેંકિંગ ક્ષમતાઓ દ્વારા ગુજરાતના વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા વધુ મજબૂત કરી

(એજન્સી) નવી દિલ્હી | તા24

ભારતમાં ખાનગી ક્ષેત્રની અગ્રણી બેન્કોમાંની એક એક્સિસ બેન્કે ગુજરાતમાં પોતાની હાજરી વધુ મજબૂત બનાવવાનું ચાલુ રાખ્યું છે. ગુજરાત બેન્કના સૌથી મહત્વપૂર્ણ વિકાસ બજારોમાંનું એક છે. બેન્કે પોતાની શાખાઓના નેટવર્ક, એમએસએમઈ ક્ષેત્રની ક્ષમતાઓ અને ગ્રાહકકેન્દ્રિત ઉકેલોમાં રોકાણ કરીને રાજ્યમાં પોતાની હાજરીને વધુ મજબૂત બનાવી છે. મજબૂત ઔદ્યોગિક આધાર, વિકસતું ઉદ્યોગસાહસિક વાતાવરણ અને વિવિધ ક્ષેત્રોમાં વધી રહેલી વ્યવસાયિક તકોને કારણે ગુજરાત બેંક માટે મહત્વપૂર્ણ બજાર બની રહ્યું છે.અમદાવાદમાં યોજાયેલી મીડિયા રાઉન્ડટેબલ બેઠક દરમિયાન વિજય શેટ્ટી, ગ્રુપ હેડ - કોમર્શિયલ બેન્કિંગ ગ્રુપ, પ્રશાંત ટી.એસ., ગ્રુપ હેડ - મિડ કોર્પોરેટ્સ એન્ડ એમઈજી અને સંજીવ મોઘે, ગ્રુપ હેડ - બ્રાન્ચ બેન્કિંગ, સાઉથ સહિતના એક્સિસ બેંકના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે બેન્ક સ્થાનિક સંબંધો, એમએસએમઈ ક્ષેત્રની નિપુણતા અને ડિજિટલ ક્ષમતાઓને એકસાથે લાવીને ગુજરાતના વ્યવસાયો, ઉદ્યોગસાહસિકો અને સમુદાયોને સહયોગ આપી રહી છે. બ્રાન્ચ બેન્કિંગમાં નવા યુગની શરૂઆત : એક્સિસ બેન્ક પોતાના ફિઝિકલ બ્રાન્ચ નેટવર્કને સતત મજબૂત બનાવી રહી છે અને ગ્રાહકોના વિશ્વાસ તથા સ્થાનિક સંબંધોના મહત્વને ધ્યાનમાં રાખી રહી છે. 30

AXIS BANK

જૂન, 2026 સુધીમાં બેન્કનું દેશભરમાં સ્થાનિક શાખાઓનું નેટવર્ક 6,295 શાખાઓનું હતું, જે દેશભરમાં આશરે 5.4 કરોડ ગ્રાહકોને સેવા આપે છે. દેશવ્યાપી હાજરી ઉપરાંત, એક્સિસ બેન્કે ગુજરાતમાં પણ નોંધપાત્ર વિસ્તરણ કર્યું છે. છેલ્લા 33 વર્ષથી વધુ સમયથી ગુજરાત બેન્કની વિકાસયાત્રામાં મહત્વપૂર્ણ બજાર રહ્યું છે. અમદાવાદનું આ વિકાસયાત્રામાં વિશેષ સ્થાન છે, કારણ કે બેન્કના નેટવર્કના વિસ્તરણ દરમિયાન અહીં તેની પ્રથમ, 2,500મી અને 5,000મી શાખા શરૂ થઈ હતી. ગુજરાતમાં નેટવર્ક: 475 શાખાઓ, 311 એટીએમ અને 597 કેશ રિસાયકલર્સ, અમદાવાદમાં નેટવર્ક: શહેરમાં 95 શાખાઓ અને 206 એટીએમ તથા કેશ રિસાયકલર્સ, જિલ્લાકક્ષાએ પહોંચ: ગુજરાતના તમામ 32 જિલ્લાઓમાં હાજરી. (ઉપરોક્ત આંકડા 30 જૂન, 2026 સુધીના છે.) આ નેટવર્કને વધુ વિસ્તારતા એક્સિસ બેન્કે ગુજરાતમાં મજબૂત ભારત બેન્કિંગ હાજરી ઊભી કરી છે. 30 જૂન, 2026 સુધીમાં રાજ્યમાં 200થી વધુ ભારત બેન્કિંગ શાખાઓ અને 1,000થી વધુ વિલેજ લેવલ એન્ટરપ્રેન્યોર (વીએલઈ) બિઝનેસ કોરસ્પોન્ડન્ટ્સ કાર્યરત હતા. આ નેટવર્ક ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોના લોકો સુધી બેન્કિંગ સેવાઓ પૂરી પાડે છે. તેમાં અગાઉ બેન્કિંગ સેવાથી વંચિત રહેલાં 58 ગામોનો પણ સમાવેશ થાય છે, જેના દ્વારા રાજ્યમાં નાણાંકીય સમાવેશને પ્રોત્સાહન મળી રહ્યું છે.

## અહમદાબાદના પુરોહિત સેન્ડવિચે ઝોમાટો પ્લેટફોર્મના સહયોગથી વાર્ષિક ઓર્ડર વોલ્યુમમાં નોંધાવ્યો ~3 ગણો વધારો

અમદાવાદ: અમદાવાદની સૌથી લોકપ્રિય સ્ટ્રીટ ફૂડ બ્રાન્ડ્સમાંની એક પુરોહિત સેન્ડવિચે, 2021માં ઝોમેટો પર જોડાયાબાદ વાર્ષિક ઓર્ડરના પ્રમાણમાં લગભગ ત્રણ ગણો વધારો નોંધાવ્યો છે. 1962માં શરૂ થયેલી આ બ્રાન્ડ આશ્રમ રોડ પરની એક નાનકડી લારીથીઆગળ વધીને આજે ઘર-ઘરમાં જાણીતું નામ બની છે અને પોતાની આગવી સેન્ડવિચ વેરાયટી તથા અનોખા સ્વાદ માટે પેઢી દર પેઢીના ગ્રાહકોમાં લોકપ્રિય બની છે.બ્રાન્ડની સફર વિશે વાત કરતાં, પુરોહિત સેન્ડવિચના સ્થાપક અનુરાગ પુરોહિતે જણાવ્યું હતું કે, "છ દાયકાથી વધુ સમયથી અમારું ધ્યાન સ્થાનિકસ્વાદને અનુરૂપ વિશિષ્ટ અને સ્વાદિષ્ટ સેન્ડવિચ તૈયાર કરવા પર રહ્યું છે. આજે પુરોહિત સેન્ડવિચ અમદાવાદની ખાણીપીણીની સંસ્કૃતિનોઅવિભાજ્ય હિસ્સો બની ગયું છે. ઝોમેટોના સહયોગથી અમે નવા ગ્રાહકો સુધી પહોંચી શક્યા છીએ અને વર્ષોથી ગ્રાહકોનો જળવાયેલોવિશ્વાસ જોવો એ અમારા માટે અત્યંત સંતોષજનક અનુભવ રહ્યો છે."ઝોમેટોના CEO આદિત્ય મંગલાએ જણાવ્યું હતું કે, "પુરોહિત સેન્ડવિચની વૃદ્ધિ તેમની મજબૂત પરંપરા અને અસલ સ્વાદ પ્રત્યેનીપ્રતિબદ્ધતાને દર્શાવે છે. તેઓ પોતાની આ સફરને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યા છે અને વધુ ને વધુ ગ્રાહકો સુધી પોતાનો સ્વાદ પહોંચાડીરહ્યા છે, ત્યારે તેમના ભાગીદાર બનવાનો અમને બેહદ આનંદ છે."પુરોહિત સેન્ડવિચની સફરની શરૂઆત 1962માં એક નાનકડી લારીથી થઈ હતી. સ્થાનિક સ્વાદને અનુરૂપ વિશિષ્ટ સેન્ડવિચ બનાવવાના વિચારસાથે શરૂ થયેલી આ સફરમાં બ્રાન્ડને પહેલી મોટી સફળતા 'આલૂ મટર સેન્ડવિચ'થી મળી, જે જોતજોતામાં અમદાવાદીઓની મનપસંદસેન્ડવિચ બની ગઈ. સમય સાથે નવા સ્વાદ અને સેન્ડવિચની નવી જાતો રજૂ કરવાનો આ સિલસિલો ચાલુ રહ્યો, જેમાં રશિયન સેન્ડવિચ, ચીઝચટણી જામ સેન્ડવિચ, થ્રી-ઈન-વન સેન્ડવિચ અને ચીઝ પાઈનેપલ સેન્ડવિચ જેવી લોકપ્રિય વેરાયટીઓનો ઉમેરો થયો.આજે, શરૂઆતના છ દાયકાથી વધુ સમય બાદ પણ, પુરોહિત સેન્ડવિચ અમદાવાદની સ્ટ્રીટ ફૂડ સંસ્કૃતિનો પર્યાય બની રહ્યું છે.

## L&T ને મધ્ય પૂર્વમાં રૂ. 15,000 કરોડથી વધુનો ગેસ કમ્પ્રેશન પ્રોજેક્ટ મળ્યો

નવી દિલ્હી: લાર્સન એન્ડ ટુબ્રોએ મધ્ય પૂર્વમાં રૂ. 15,000 કરોડથી વધુનો 'અલ્ટ્રા-મેગા' ગેસ કમ્પ્રેશન પ્રોજેક્ટ મેળવ્યો છે. ફાઈલિંગ મુજબ, કંપનીની એન્જિનિયરિંગ, પ્રાપ્તિ અને બાંધકામ (EPC) શાખા - L&T એનર્જી હાઈડ્રોકાર્બન ઓનશોર (LTEH ઓન-શોર) - એ નાણાકીય વર્ષ 26 માં જારી કરાયેલા પત્ર સામે મધ્ય પૂર્વમાં એક મુખ્ય ક્લાયન્ટ માટે ગેસ કમ્પ્રેશન સુવિધા પ્રોજેક્ટ હાથ ધરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ પ્રોજેક્ટમાં ગેસ કમ્પ્રેશન પ્લાન્ટ્સના EPCનો સમાવેશ થાય છે, જેમાં વધુમાં - ગેસ ઈનલેટ સુવિધાઓ, ગેસ કમ્પ્રેશન સિસ્ટમ્સ, કન્ડેન્સેટ અને ઉત્પાદિત પાણી હેન્ડલિંગ સિસ્ટમ્સ, પ્રોપેન રેફ્રિજરેશન સિસ્ટમ્સ અને તમામ સંબંધિત ઉપયોગિતાઓ શામેલ છે. ફાઈલિંગ મુજબ, લાગુ ક્લાયન્ટ ધોરણો, કોડ્સ અને પ્રોજેક્ટ આવશ્યકતાઓનું પાલન કરીને ખાટા ગેસને પ્રક્રિયા કરવા માટે નવા ઓનશોર ઈન્સ્ટોલેશન માટે આ સુવિધાઓ વિકસાવવામાં આવશે.'ગેસ કમ્પ્રેશન પ્લાન્ટ્સની વીજળી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે, L&Tનો પાવર ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન બિઝનેસ બે 230 kV એક્સ્ટ્રા-હાઈ-વોલ્ટેજ સબસ્ટેશનનું કાર્ય કરશે,' ફાઈલિંગમાં લખ્યું છે. LTEH ઓનશોર અપસ્ટ્રીમ, મિડસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ હાઈડ્રોકાર્બન ક્ષેત્રોમાં લમ્પ સમ ટર્નકી સોલ્યુશન્સ પ્રદાન કરે છે. વિકાસ પર ટિપ્પણી કરતા, L&T એનર્જી હાઈડ્રોકાર્બન ઓન-શોરના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને હેડ ઈ.એસ. સત્યનારાયણને જણાવ્યું હતું કે, 'આ કરાર એક વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ પ્રોજેક્ટની શરૂઆત છે જે નોંધપાત્ર ગેસ કમ્પ્રેશન ક્ષમતા અને ઉપયોગિતા માળખાને ઉમેરશે. આ પ્રોજેક્ટ મોટા અને જટિલ હાઈડ્રોકાર્બન સુવિધાઓના અમલીકરણમાં અમારા વ્યાપક અનુભવ પર આધારિત છે અને પડકારજનક ખાટા ગેસ એપ્લિકેશનો માટે સંકલિત ઉકેલો પહોંચાડવાની અમારી ક્ષમતાને મજબૂત બનાવે છે. અગાઉ, LTEH ઓફશોરે બહુવિધ ઓફશોર સુવિધાઓના વિકાસ માટે મધ્ય પૂર્વના એક મુખ્ય ક્લાયન્ટ પાસેથી રૂ. 15000 કરોડથી વધુનો 'અલ્ટ્રા મેગા ઓર્ડર' મેળવ્યો હતો. તેણે દુબઈના અલ મક્તૂમ ઈન્ટરનેશનલ એરપોર્ટના ફેઝ 1 માટે ઓટોમેટેડ પીપલ મૂવર સિસ્ટમ ડિઝાઈન અને બનાવવા માટે રૂ. 5,000 કરોડ સુધીનો ઓર્ડર પણ મેળવ્યો હતો.

## AI4India એ બેંગલુરુમાં AI સમિટમાં AI ડિફ્યુઝન મેટ્રિક્સ રિપોર્ટ, મૂલ્યાંકન સાધન લોન્ચ કર્યું

બેંગલુરુ: AI4India એ સોમવારે બેંગલુરુમાં AI ફોર ઈન્ડિયા સમિટ 2026 ખાતે સેન્ટર ફોર સ્ટડી ઓફ સાયન્સ, ટેકનોલોજી એન્ડ પોલિસી (CSTEP) સાથે ભાગીદારી કરીને AI ડિફ્યુઝન મેટ્રિક્સ રિપોર્ટ અને મૂલ્યાંકન સાધન લોન્ચ કર્યું છે. નીતિ આયોગ સાથે પરામર્શ કરીને વિકસાવવામાં આવેલ, આ અહેવાલ અને સાધન સંસ્થાઓને તેમના AI અપનાવવાની પરિપક્વતાનું મૂલ્યાંકન કરવામાં, અમલીકરણના અંતરને ઓળખવામાં અને અલગ પ્રયોગોથી આગળ વધીને સમગ્ર સંસ્થામાં જવાબદારીપૂર્વક ફેલાયેલા AI તરફ આગળ વધવા માટે એક માળખાગત રોડમેપ બનાવવામાં મદદ કરવા માટે રચાયેલ છે. પ્રકાશનમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે કે, જ્યારે ઘણાએ AI પાઈલોટ્સ અને પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સ લોન્ચ કર્યા છે, ત્યારે થોડા લોકો AI ને મુખ્ય કામગીરીમાં એકીકૃત કરવામાં, યોગ્ય શાસન પ્રણાલીઓ સ્થાપિત કરવામાં સક્ષમ થયા છે. 'AI ડિફ્યુઝન મેટ્રિક્સ આ યાત્રામાં સંસ્થા ક્યાં ઉભી છે અને તેને આગળ શું કરવાની જરૂર છે તેનું મૂલ્યાંકન કરવા માટે એક સામાન્ય માળખું પૂરું પાડે છે,' તે જણાવ્યું હતું. અહેવાલ ચાર મુખ્ય પરિમાણોમાં AI પ્રસારનું વિશ્લેષણ કરે છે - ટેકનોલોજી તૈયારી, શાસન, જોખમ વ્યવસ્થાપન અને મૂલ્ય નિર્માણ. પ્રકાશન મુજબ, તે સંસ્થાઓને 'એઆઈને અસરકારક રીતે ઉપયોગમાં લેવા માટે જરૂરી માળખાગત માળખું, ડેટા સિસ્ટમ્સ, પ્રતિભા અને તકનીકી ક્ષમતાઓ છે કે કેમ તે તપાસવામાં મદદ કરે છે; શું નિર્ણય લેવાની રચનાઓ અને જવાબદારી પદ્ધતિઓ સ્થાપિત છે કે નહીં; તેઓ જોખમોને કેવી રીતે ઓળખી રહ્યા છે અને તેનું સંચાલન કરી રહ્યા છે કે કેમ; અને એઆઈ પહેલ ઉત્પાદકતા, સેવા વિતરણ, સમાવેશ, નવીનતા અથવા અન્ય સંગઠનાત્મક પરિણામોમાં માપી શકાય તેવા સુધારાઓ પહોંચાડી રહી છે કે કેમ.' એક ખાસ વિડિઓ સંદેશમાં, નીતિ આયોગના સભ્ય પ્રો. અભય કરંદીકરે જણાવ્યું હતું કે, 'ભારતે આ ક્ષણ માટે મજબૂત પાયો બનાવ્યો છે, પરંતુ એઆઈનું વાસ્તવિક માપ એ હશે કે તેનો ખરેખર ઉપયોગ થાય છે કે નહીં અને સામાન્ય લોકો તેનાથી થતા તફાવતને અનુભવી શકે છે કે નહીં.' બીજી બાજુ, એઆઈ4ઈન્ડિયા અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા, સહ-સ્થાપક શશી શેખર વેમ્પતીએ જણાવ્યું હતું કે, 'ભારતની એઆઈ તક ફક્ત આપણે બનાવેલા મોડેલો અથવા આપણી પાસે જે ટેકનોલોજી છે તેના દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવશે નહીં. વાસ્તવિક તક એઆઈને સાહસો, સરકારો અને સમુદાયોના રોજિંદા કાર્યમાં લઈ જવામાં રહેલી છે.

## અમદાવાદમાં સૌ પ્રથમ વાર ₹ ૨ કરોડના ઈનામોની "લેડીઝ હાઉસી" યોજાઇ





(એજન્સી) અમદાવાદ | તા24

કર્ણાવતી ક્લબ દ્વારા મહિલાઓ માટે "લેડીઝ બમ્પર હાઉસી" શનિવાર, ૨૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ યોજાઈ. WE કમિટીના ચેરપર્સન હિતા પટેલના જણાવ્યા અનુસાર, આ સીઝનમાં કર્ણાવતી ક્લબ વુમન એમ્પાવરમેન્ટ કમિટી દ્વારા રોકડ અને ઈનામોનો અત્યાર સુધીનો સૌથી મોટો ખજાનો રજૂ કરવામાં આવ્યો છે. આ ભવ્ય ઈવેન્ટમાં ૪ રોમાંચક રાઉન્ડ, ૧ બમ્પર રાઉન્ડ અને ૧ બોનસ રાઉન્ડ શામેલ હતા. ઈનામોની મુખ્ય વિગતો: રોકડ ઈનામો: ૧૫ લાખ, કેશ વાઉચર્સ: ૩૨ લાખથી વધુ, ગિફ્ટ હેમ્પર્સ: ૧૨ લાખથી વધુ, ગુડી બેગ્સ: ૧૫,૦૦૦+ ની કિંમતની (દરેક સહભાગી માટે)

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ-13

# યુવા વોટરો પર ફોક્સ કરવાનું ભાજપએ નક્કી કર્યું

નવીદિલ્હી : ઘટતી જતી લોકપ્રિયતા બાબતે મોદી - શાહ સહિત ભાજપના નેતાઓ ચિંતીત છે. એમને સમજણ પડતી નથી કે, દેશમાં વધી રહેલો વિરોધ કઈ રીતે શાંત કરવો. ભાજપ પાસે ઇન્દિરા ગાંધી જેવી આવડતવાળા કોઈ નેતા નથી. હવે ભાજપના નેતાઓની નજર યુવા મતદારો પર છે. જાણવા મળ્યા પ્રમાણે ભાજપની કોર ટીમએ 'જેન ઝી આઉટ રીચ પ્રોગ્રામ'ને આગળ વધારવા માટે એક ખાસ ટીમ બનાવી છે. આ ટીમમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતિન નવીન, રાષ્ટ્રીય મહામંત્રી સ્મૃતિ ઈરાની અને વિનોદ તાવડે, ગુજરાતના ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી, છત્તીસગઢના મંત્રી ઓપી ચૌધરી સહિત બીજા કેટલાક નેતાઓ છે. ભાજપ ઝડપથી જેન ઝી સાથે આઉટ રીચ પ્રોગ્રામ શરૂ કરવા માંગે છે. નવી પેઢી સાથે સીધો સંવાદ કરીને એમને પક્ષ તરફ વાળવાની કોશિષ થશે. આવનારી ચૂંટણીઓમાં પણ હવે જેન ઝીને વધુ ટિકિટો આપવી એવું નક્કી કરવામાં આવ્યું છે.તામિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયની કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે અરધી રાતે થયેલી મુલાકાત પછી એવી ચર્ચા ચાલી હતી કે, સીમાંકન બીલ બાબતે વિજય ફુણા પડયા છે. જોકે હવે કોંગ્રેસે સ્પષ્ટતા કરી છે કે વિજયનું વલણ બદલાયું નથી. ભૂવનેશ્વરમાં કોંગ્રેસના નેતા સંતોષ સિંહ સલુજાએ કહ્યું છે કે મને નથી લાગતું કે વિજયનો નિર્ણય બદલાયો હોય. કારણ એ છે કે એમના પક્ષનો કોઈપણ સભ્ય લોકસભા કે રાજ્યસભામાં નથી. કોઈપણ રાજ્યની બેઠકો ઘટવી જોઈએ નહીં. બેઠકો ઓછી નહીં કરવાની વાત કહીને તેઓ પહેલાની જેમ જ વિચાર પ્રદર્શિત કરી રહ્યા છે. સલુજાનું કહેવું છે કે સીમાંકન બીલનો વિરોધ કોઈ નથી કરી રહ્યું. વાંધો એ છે કે મહિલા અનામત નામના બીલે ખોટી રીતે સીમાંકન બીલ પસાર કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. મહિલા અનામત બીલ ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનામાં જ પસાર થઈ ચૂક્યું છે.કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે દિલ્હી હાઈકોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. એમણે રાજકીય વિશ્લેષક અભિજીત ઐયર મિત્રા, અલગ અલગ લો પોર્ટલ અને મીડિયા સામે ફરિયાદ દાખલ કરી છે. પોતાના ઘરનું શૂટીંગ કરીને એનું વિવરણ સાર્વજનીક કરવા બદલ આ બધા સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે. સીજેપીના પ્રવક્તાએ કોર્ટ સમક્ષ પોતાના અધિકારો અને સુરક્ષા માટેની રક્ષા કરવાના અધિકારો માટે આરોપીઓને દંડીત કરવાની માંગણી પણ કરી છે. એમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ તેમજ ગુગલ સામે પણ પગલા લેવાની માંગણી કરી છે. ગુગલ અને એક્સ એના ઘરના તમામ વીડિયો પોતાના પ્લેટફોર્મ પરથી દુર કરે અને ભવિષ્યમાં આવુ પ્રસારણ થતું રોકે એને માટે પણ દાદ માંગી છે.પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની ઈમેજ સામાન્ય લોકોમાં નસીબદાર મુખ્યમંત્રી બનનારની છે. જોકે હવે ભગવંત માનએ ઈમેજ બદલવા માટે પોતાની જિંદગી પરથી આધારીત એક વિશેષ ડોક્યુમેન્ટરી ફિલ્મ તૈયાર કરાવી છે. આ ફિલ્મનું નામ 'સતૌજ સે સંસદ તક' રાખવામાં આવ્યું છે. માન આ ડોક્યુમેન્ટરીથી ખુબ ખુશ છે અને એની જાહેરાત એમણે પોતે જ સોશ્યલ મીડિયા એક્સ પર કરી છે. એમણે લખ્યું હતું કે, 'ડોક્યુમેન્ટરી ડિસ્કવરી ચેનલ પર ૩૦મી ઓગસ્ટે સાંજે ૭ વાગ્યે બતાવવામાં આવશે. મુખ્યમંત્રીએ એક્સ પર ડોક્યુમેન્ટરીની કેટલીક ક્લીપ પણ શેર કરી હતી. ડોક્યુમેન્ટરીમાં એમના ગામ સતૌજથી સંસદ સુધીની એમની સફર અને ત્યાર પછી મુખ્યમંત્રી બન્યા એ કાર્યકાળનો ઉલ્લેખ છે. આ ડોક્યુમેન્ટરી ૭ અલગ અલગ ભાષાઓમાં તૈયાર કરવામાં આવી છે.' થોડા દિવસો પહેલા પાકિસ્તાનમાં ભારતના હાઈકમિશનની બહાર કરવામાં આવેલા કેટલાક બાંધકામોને પાકિસ્તાનના સત્તાવાળાઓએ તોડી પાડયા હતા. હવે ભારતે વળતા જવાબમાં પાકિસ્તાની હાઈકમિશનની બહાર બનાવવામાં આવેલા કેટલાક ટેમ્પરરી સ્ટ્રક્ચર તોડી પાડયા છે. ભારતના વિદેશ મંત્રાલયે પણ ખુલીને આ બાબતે માહિતી આપી છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, પાકિસ્તાનમાં ભારતના હાઈકમિશન બાબતે અમે પાકિસ્તાનને ઘણી વિનંતી કરી હતી છતાં તેઓ માન્યા નહોતા. એમણે લીધેલા એક્શનના રીએક્શનમાં અમે પણ એમની હાઈકમિશનની બહાર ઉભા કરેલા ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝર ફેરવી દીધું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલનું કહેવું છે કે, 'પાકિસ્તાનના ભારતીય હાઈકમિશનની સામે પાર્કિંગ માટે બનાવવામાં આવેલા કેટલાક ઢાંચા તોડી નાખવામાં આવ્યા હતા. અમે જોયું કે પાકિસ્તાન હાઈકમિશનની બહાર પણ કેટલાક ગેરકાયદેસર ઢાંચા બન્યા છે એટલે અમે એને દુર કર્યા.'

## દ્વારકાધીશ પરીવાર (અમદાવાદ) દ્વારા ચાણસ્માની પી.એમ શ્રી પ્રા કન્યાશાળાના વિદ્યાર્થીનીઓને પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે તિથિ ભોજન અપાયું

નિતીન ઠાકર | ચાણસ્મા

અમદાવાદ ખાતેના દ્વારકાધીશ પરીવાર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પવિત્ર શ્રાવણી સોમવારના દિવસે ચાણસ્મા પ્રા. કન્યા શાળાની વિદ્યાર્થીની ઓ ને તિથિ ભોજન આપવામાં આવ્યું જેનું આયોજન શાળાના સારસ્વત



ચિરાગભાઈ જોષીએ કર્યું હતું તદઉપરાંત શાળાના આચાર્ય મહેશભાઈ ચૌધરીની દિકરી એ. પાટણ ક્લેક્ટરની ચાણસ્મા શાળાની મુલાકાત દરમિયાન તેમનું સુંદર ચિંત્રાંકન કરી ફોટોફ્રેમ સાથે આપ્યું હતું જે દિકરીને આ પ્રસંગે શાળા પરીવાર દ્વારા મેમેન્ટો આપી સન્માનીત કરાયા હતા અને કાર્યક્રમમાં ઉપસ્થિત ટીપીઓ સરોજબેન પટેલે શાળાના બાળકો તિથિ ભોજન આપનાર દાતા દ્વારકાધીશ પરીવારની સેવાને બિરદાવી હતી તેમજ તેજસ્વી. ચિત્રકલાકાર દિકરી ચિત્રકલા ક્ષેત્રે સફળતાના શિખરો સર કરી ઉજજવળ કારકીર્દી બનાવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી આ પ્રસંગે તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી સરોજબેન પટેલ સી આર સી રાકેશભાઈ પટેલ આચાર્ય મહેશભાઈ ચૌધરી શાળા પરિવાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા શાળાના ચિરાગભાઈ જોષી ભાઈલાલભાઈ ઠાકોર સહિત શાળા પરિવાર દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું.

## દાહોદ સબ જેલ ખાતે રક્ષાબંધન પર્વની કરાઈ ઉજવણી

દિપક રાવલ દાહોદ લીમખેડા

રક્ષાબંધન પર્વની ઉજવણીના ભાગરૂપે દાહોદ સબ જેલ ખાતે આરોગ્ય વિભાગ અને સંલગ્ન સંસ્થાઓના સહયોગથી રક્ષાબંધન પર્વની ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ઉદય ટીલાવત તથા જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ. આર.ડી. પહાડિયાના માર્ગદર્શન અને સૂચના અનુસાર જીસેક્સ, અમદાવાદ દ્વારા દાહોદ જિલ્લામાં નેશનલ એઇડ્સ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત કાર્યરત દિશા, ડાપકુ, આઈ.સી.ટી.સી., ટી.આઈ., એલ.ડબલ્યુ.એસ. તથા GSNP+ સુરત દ્વારા કાર્યરત શુભેક્ષા અને વિહાન સંસ્થાના સ્ટાફ બહેનો દ્વારા દાહોદ સબ જેલ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન આરોગ્ય વિભાગની મહિલા કર્મચારીઓ દ્વારા જેલના અધિકારીઓ, કર્મચારીઓ તથા



બંદીવાનોને મીઠાઈ ખવડાવી રાખડી બાંધી રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ સાથે જેલના તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને બંદીવાનો નિરોગી, તંદુરસ્ત અને સ્વસ્થ રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.રક્ષાબંધન પર્વ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં ભાઈચારો, માનવતા, સ્નેહ અને પરસ્પર લાગણીની ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો. જેલમાં રહેલા બંદીવાનો પ્રત્યે સંવેદનશીલ અભિગમ રાખી તેમને પણ સમાજનો એક મહત્વપૂર્ણ હિસ્સો હોવાની લાગણી સાથે આત્મીયતાનો અનુભવ કરાવવામાં આવ્યો હતો.આ પ્રસંગે આરોગ્ય વિભાગ અને જેલ પ્રશાસન વચ્ચેના સંકલનને વધુ સુદ્રઢ કરવાની સાથે બંદીવાનોના આરોગ્ય અને માનસિક સુખાકારી અંગે પણ સંવેદનશીલ અભિગમ સાથે કામગીરી કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## ગુરૂવારે ૬મી વાર્ષિક મિલાદ કોન્ફરન્સ : ઇસ્લામમાં જ્ઞાનનું મહત્વ અને પયગંબર હઝરત મુહમ્મદના આદર્શ જીવન પર થશે ઉદબોધન

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

કચ્છના છેવાડે આવેલા ઐતિહાસિક લખપત ગામે આગામી ૨૭ ઓગસ્ટ, ગુરૂવારે સવારે ૧૧ વાગ્યે અલ ફુરકાન ફાઉન્ડેશન દ્વારા ૬મી વાર્ષિક મિલાદ કોન્ફરન્સનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા પાંચ વર્ષથી યોજાતી આ કોન્ફરન્સને લઈને આયોજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.વિશ્વભરમાં ઈસ્લામના આખરી પયગંબર હઝરત મુહમ્મદના ૧૫૦૧મા જન્મદિનની ઉજવણીના ભાગરૂપે યોજાનારી આ કોન્ફરન્સમાં કચ્છના જાણીતા ખતીબ, ઈસ્લામિક સુફી સ્કોલર તથા શૈખુલ હદીસ મૌલાના અબ્દુર્રહમાન સાહેબ અને મૌલાના અલીફ નકશબંદી સાહેબ દ્વારા નબીની સીરત, જીવનચરિત્ર, ઈસ્લામમાં જ્ઞાનનું મહત્વ તેમજ પયગંબરના આદર્શ જીવન અંગે તકરીર અને ઉદબોધન કરવામાં આવશે.જુલુસ-રેલી વિના શાંતિપૂર્ણ ઉજવણીનો સંદેશ : અલ ફુરકાન ફાઉન્ડેશન દ્વારા મિલાદની ઉજવણી જુલુસ કે રેલી વિના એક સ્થળે સૌને એકત્રિત કરી શાંતિપૂર્ણ રીતે કરવામાં આવે છે. ધાર્મિક ભાવનાઓની સાથે જ્ઞાન, સદાચાર અને પયગંબરના આદર્શ જીવનનો સંદેશ લોકો સુધી પહોંચે તે હેતુથી આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હોવાનું આયોજકો દ્વારા જણાવાયું છે. ફાઉન્ડેશનના સ્થાપક ટ્રસ્ટી પીર સૈયદ અબ્દુલકાદીરશા બાવા સાહેબની અધ્યક્ષતામાં યોજાનારા કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટીઓ તથા કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. કોન્ફરન્સમાં સમગ્ર કચ્છ જિલ્લામાંથી મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે.તકરીર સાથે ન્યાઝનું પણ આયોજન : ૧૨ રબીઉલ અવ્વલ શરીફની વિલાદત શરીફની ઉજવણીના ભાગરૂપે તકરીર ઉપરાંત ન્યાઝ (જમણવાર)નું પણ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન પયગંબર હઝરત મુહમ્મદના જીવન અને સંદેશને કેન્દ્રમાં રાખીને ધાર્મિક માર્ગદર્શન આપવામાં આવશે. છેવાડાના વિસ્તારમાં શિક્ષણની જ્યોત પ્રગટાવતું ફાઉન્ડેશન : અલ ફુરકાન ફાઉન્ડેશન માત્ર ધાર્મિક કાર્યક્રમો પૂરતું સીમિત ન રહી સરહદીય લખપત તથા આસપાસના ગામોમાં શિક્ષણ ક્ષેત્રે પણ કામગીરી કરી રહ્યું છે. મહિલાઓમાં શિક્ષણ અંગે જાગૃતિ આવે અને બાળકીઓ શિક્ષિત બને તે હેતુથી વુમન ડેવલપમેન્ટ એન્ડ વેલફેર સેન્ટર ચલાવવામાં આવે છે. શિક્ષણથી વંચિત બાળકીઓ તથા મહિલાઓને સ્થાનિક સ્તરે શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે.

## રાજપીપલા એ . પી . હાઈસ્કૂલ ના વિદ્યાર્થીઓએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો



રાજપીપલા | હેન્ડ બોલ એસોસિએશન ગુજરાતઆયોજિત સબ જુનિયર હેન્ડબોલ ચેમ્પિયનશિપ રાજ્યકક્ષાની ટુર્નામેન્ટ જે નિકોલ ખાતે યોજાઈ. તેમાં અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ રાજપીપળા ના વિદ્યાર્થીઓએ નર્મદા જિલ્લા ની ભાઈઓની ટીમ એ ખુબજ સુંદર પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા ની એ . પી . હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ અત્રે યોજાયેલ સબ જુનિયર રાજ્યકક્ષા ની હેન્ડબોલ ટુર્નામેન્ટ જે નિકોલ ખાતે યોજાઈ હતી જેમાં નર્મદા જિલ્લા ની ભાઈઓ ની ટીમે ઉત્કૃષ્ટ દેખાવ કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ તેમજ શાળા પરિવાર તરફથી ખેલાડીઓ તેમજ માર્ગદર્શક કોચ ને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## સંખેડાની કોલેજમાં ઉત્સાહભેર ઉજવાયો વિશ્વ ગુજરાતી ભાષા દિવસ, વીર કવિ નર્મદને અર્પણ કરી સ્મરણાંજલિ

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડાની કપાડિયા એન. એમ. એમ. એસ. આર્ટ્સ અને એસ. એન. એસ. બી. એસ. કોમર્સ કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ વીર કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડૉ. દીપકકુમાર વી. પટેલે સૌને પ્રેરણા અને પ્રોત્સાહન આપી અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ ગુજરાતી વિભાગના અધ્યક્ષા પ્રા. રાજશ્રી જોષીએ પ્રાસંગિક ઉદ્દબોધન કરી વીર નર્મદના જીવનનો વિશેષ



પરિચય આપ્યો હતો.વિદ્યાર્થીઓએ વીર નર્મદના જીવન, સાહિત્યસર્જન, ગીતગાન અને કાવ્ય પઠન દ્વારા તેમની કૃતિઓનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે ગુજરાતી ભાષા-સાહિત્યમાં નર્મદના અવિસ્મરણીય પ્રદાનને કારણે 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' ઉજવાય છે તે ખ્યાલ આપી તેમને સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી હતી.કાર્યક્રમનું સંચાલન ડૉ. કનુભાઈ પરમારે કર્યું હતું, જ્યારે સમગ્ર કાર્યક્રમના સંયોજક ડૉ. સાધના ટાંકે કાર્યક્રમને સફળ બનાવનાર સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં આચાર્ય, અધ્યાપકગણ, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહી હતી. આચાર્ય ડૉ. દીપકકુમાર વી. પટેલની પ્રેરણા, વિભાગાધ્યક્ષા પ્રા. રાજશ્રી જોષીની રાહબરી અને ડૉ. સાધના ટાંકના સફળ સંયોજન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## ક્યારેક વેપાર-ધંધાથી ધમધમતું લખપત આજે વેરાન ડેલીઓમાં સાચવી રહ્યું છે ઈતિહાસની અમૂલ્ય યાદો

### ખંડેર ગલીઓની ખામોશી કહે છે લખપતના ભવ્ય ભૂતકાળની કહાણી!

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

કચ્છના ઐતિહાસિક વારસાની ગૌરવગાથા પોતાના હૃદયમાં સાચવીને લખપત આજે પણ સમયની સફરની અનોખી અનુભૂતિ કરાવે છે. વર્ષોથી ખંડેર બની ગયેલી ડેલીઓ, વેરાન ગલીઓ અને મૌન બની ઊભેલી જૂની દીવાલો જાણે પોતાના ભવ્ય ભૂતકાળની કહાણી સંભળાવી રહી હોય તેમ લાગે છે.એક સમય હતો જ્યારે લખપતની ગલીઓમાં વેપાર-ધંધાની ધમધમાટ, લોકોની ચહલપહલ અને જીવનનો ધબકાર સંભળાતો હતો. આજે એ જ સ્થળે ખામોશ દીવાલો અને સમયના થપેડા સહન કરી રહેલા અવશેષો જોવા મળે છે. જોકે આ ખંડેરો માત્ર ઈંટ-પથ્થરના અવશેષો નથી, પરંતુ કચ્છના સમૃદ્ધ ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાની અમૂલ્ય નિશાની છે.સમય ઘણું બદલી ગયો, વસાહતો ઉજડી ગઈ અને અનેક યાદો ભૂતકાળના પાનાંઓમાં સમાઈ ગઈ, પરંતુ



લખપતની આ ગલીઓ આજે પણ પોતાના ઈતિહાસને મૌન ભાષામાં જીવંત રાખે છે. દરેક જૂની દીવાલ જાણે કહી રહી છે– “અહીં ક્યારેક જીવન ધબકતું હતું” “આ ખંડેરો નહીં, કચ્છના ગૌરવપૂર્ણ ઈતિહાસની જીવંત સાક્ષી છે” આ પ્રસંગે હરિસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, “લખપતની આ વેરાન ગલીઓ અને ખંડેર બની ગયેલી ડેલીઓ માત્ર જૂની ઈમારતો નથી, પરંતુ કચ્છના ભવ્ય ઈતિહાસ અને સમૃદ્ધ વારસાની જીવંત સાક્ષી છે. ક્યારેક જ્યાં વેપાર, ધમધમાટ અને લોકોની ચહલપહલ હતી, ત્યાં આજે શાંતિ છવાઈ છે. આ ઐતિહાસિક ધરોહરને સાચવવી અને નવી પેઢીને તેના ગૌરવપૂર્ણ ભૂતકાળથી પરિચિત કરવી આપણી સૌની જવાબદારી છે.”લખપતની ખામોશ ગલીઓ આજે પણ કચ્છના ભવ્ય ભૂતકાળની ગાથા કહે છે અને આવનારી પેઢી માટે આ ઐતિહાસિક ધરોહર સાચવવાનો સંદેશ આપે છે.

## જૂનાગઢમાં ઉપલા દાતાર મહાપર્વ ઉર્સ ના પ્રથમ દિવસે દાતાર બાપુના અમૂલ્ય આભૂષણો ની ચંદન વિધિનો કાર્યક્રમ



નરેન્દ્ર દવે જૂનાગઢ

જુનાગઢમાં ઉપલા દાતાર ની ધાર્મિક જગ્યામાં મહાપર્વ ઉર્સનો આજે પ્રારંભ થયો હતો જેમાં આજે પ્રથમ રાત્રીએ ચંદન વિધિના કાર્યક્રમમાં દાતાર બાપુના અમૂલ્ય આભૂષણો જે ગુફામાંથી વર્ષમાં એક જ વખત બહાર કાઢવામાં આવે છે તે આભૂષણની ચંદન વિધિનો કાર્યક્રમ ધામધૂમ થી ઉજવાયો હતો જેમાં હજારોની સંખ્યામાં દાતાર ભક્તો, સેવકો અને ભાવિકોએ ભાગ લીધો હતો અને દાતાર બાપુના આભૂષણો ના દર્શન કરી અને મહાપ્રસાદ લઈ ધન્ય બન્યા હતા આ પ્રસંગે જગ્યાના મહંતશ્રી ભીમ બાપુ દ્વારા ચંદન વિધિના આ કાર્યક્રમ માં પધારેલા સૌ ભાવિક ભકતોને આદર ભાવ સાથે આવકારી દાતાર બાપુના દર્શન કરાવ્યા હતા આ પ્રસંગે સાધુ સંતો અને પદાધિકારીઓ, અધિકારીઓ વગેરે હાજર રહ્યા હતા અને દાતાર બાપુના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## કેશોદમાં ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાનું આયોજન



નરેન્દ્ર દવે | જૂનાગઢ

ભારત વિકાસ પરિષદ, કેશોદ દ્વારા રાષ્ટ્ર જાગરણ અને રાષ્ટ્ર નિર્માણના સંદેશ સાથે રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા-2026નું આયોજન શહેરના લોહાણા મહાજન વાડી, શરદ ચોક ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત બ્રહ્માકુમારી અલ્પાબેન તથા ભારત વિકાસ પરિષદના સ્થાપક પ્રમુખ ડો સ્નેહલ તન્ના તથા કારોબારીના સભ્ય દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી ફુલ ચાર ટીમોએ ભાગ લીધો હતો જેમાં સંસ્કૃત તથા હિન્દી માં છ ગીતો લાવવામાં આવ્યા હતા. પ્રથમ ક્રમાંકે કેશોદ ગર્લ્સ સ્કુલ વિજેતા જાહેર કરવામાં આવેલ હતા,અખંડ ભારતના ભાવિ નાગરિક એવા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, સ્વદેશાભિમાન, રાષ્ટ્રભક્તિ તથા અનુશાસન જેવા નૈતિક મૂલ્યોનું સિંચન થાય અને રાષ્ટ્ર નિર્માણ તથા રાષ્ટ્ર જાગરણની સામૂહિક ભાવનાને વેગ મળે તે હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિવિધ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ દેશભક્તિના ગીતોનું સમૂહગાન રજૂ કર્યું હતું. કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ ના હોદેદારો, સભ્યો, વિદ્યાર્થીઓ તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્ર જાગરણ - રાષ્ટ્ર નિર્માણ - રાષ્ટ્ર સમર્પણના સંદેશ સાથે યોજાયેલી આ સ્પર્ધાને ઉપસ્થિતોમાંથી સારો પ્રતિસાદ મળ્યો હતો. નિર્ણાયક તરીકે ભુપેન્દ્ર જોશી તથા તેજલબા દરબાર રહ્યા હતા કાર્યક્રમના સફળ બનાવવા જીતેન્દ્ર પટેલ તથા નિશાંત પુરોહિત દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

## શિવભક્તિના રંગે રંગાયું સોમનાથ: શ્રાવણના બીજા સોમવારે હર હર મહાદેવના નાદ સાથે નીકળી સોમનાથ મહાદેવની ભવ્ય પાલખી યાત્રા



નરેન્દ્ર દવે જૂનાગઢ

પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શનાર્થે દેશભરમાંથી હજારોની સંખ્યામાં ભાવિક ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. શિવભક્તોની અપાર શ્રદ્ધા અને ઉત્સાહ વચ્ચે, શ્રી સોમનાથ ટ્રસ્ટની પ્રાચીન અને ભવ્ય પ્રણાલિકા અનુસાર આજે સોમનાથ મહાદેવની વિશેષ પાલખી યાત્રાનું ભક્તિ ભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવ્ય અવસરે, શ્રી સોમનાથ મહાદેવના પ્રતીક સ્વરૂપ શિવલિંગને ફૂલોથી સુશોભિત પાલખીમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા સાહેબ દ્વારા સંપૂર્ણ વૈદિક મંત્રોચ્ચાર અને વિધિ-વિધાન સાથે મહાદેવની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. પૂજન બાદ પરંપરાગત રીતે પાલખી યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.ભક્તિમય વાતાવરણ અને ભક્તોનો ઉત્સાહ ઢોલ, શરણાઈ અને ડમરુંના મંગળ ધ્વનિ તથા 'હર હર મહાદેવ' અને 'જય સોમનાથ'ના ગગનભેદી નાદ સાથે નીકળેલી આ ભવ્ય પાલખી યાત્રામાં અદભુત શિવભક્તિનો નજારો જોવા મળ્યો હતો. યાત્રાના દર્શન માત્રથી સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું.

## શ્રાવણ માસ મહોત્સવ અંતર્ગત શ્રીકષ્ટભંજનદેવ મંદિરના ગર્ભગૃહમાં હિમાલય થીમ આધારિત શિવસ્વરૂપ શણગાર કરાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ. પૂ.શાસ્ત્રીસ્વામી શ્રીહરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસ તા.24-08-26 ને સોમવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ મંદિરના ગર્ભગૃહમાં હિમાલય થીમ આધારિત શિવસ્વરૂપ શણગાર કરાયો હતો. દાદાને શિવજીના રૂપમાં રૂદ્રાક્ષની



માળાઓ, વાઘામ્બર અને શીશ પર અર્ધચંદ્ર સાથે વિશેષ શણગારવામાં આવ્યા હતા. આજે સવારે 5:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામીદ્વારા કરવામાં આવી હતી. આ અનેરા દર્શનનો લાભ અનેક ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ.શ્રાવણ માસ દરમિયાન શ્રી નિલકંઠ મહાદેવ મંદિર ખાતે દરરોજ પવિત્ર બ્રાહ્મણો દ્વારા સંપૂર્ણ શ્રાવણ માસ દરમિયાન શિવપૂજન કરવામાં આવશે. સવારે 7 થી સાંજે 6 દરમિયાન કરવામાં આવશે.સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન તા.13-08-2026 થી તા.11-09-2026 સુધી શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ દ્વારા અનેકવિધ કાર્યક્રમો અંતર્ગત દિવ્ય શણગાર- દર શનિવારે ફ્રુટ અન્નકૂટ,છપ્પન્ન ભોગ અન્નકૂટ, ચોકલેટ અન્નકૂટ,ડ્રાયફ્રુટ મીઠાઈ અન્નકૂટ જેવા અનેક દિવ્ય અન્નકૂટ દર્શન, દર મંગળવારે સંગીતમય સુંદરરકાંડ પાઠ,સંપૂર્ણ શ્રાવણ માસ નિમિત્તે દૈનિક મારુતિ યજ્ઞ, દર રવિવારે સાંજે 4:45 કલાકે દાદાનું દિવ્ય રાજોપચાર પૂજન સાથે મહાસંધ્યા આરતી,દર સોમવારે દાદાને શિવસ્વરૂપ દિવ્ય શણગાર,શ્રીહરિ મંદિરમાં દિવ્ય હિંડોળા દર્શન સાથે દિવ્ય સત્સંગ કથા, શ્રી કૃષ્ણ જન્મોત્સવ આદિકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

## મોન્સૂન ફેસ્ટિવલમાં કરોડોનાં ખર્ચ બાદ પણ કાર્યક્રમો ફિક્કો, દર્શકો માટે શાળાના વિદ્યાર્થીઓનો સહારો

સુશીલ પવાર ડાંગ

રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે પ્રવાસીઓને આકર્ષવા માટે પ્રવાસન વિભાગ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે 20 દિવસીય મોન્સૂન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યુ છે.જોકે, ફેસ્ટિવલમાં આયોજકો દ્વારા ઉમદા અને આકર્ષક



કાર્યક્રમોનું આયોજન કરવામાં ન આવતા સોમવારે કાર્યક્રમમાં દર્શકોની પાંખી હાજરી જોવા મળી હતી.પરિણામે કાર્યક્રમને ભરચક બતાવવા માટે સાપુતારા સહીત આસપાસની શાળાઓનાં વિદ્યાર્થીઓને બોલાવવાની નોબત આવતા સમગ્ર આયોજન સામે સવાલો ઉઠ્યા છે.મળતી માહિતી મુજબ સાપુતારા ખાતે પ્રવાસન વિભાગ દ્વારા આયોજીત મોન્સૂન ફેસ્ટિવલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે.ફેસ્ટિવલ 20 દિવસ સુધી ચાલવાનો છે . અને તેનો મુખ્ય હેતુ સાપુતારામાં પ્રવાસીઓની સંખ્યા વધારવાનો તેમજ ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતને પ્રોત્સાહન આપવાનો છે.પરંતુ ફેસ્ટિવલ દરમિયાન રોજબરોજ યોજાનારા કાર્યક્રમોમાં અપેક્ષા મુજબનું વૈવિધ્ય જોવા મળતુ ન હોવાની પ્રવાસીઓમાં ચર્ચા છે.પ્રવાસીઓના જણાવ્યા મુજબ અનેક કાર્યક્રમોમાં સ્થાનિક કલા, લોકસંસ્કૃતિ અને આદિવાસી પરંપરાઓને પૂરતું સ્થાન આપવાને બદલે પશ્ચિમી સંગીત તથા ગરબાની ધૂન પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. પરિણામે કાર્યક્રમમાં કલાકારો દ્વારા મનોરંજન કરાવવાને બદલે ઉપસ્થિત દર્શકોને જ ગરબા સહિતના કાર્યક્રમોમાં જોડવામાં આવતા હોવાની ચર્ચા છે.કરોડોના ખર્ચે યોજાતા ફેસ્ટિવલમાં કાર્યક્રમોની ગુણવત્તા અને આયોજન અંગે હવે પ્રવાસીઓમાં નારાજગી જોવા મળી રહી છે.ખાસ કરીને સોમવારે યોજાયેલા કાર્યક્રમમાં દર્શકોની સંખ્યા ઓછી રહેતા કાર્યક્રમને ભરચક દેખાડવા માટે શાળાના વિદ્યાર્થીઓને લાવવામાં આવ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું. આ ઘટનાને પગલે પ્રવાસન વિભાગના આયોજન સામે પણ સવાલ ઉઠ્યા છે કે જો ફેસ્ટિવલ ખરેખર પ્રવાસીઓને આકર્ષવામાં સફળ રહ્યો હોય તો શાળાના વિદ્યાર્થીઓને બોલાવીને મેદાન ભરવાની જરૂર કેમ પડી?ગત વર્ષે ખ્યાતનામ કલાકારોથી ફેસ્ટિવલ સફળ બન્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે નોટિફાઈડ એરિયા કચેરી દ્વારા આયોજિત દિવાળી ફેસ્ટિવલમાં લોકપ્રિય ગાયિકા ગીતા રબારી સહિતના ખ્યાતનામ કલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા.જેના કારણે ફેસ્ટિવલમાં મોટી સંખ્યામાં સ્થાનિકો અને પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા અને કાર્યક્રમો ભારે સફળ રહ્યા હતા.ત્યારે ચાલુ વર્ષે પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત મોન્સૂન ફેસ્ટિવલમાં જાણીતા કલાકારો તેમજ વિવિધ પ્રકારની સાંસ્કૃતિક કૃતિઓનો અભાવ જોવા મળતા પ્રવાસીઓમાં નિરાશા જોવા મળી રહી છે.ખાસ કરીને સાપુતારાની આગવી આદિવાસી સંસ્કૃતિ, લોકકલા અને લોકસંગીતને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તેવી પ્રવાસીઓની માંગ ઉઠી છે.કરોડો રૂપિયાનું આંધણ કરીને યોજાતા ફેસ્ટિવલનો મુખ્ય હેતુ માત્ર કાર્યક્રમ યોજવાનો નહીં પરંતુ સાપુતારાને પ્રવાસન નકશા પર વધુ આકર્ષક બનાવવાનો હોવો જોઈએ. ત્યારે ફેસ્ટિવલના બાકીના દિવસોમાં આયોજકો વધુ ગુણવત્તાસભર અને વૈવિધ્યસભર કાર્યક્રમો યોજી પ્રવાસીઓની અપેક્ષાઓ પર ખરા ઉતરે છે કે કેમ તે જોવુ જ રહ્યુ.

## શ્રાવણ માસના બીજા સોમવારે શ્રી સોમનાથ મહાદેવના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપૂર: યાત્રીઓની સુવિધા માટે રાત્રે ૩ વાગ્યે મંદિર પરિસરના દ્વાર ખોલાયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

પવિત્ર શ્રાવણ માસના સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરવાનું અનેરું મહાત્મ્ય રહેલું છે. ત્યારે શ્રાવણના બીજા સોમવારે દેવાધિદેવ મહાદેવના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે ઉમટી પડતા ભક્તોના અવિરત પ્રવાહને ધ્યાનમાં રાખીને, શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા યાત્રીઓની સુવિધા અર્થે ઉત્કૃષ્ટ અને સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી જેને હેઠળ રાત્રિના ત્રણ વાગ્યાથી મંદિર પરિસર ના દ્વાર યાત્રીઓ માટે ખોલવામાં આવ્યા હતા જેથી યાત્રીઓ કાઉન્ટર ઉપર પોતાનો સામાન આરામથી જમા કરાવી શકે. અને દર્શન માટે સરળતાપૂર્વક લાઈનનું આયોજન થઈ શકે. શ્રાવણનો સોમવાર હોય સોમનાથ દર્શન આવનાર હજારો યાત્રીઓના દર્શન માટે મધ્ય રાત્રિથી જ ગુંજી ઊઠી શિવધૂન:શ્રાવણ મહિનાના બીજા સોમવારે સોમનાથ મહાદેવના દર્શન માટે શિવભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. દર્શનની તાલાવેલી એટલી હતી કે મધ્ય રાત્રિથી જ મંદિરની બહાર ભક્તોએ મોટી સંખ્યામાં એકત્ર થઈને શિવધૂન બોલાવવાનો પ્રારંભ કરી દીધો હતો. ભક્તોના 'હર હર મહાદેવ' અને 'જય સોમનાથ'ના નાદથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. રાત્રે ૩ વાગ્યે પરિસરના દ્વાર ખોલાયા અને ૪ વાગ્યાથી દર્શન શરૂ: યાત્રીઓના સતત વધતા જતા પ્રવાહને પહોંચી વળવા અને દર્શન વ્યવસ્થા સરળ બનાવવા માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા અગાઉથી જ આગોતરું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે, રાત્રે ૩:૦૦ વાગ્યે જ મંદિર પરિસરના દ્વાર યાત્રીઓ માટે ખોલી દેવામાં આવ્યા હતા. ભક્તો પોતાનો સામાન કાઉન્ટર પર જમા કરાવીને વહેલી સવારે ૪:૦૦ વાગ્યે મંદિરમાં દર્શન માટે ખૂબ જ સરળતાથી પ્રવેશી શકે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેથી દર્શનાર્થીઓને લાઈનમાં ઊભા રહેવામાં કોઈ અગવડતા ન પડે. રાત્રિના ૩ વાગ્યાથી તમામ સુવિધાઓ કાર્યરત: દૂર-દૂરથી આવતા યાત્રીઓને કોઈ પણ પ્રકારની હાલાકી ન ભોગવવી પડે તે માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા રાત્રિના ૩:૦૦ વાગ્યાથી જ તમામ સામાન કાઉન્ટર, પીવાના પાણીની પરબ સહિતની અન્ય જરૂરી વ્યવસ્થાઓ શરૂ કરી દેવામાં આવી હતી. ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી જયદીપસિંહ જાડેજા શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરશ્રી વિજયસિંહ ચાવડા સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ ટ્રસ્ટના અધિકારીઓ કર્મચારીઓ સુચારું વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સોમનાથ ટ્રસ્ટની આ ભક્તલક્ષી અને સુવ્યવસ્થિત કામગીરીના પરિણામે હજારો શ્રદ્ધાળુઓએ શ્રાવણ માસના પવિત્ર દિવસે કોઈપણ જાતની અગવડતા વિના શાંતિપૂર્ણ રીતે મહાદેવના દિવ્ય દર્શનનો લ્હાવો લીધો હતો.

## સંખેડા મહિલા મંડળે મહિપતસિંહ ફાઉન્ડેશનને આપ્યું રૂ. ૧૧,૦૦૦નું દાન



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા મહિલા મંડળે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મંડળની મહિલાઓએ મહિપતસિંહ ફાઉન્ડેશનને રૂ. 11,000નું રોકડ દાન આપ્યું છે. મહિપતસિંહ ફાઉન્ડેશન મહિપતસિંહ બાપુ દ્વારા સંચાલિત એક સેવાભાવી સંસ્થા છે. આ સંસ્થા વૃદ્ધાશ્રમ, નિરાધાર બાળકોના અભ્યાસ માટે સ્કૂલ સંકુલ અને દવાખાના જેવી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ નિસ્વાર્થ ભાવે ચલાવે છે.મહિલા મંડળ દ્વારા આપવામાં આવેલું આ દાન સંસ્થાની માનવ સેવાના કાર્યોમાં મદદરૂપ થશે. મહિલાઓએ આ સેવાભાવી કાર્યમાં સહયોગ આપીને સંતોષ વ્યક્ત કર્યો હતો.

## સાકરપાતળ નજીક કુંડા ફાટક પાસે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ભેખડ સાથે અથડાઈ



સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાનાં સાપુતારાથી વઘઈને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગ પર સાકરપાતળ ગામ નજીક આવેલા કુંડા ફાટક પાસે આજે કાર અકસ્માત સર્જાયો હતો.પ્રાપ્ત વિગતો મુજબ, સુરત તરફથી સાપુતારા તરફ જઈ રહેલી એક કાર.ન.જી.જે.05.જે.પી.4070નાં ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર માર્ગની સાઈડમાં આવેલી ભેખડ સાથે ધડાકાભેર અથડાઈ હતી.અકસ્મતમાં કારના આગળના ભાગને તેમજ વિન્ડશીલ્ડને નુકસાન પહોંચ્યું હોવાનું તસવીરો પરથી સ્પષ્ટ જોવા મળે છે.જોકે, સદનસીબે કારમાં સવાર તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે.ચોમાસાની ઋતુ દરમિયાન સાપુતારા-વઘઈ માર્ગ પર વરસાદને કારણે રસ્તો ભીનો રહેતો હોવાથી વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ વધી જાય છે. ત્યારે આ અકસ્માત બાદ ફરી એકવાર વાહનચાલકોને વરસાદી માહોલમાં વાહન ધીમે ચલાવવા અને સાવચેતી રાખવાની જરૂરિયાત સામે આવી છે.

## રાજ્યપાલશ્રી સુરત જિલ્લાની બે દિવસીય મુલાકાતે

સુરત | રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે બારડોલી તાલુકાના ટીંબરવા ગામની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. આ પેહલા કાર્યક્રમ સ્થળે રાજ્યપાલશ્રીનું ગ્રામજનોએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. મુલાકાતની શરૂઆત રાજ્યપાલશ્રીના હસ્તે વૃક્ષારોપણથી થઈ હતી. રાજ્યપાલશ્રીએ ગ્રામજનો સાથે ૧૯૭૫ જેટલા ફળાઉ અને ઔષધિય વૃક્ષોનું ઉત્સાહપૂર્વક વાવેતર કરી પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, માતાના નામે રોપાયેલું એક પણ વૃક્ષ મૂરઝાવું - મરવું ન જોઈએ. વૃક્ષો માત્ર મનુષ્યને જ નહીં, પરંતુ અસંખ્ય જીવોને જીવન આપે છે.

### હાથમાં કળા, આંખોમાં સપના અને આત્મનિર્ભર બનવાનો સંકલ્પ!

# નખત્રાણામાં બ્રાઈડલ-મહેંદી મેકઅપ આર્ટિસ્ટ સેમિનાર યોજાયો; 100 જેટલી દીકરીઓ-મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

દીકરીઓને માત્ર શિક્ષિત જ નહીં પરંતુ કૌશલ્યવાન, આત્મનિર્ભર અને આર્થિક રીતે સશક્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે નખત્રાણા ખાતે ક્વીન ગ્રુપ અને અંજલી બ્રાઇડલ સ્ટુડિયોના સંયુક્ત ઉપક્રમે બ્રાઇડલ તથા મહેંદી મેકઅપ આર્ટિસ્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.સેમિનારના મુખ્ય આયોજક મીરાબહેન ભમ્મર અને મંજુબહેન ધેડા દ્વારા દીકરીઓ તથા મહિલાઓને બ્રાઇડલ મેકઅપ, મહેંદી સહિતની વિવિધ કળાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કળાને માત્ર શોખ પૂરતી મર્યાદિત ન રાખી તેને સ્વરોજગાર અને આવકનું સાધન બનાવી શકાય તે અંગે પણ પ્રેરણા આપવામાં આવી હતી.આ પ્રસંગે મીરાબહેન ભમ્મરની સેવાકીય પ્રવૃત્તિઓની ખાસ નોંધ લેવામાં આવી હતી. તેઓ નિરાધાર દીકરીઓના લગ્ન પ્રસંગે નિઃશુલ્ક બ્રાઇડલ સેવા પૂરી પાડવા ઉપરાંત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં યોગદાન આપી રહ્યા છે.કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મંત્રી નયનાબેન પટેલ, મંગળાબેન વાગેલા, કલાકાર સ્વાતિબેન જયપાલ, દેવકીબેન બુચિયા તથા સુપ્રસિદ્ધ કલાકાર કનૈયાલાલ સીજુ સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ દીકરીઓને પોતાના કૌશલ્યને વ્યવસાયમાં પરિવર્તિત કરી આત્મનિર્ભર બનવા પ્રોત્સાહિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.સેમિનારમાં આશરે 100 જેટલી દીકરીઓ અને મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બ્રાઇડલ અને મહેંદી ક્ષેત્રે નવી કળા શીખવાની સાથે રોજગાર અને સ્વરોજગારની નવી તકો અંગે માર્ગદર્શન મળતાં સહભાગીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. 'કૌશલ્ય હશે તો તકની કમી નહીં' એવા સંદેશ સાથે યોજાયેલો આ સેમિનાર નખત્રાણાની દીકરીઓ અને મહિલાઓને આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધવા માટે પ્રેરણાદાયી સાબિત થયો હતો. કાર્યક્રમના સફળ આયોજન બદલ આયોજકો મીરાબહેન ભમ્મર અને મંજુબહેન ધેડાને ઉપસ્થિત મહેમાનો તથા સહભાગીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## રાજુલા તાલુકાના નિગાળા ૧ ગામે ખુન અને અપહરણ કેસમાં આરોપીના જામીન મંજૂર કરતી સેશન્સ કોર્ટ રાજુલા



એડવોકેટ કે બી કામળીયા

કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા તાલુકાના નિગાળા - ૧ ગામે જીતુબેન ઉપર અર્ટિગા કાર ચઢાવી તેમનું મોત નિપજાવી હત્યા કરવામાં આવી હોવાના તેમજ ફરિયાદી ભાવેશભાઈનું અપહરણ કરી તેમને માર મારવામાં આવ્યો હોવાના આક્ષેપોને પગલે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ બનાવ અંગે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં. 11193045260143/2026થી ખુન, અપહરણ, મારામારી, રાયોટિંગ સહિતની વિવિધ કલમો હેઠળ યોગેશ બાબુભાઈ મકવાણા સહિત કુલ 9 આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.આ ગુનામાં અગાઉ સહઆરોપી કાજલબેનના જામીન મંજૂર થયા બાદ હવે આરોપી જ્યોતિબેન યોગેશભાઈ મકવાણાની રેગ્યુલર જામીન અરજી રાજુલા સેશન્સ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. માનનીય સેશન્સ જજશ્રીએ બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી જ્યોતિબેન યોગેશભાઈ મકવાણાની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરી છે. આરોપી તરફે રાજુલાના સિનિયર એડવોકેટ કે. બી. કામળીયાની અસરકારક રજૂઆતો કરી હતી અને માનનીય અદાલતે બચાવ પક્ષ તરફથી કરવામાં આવેલી દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

### ૭૭ માં તાલુકાકક્ષા વન મહોત્સવ ૨૦૨૬ અંતર્ગત

# વનવિભાગ સામાજિક વનીકરણ રેન્જ રાજુલા તેમજ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઇટ્સના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

આજરોજ તા/૨૪/૦૮/૨૦૨૬ ના રોજ આઈ.ટી.આઈ. સરકારી સ્કુલના પ્રાંગણમાં ૭૭ મોં તાલુકાકક્ષા વન મહોત્સવ અંતર્ગત વનવિભાગ સામાજિક વનીકરણ રેન્જ રાજુલા તેમજ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઇટ્સ ના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમના મંચસ્થ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો નું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું શાબ્દીક પ્રવચન અને વૃક્ષો વિશે મહત્વપૂર્ણ જાણકારી આપતા પી.કે. વાઘેલા સાહેબ દ્વારા વૃક્ષારોપણ અને પર્યાવરણ વિશે તેઓએ વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે વૈજ્ઞાનિક કહે છે, એક પૂર્ણ વિકસિત વૃક્ષ તેના ૫૦ વર્ષના જીવનકાળમાં ૩૫ લાખ રૂપિયાની કિંમતની ઓક્સિજન આપે છે, ૧૦ એરકન્ડિશનર જેટલી ઠંડક આપે છે. અને હજારો પક્ષીઓને આશરો આપે છે. એ વગર મૂલ્યે આપણે રોડ માટે મકાન માટે વૃક્ષો કાપી એ છીએ વિકાસ જરૂરી છે, પણ વૃક્ષો વિનાનો વિકાસ એ વિનાશ છે. વૃક્ષો આપડા જન્મના ઘોડિયા થી મૃત્યુના સમયે લાકડાની જરૂર પડે છે. કોરોના કાળમાં આપણે જોયું કે માણસો ઓક્સિજન ની બોટલ માટે કેટલા પડાપડી કરતા હતા છતાં પણ ઓક્સિજન ની બોટલ પૈસા આપવા છતા નોતી મળતી, જે આપણે વૃક્ષો માંથી તદન ફ્રી માં મળે છે. આવનારી પેઢી ને શુદ્ધ ઓક્સિજન અને હરિયાળુ વાતાવરણ આપવા માટે મિત્રો આજે આપણે વૃક્ષો નું વાવેતર કરવું જરૂરી છે. સરકાર શ્રી દ્વારા એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષો વાવવાનું માત્ર એક દિવસ વૃક્ષ વાવીને ફોટો પડાવવાનો ઉત્સવ નથી સાચો વન મહોત્સવ ત્યારે જ ગણાશે જ્યારે વૃક્ષ વાવવું એટલે જ નહીં પરંતુ વૃક્ષો નું રક્ષણ અને સંવર્ધન કરવું પણ ખૂબ જ જરૂરી છે, પણ તેને બાળક ની જેમ ઉછેરવું અઘરું છે. એક સંકલ્પ લો એક વિધાર્થી, એક વૃક્ષ"અને જ્યાં



અભિયાન ચલાવવામાં આવે માં ના નામે વૃક્ષો વાવીને છીએ, તો એ સદીઓ સુધી જીવે છે. અને બીજી ને જીવાડે છે.એક પેડ માં કે નામ એ માત્ર સૂત્ર નથી, એ આવનારી પેઢી માટેનો શ્વાસ છે. તેઓએ ઉદબોધન આપતા જણાવ્યું હતું આ તકે મંચસ્થ ઉપસ્થિત સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઇટ્સ ના નેશનલ ચેરમેન શ્રી એચ.એમ. ઘોરી સાહેબ દ્વારા પર્યાવરણ અને આયુર્વેદીક વિશે પોતાનું ઉદબોધન આપતા જણાવ્યું કે વન મહોત્સવ એટલે સુધી તે મોટું ન થાય ત્યાં સુધી તેની જવાબદારી લો વૃક્ષ એટલે સંસ્કાર હિન્દુ સંસ્કૃતિમાં તુલસી, પીપળો, વડ, ની પૂજા થાય છે. આ અંધશ્રદ્ધા નથી, આ પર્યાવરણ ને બચાવવાનું વિજ્ઞાન છે. તેઓએ વક્તવ્ય આપતા જણાવ્યું હતું આ તકે નિવૃત્ત ટેકનિકલ સુપ્રિટેન્ડેન્ટ સોદરવા સાહેબ દ્વારા એક લોકગીત રજુ કરવામાં આવ્યું કે જે હા હા રે અમે વાયાં વિરમગામના તેવું સુંદર લોકગીત રજુ કર્યું હતું અને વિદ્યાર્થીઓ દ્વારા તાલીઓ પાડી આનંદ વ્યક્ત કર્યો હતો આ વૃક્ષારોપણ કાર્યક્રમ ઉપસ્થિત મહાનુભાવો માં જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પીઆઇએસ એમ.બી. ગોહિલ સાહેબ, જાફરાબાદ નગરપાલિકા પ્રમુખ ના પ્રતિનિધિ પ્રફુલભાઈ બારૈયા રાજુલા થી પધારેલ નિવૃત્ત આ.સી. પોલીસ કમિશનર જે.એમ.ઠાકર સાહેબ, જાફરાબાદ ના નોટરી વકિલ શ્રી આઈ.આઈ. ગાહા, એન.બી. ડેર સાહેબ (I/C રેન્જ ફોરેસ્ટ ઓફિસર, સામાજિક વનીકરણ, રેન્જ - રાજુલા) શ્રીમતી જે.આર. જોષા ( રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર - વિક્ટર) હરપાલસિંહ બીહોલા (રાઉન્ડ ફોરેસ્ટર ઓફિસર - નાગેશ્રી) પી.કે. વાઘેલા સાહેબ ફોરેસ્ટર રાજુલા, સરકારી આઈ.ટી.આઈ. ના ઇન્ચાર્જ આચેલાભાઈ જે. જોષી સાહેબ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી, નિવૃત્ત ટેકનિકલ સુપ્રિટેન્ડેન્ટ સોંદરવા સાહેબ, સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઇટ્સ ના નેશનલ ચેરમેન અને વરિષ્ઠ પત્રકાર શ્રી એચ.એમ. ઘોરી સાહેબ, સાગરખેડુ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ તેમજ પત્રકાર કિશોરભાઈ આર. સોલંકી, સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ ના સભ્ય શ્રી શૈલેષભાઈ બાંભણીયા, તેમજ વનવિભાગ, તેમજ આઈ.ટી.આઈ. સ્કૂલના શિક્ષકો શિક્ષિકાઓ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ની ઉપસ્થિતિ માં વૃક્ષારોપણ કાર્યક્રમ રંગે ચંગે પૂર્ણ થયો હતો.

## ખાંભાની બહેનોએ સરહદે ફરજ બજાવતા દેશના જવાનો માટે મોકલી રક્ષાની દોરી



રાકેશ પ્રજાપતિ | ખાંભા

અંદાજે ૨૩૫ રાખડીઓ આર્મી કમાન્ડોને સપ્રેમ અર્પણ કરાઈ. દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે ખાંભા શહેરની બહેનો દ્વારા સમગ્ર શહેરમાંથી એકત્ર કરાયેલી રાખડીઓ દેશની સરહદે પરિવારથી દૂર રહીને ફરજ બજાવતા ફૌજી ભાઈઓ માટે ખાસ મોકલવામાં આવી છે.ખાંભાની બહેનો શ્રી કલાબેન રાવલ, શ્રી ક્ષમાબેન હરિયાણી, શ્રી અલ્પાબેન સવાણી, શ્રી કમળાબેન બોદર, શ્રી ગુલાબબેન દેવેરા તેમજ શ્રી ભાવનાબેન સરવૈયા સહિતની બહેનોએ સમગ્ર ખાંભા શહેરની મહિલાઓ વતી અંદાજે ૨૩૫ જેટલી રાખડીઓ હર્ષોલ્લાસ સાથે અર્પણ કરી હતી.આ તમામ રાખડીઓ ખાંભાનું ગૌરવ એવા કોબ્રા કમાન્ડો શ્રી દિગ્વિજયસિંહ આઈ. રાઠોડ તથા પૂર્વ સૈનિક (Ex-Armyman) શ્રી નાગરાજસિંહ જે. રાઠોડને કુમકુમ તિલક કરીને પ્રતીક રૂપે સુપ્રત કરવામાં આવી હતી. ત્યારબાદ આ તમામ રાખડીઓ દેશની સરહદ (બોર્ડર) પર તૈનાત જવાનો સુધી પહોંચાડવા માટે રજિસ્ટર્ડ એ.ડી. મારફતે રવાના કરવામાં આવી હતી.

# રાજુલા-જાફરાબાદમાં GSC L અને GACL ની ગેરકાયદેસર કેમિકલ ફેક્ટરી, પાણીની લૂંટ અને કરોડોના CSR ભ્રષ્ટાચારની તાત્કાલિક તપાસની માંગ

રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા રાજુલાના વિક્ટર બંદર જીએસસીએલ પાસે 5000 એકર જમીન હાલમાં છે અને મુરઘી સોનાના ઈંડા મુકતી હોય તેવી વ્યક્તિ કમાણી છે આટલી બધી જમીન એક પણ ઉદ્યોગ પાસે નથી વળી આ કંપની લોકોનું આરોગ્ય ભલે ગમે તેવું થાય જળવાઈ કે ન જળવાય પણ ખાનગીમાં બ્રોમીન એક અજબના કરશે એટલે કે 100 કરોડના ખર્ચે તૈયાર કરી રહ્યા છે 60% કામ પૂર્ણતાને આરે છે તેની પણ ભક્તિ કમાણી થવાની છે . ગુજરાત સરકાર દ્વારા મીઠાના ઉત્પાદન માટે GSC L અને GACL ને ફાળવાયેલી હજારો એકર જમીનમાં હાલ ગેરકાયદેસર રીતે બ્રોમીન અને અન્ય ઝેરી કેમિકલની વિશાળ ફેક્ટરીનું બાંધકામ 60 ટકાથી વધુ પૂર્ણ થઈ ગયું છે. આ કામ Public Hearing અને Environmental Clearance વિના કરવામાં આવી રહ્યું છે જે પર્યાવરણ સંરક્ષણ અધિનિયમનો સીધો ભંગ છે. મીઠા માટે આપેલી જમીનમાં કેમિકલ ઉદ્યોગ ચલાવવો એ સરકાર સાથે થયેલા કરારનો પણ ભંગ છે.ફેક્ટરી માટે અત્યાર સુધીમાં 200 થી વધુ બોર 500 થી 800 ફૂટ સુધી ઊંડા મારવામાં આવ્યા છે. આ બોર દ્વારા દરરોજ 20 થી 25 લાખ લીટરથી વધુ ભૂગર્ભ જળ ખેંચી લેવામાં આવે છે. કંપનીના આગામી પ્લાન મુજબ હજી 300 થી વધુ બોર બનાવવાના બાકી છે. તેના કારણે રામપરા, કથિવદર, સાસ, ખેરા, શહીદ, ભંભાણ સહિત રાજુલા-જાફરાબાદના 15 થી વધુ ગામોના ખેડૂતોના કૂવા અને બોર સુકાઈ ગયા છે. ખેતી બરબાદ થવાની અણી પર છે. મશીનથી મીઠાનું ઉત્પાદન શરૂ થતાં હજારો અગરિયા પરિવારો બેકાર બન્યા છે.આ ઉપરાંત GSC L દ્વારા CSR ના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. રાજુલા તાલુકાના વિકાસ માટે ફાળવાયેલ અંદાજે 3 કરોડ રૂપિયાનું CSR ફંડ રાજુલા-જાફરાબાદમાં વાપરવાને બદલે સૌથી વધુ ખાંભા તાલુકાના ડેડાણ અને ડુંગર ગામમાં વાપરી દેવામાં આવ્યું છે. CSR હેઠળ આપવામાં આવતી આંબા અને કેરીની સરકારી નર્સરીમાંથી છોડ લેવાને બદલે બહારથી નબળી ગુણવત્તાના છોડ ખરીદવામાં આવે છે. લાભાર્થીઓને આપવામાં આવતી કીટ અને અન્ય વસ્તુઓ પણ બિનગુણવત્તાયુક્ત છે. આ સમગ્ર બ્રોમીન ફેક્ટરી અને CSR ના ભ્રષ્ટાચાર સામે રાજુલા-જાફરાબાદના ગ્રામજનો, ખેડૂતો અને અગરિયા આગેવાનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે GSC L અને GACL દ્વારા કરવામાં આવેલ જમીનના હેતુફેર અને CSR ફંડના દુરુપયોગની તાત્કાલિક તપાસ કરવામાં આવે. ગેરકાયદેસર ચાલતી ફેક્ટરીનું કામ તાત્કાલિક બંધ કરાવવામાં આવે અને અત્યારના 200 બોર સીલ કરી નવા બોર બનાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવે. CSR ફંડની સ્વતંત્ર તપાસ કરી સમગ્ર રકમ વ્યાજ સાથે રાજુલા જાફરાબાદના વિકાસમાં જ વાપરવામાં આવે. વધુમાં વિક્ટર ગામના આગેવાન એવા રણછોડભાઈ બાંભણિયાએ એવો આક્ષેપ કર્યો છે આ અંગે મેં અવારનવાર સરકારશ્રીના નિયમ મુજબ જમીન તથા સીએસઆર ફંડ ક્યાં વાપર્યું ? તેમજ બ્રોમીન ફેક્ટરીની કેટલું પ્રદૂષણ થશે તે કોઈ પણ જાતની માહિતી આપવામાં આવતી નથી અને રજૂઆત પણ કોઈ સાંભળવામાં આવતી નથી તેઓ આક્ષેપ વિક્ટર ગામના વેપારી અગ્રણીએ રણછોડભાઈ એ કર્યો હતો તેમજ આ કંપની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પડતર જમીન ખારામાં પણ દબાણ કરી દીધું છે છતાં કોઈ ખુલ્લું કરાવતું નથી સરકારની મોટી મોટી જાહેરાત દબાણ હટાવવાની આ ઉદ્યોગમાં લાગુ પડતી નથી કારણ કે આના ઉંચ અધિકારીઓ સરકાર સુધી પહોંચેલા છે કેન્દ્ર સરકારમાં અમુક કંપનીઓના અધિકારીઓ ઉદ્યોગકારો પીએમ ની હારે હોય તેમ આ ઉદ્યોગ નામ માલિકો પણ ગુજરાત સરકાર સાથે હોવાના આક્ષેપો રાજુલા તાલુકાની જનતા કરી રહી છે વધુમાં જાફરાબાદ તાલુકાના સેવાડાના ખારાશ વાળા ગામડાઓ ભટવદર સરોવરડા કોળી કંથારીયા વગેરે દ્વારા સી.આર.સી ફંડ માંથી ખેતરોમાં અને શાળામાં વાવવા માટે વૃક્ષો આપવાને માંગણી કરવા છતાં બે વર્ષથી ખેડૂતોને કે શાળામાં વૃક્ષો ફાળવતા નથી અને એના મળતી આવો ઠેઠ ખાંભા તાલુકામાં ખેડૂતોને વૃક્ષો ફાળવવા જાય છે આ કેટલું વ્યાજબી ગ્રામજનોએ GSC L ના એમડીને પણ માંગ કરી છે કે CSR કામગીરીમાં થયેલ ભ્રષ્ટાચાર અને ગુણવત્તાહીન સામગ્રીની ખરીદીની ખાસ તપાસ ટીમ બનાવીને તપાસ કરવામાં આવે અને દોષિતો સામે સસ્પેન્શન સહિતના કડક પગલા ભરવામાં આવે.

## આજે જિલ્લા કક્ષાનો મેગા રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

વડોદરા | મોડેલ કરીયર સેન્ટર મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી,વડોદરા, યુઈબી વડોદરા ઓફિસ તથા આઈટીઆઈ તરસાલી, વડોદરાના સંયુકત ઉપક્રમે આઈટીઆઈ કેમ્પસ, તરસાલી વડોદરા ખાતે જિલ્લા કક્ષાનો મેગા રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન સવારે ૧૦.૦૦ વાગે કરવામાં આવ્યો છે. જેમા ૧૮ થી ૩૫ વર્ષના ધો.૧૦ પાસ, ૧૨ પાસ, આઈટીઆઈ, ડિપ્લોમા, ગ્રેજ્યુએટ ભાઈઓ અને બહેનો ભાગ લઈ શકશે. ભરતી મેળામાં પ્રોડક્શન મેઈન્ટેનન્સ, ઈલેક્ટ્રોનિક ટેક્નિશિયન, ટ્રેઈની, ડિઝાઈન ઓપરેટર, ટ્રેઈની એન્જિનિયર, સેલ્સ એક્ઝિક્યુટિવ, એકાઉન્ટન્ટ જેવી ૫૦૦ થી વધુ જગ્યા માટે ૨૦ થી વધુ નોકરીદાતા હાજર રહીને ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેશે.ભરતી મેળા ઉપરાંત જે ઉમેદવારોને સ્વરોજગાર કરવો હોય તેમને સરકારશ્રીની સ્વરોજગાર લોન સહાય યોજનાઓ, ઉદ્યોગ સાહસીકતા અંગે તેમજ રોજગારલક્ષી ફ્રી વોકેશનલ તાલીમ કોર્ષ અંગે વિના મુલ્યે માહીતી, માર્ગદર્શન આપવામા આવશે.

# ખાવડા સહિત સમગ્ર કચ્છની કથળેલી આરોગ્ય વ્યવસ્થા સુધારવા ભીમ આર્મીની માંગ : ભુજ કલેક્ટરને આવેદનપત્ર

મહેશ એલ. સોની | નખત્રાણા

ભીમ આર્મી ભારત એકતા મિશન સંગઠનના નેજા હેઠળ ખાવડા તેમજ સમગ્ર કચ્છમાં CHC અને PHC ની કથળેલી આરોગ્ય વ્યવસ્થા સુધારવા અંગે




માંગ કરવામાં આવી છે, આજ રોજ ભીમ આર્મી ભારત એકતા મિશન સંગઠન તેમજ ખાવડા વિસ્તારના લોકો દ્વારા ખાવડા તેમજ સમગ્ર કચ્છમાં CHC અને PHC સેન્ટરોની કથળેલી આરોગ્ય વ્યવસ્થાને લઈને ભુજ કલેક્ટર કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી કલેક્ટરશ્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું, જેમાં વિરોધના મુખ્ય કારણો ખાવડા વિસ્તારના CHC / PHC માં પૂરતા ડોક્ટરો નથી, નિષ્ણાંત ડોક્ટરોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે, દવાઓનો અભાવ છે, લેબોરેટરી અને એક્સ-રે જેવી પ્રાથમિક સુવિધાઓ બંધ હાલતમાં છે, ગરીબ અને છેવાડાના દર્દીઓને સારવાર માટે 70-80 કિ.મી દૂર ભુજ સુધી ધક્કા ખાવા પડે છે, 108 એમ્બ્યુલન્સ સેવા સમયસર પહોંચતી નથી, આ કારણે ખાવડા, કાળા ડુંગર અને સરહદી ગામોના લોકોના સ્વાસ્થ્ય અને જીવન સાથે ચેડા થઈ રહ્યા છે, સંગઠન તેમજ ખાવડા વિસ્તારના આગેવાનોએ માંગ કરી છે કે ખાવડા CHC માં તાત્કાલિક ધોરણે પૂરતા MBBS અને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની નિમણૂક કરવામાં આવે, તમામ PHC સેન્ટરો પર નિયમિત દવાઓ, પૂરતો સ્ટાફ અને 24 કલાક આરોગ્ય સેવા ચાલુ કરવામાં આવે, સમગ્ર કચ્છની કથડેલી વ્યવસ્થાની તટસ્થ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે, જો આગામી 15 દિવસમાં આરોગ્ય વ્યવસ્થામાં સુધારો કરવામાં નહીં આવે તો ભીમ આર્મી ભારત એકતા મિશન તેમજ ખાવડા વિસ્તારના લોકો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે, આ પ્રસંગે ભીમ આર્મી ભારત એકતા મિશનના કચ્છ જિલ્લાના હોદ્દેદારો તેમજ ખાવડા વિસ્તારના આગેવાનો તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને વિરોધ નોંધાવ્યો હતો.

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને સુરત સ્થિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો ૫૯મો પદવીદાન સમારોહ યોજાયો

### ૧૨ વિદ્યાશાખાઓના ૯૨ અભ્યાસક્રમોના ૩૭,૩૦૫ યુવા વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત, ૯૩ વિદ્યાર્થીઓને પી.એચ.ડી.ની પદવી અર્પણ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૯માં દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલશ્રી અને મહાનુભાવોના હસ્તે ૧૨ વિદ્યાશાખાઓના ૯૨ અભ્યાસક્રમોના ૩૭,૩૦૫ યુવા છાત્ર-છાત્રાઓને મેડલ્સ તથા પદવીઓ એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત, ૯૩ વિદ્યાર્થીઓને પી.એચ.ડી.ની પદવી એનાયત થઈ હતી. સમારોહમાં સુરતની સૂર્યપૂર સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારોએ શંખનાદ અને ભૂદેવોએ વૈદિક મંત્રોચ્ચાર, શંખનાદ અને તૈત્તિરીય ઉપનિષદના શ્લોકગાન સાથે ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ગુરૂકુળ પરંપરાને ઉજાગર કરી હતી. યુગદ્રષ્ટા કવિનર્મદની ૧૯૩મી જન્મજયંતિના ખાસ અવસરે અડાજણ સ્થિત સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે આયોજિત પદવીદાન પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ યુવાઓને લોકકલ્યાણ અને રાષ્ટ્ર નિર્માણ માટે ઉપયોગી થવા આહ્વાન કર્યું હતું. સામાજિક કુરિવાજો, અંધશ્રદ્ધા અને અન્યાય સામે સતત શાબ્દિક સંઘર્ષ દ્વારા પરિવર્તન લાવનારા વીર કવિ નર્મદના દ્રષ્ટાંત થકી યુવાઓને દેશના સુવર્ણ ભાવિ માટે સક્ષમ બનવા અને આવનારી પેઢી માટે ગૌરવશાળી ઈતિહાસ રચવાની પ્રેરણા આપી હતી. સમાજસુધારક કવિ વીર નર્મદના નામથી સુપ્રસિદ્ધ વિશ્વવિદ્યાલયમાંથી ડિગ્રી મેળવનાર યુવા છાત્રોને રાજ્યપાલશ્રીએ મહાન કવિના જીવન મૂલ્યોને અનુસરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે, વિકસિત અને આત્મનિર્ભર ભારતનો માર્ગ આપણી યુવા પેઢીના સામર્થ્ય પર આધારિત છે.




સાથે જ અંગત અને વ્યાવસાયિક જીવનમાં સામ્યતા કેળવવા તેમજ વચન અને વર્તનમાં એકરસતા જાળવી સમાજ માટે ઉદાહરણરૂપ સાબિત થવાં પ્રેરણા આપી હતી. વધુમાં યુવાઓને આધુનિકતાનો સાચો અર્થ સમજી સત્ય, સદાચાર સાથે જીવવા અને દેશની સંસ્કૃતિ-પરંપરા સાથે સુમેળ સાધી તેનો વિશ્વ કલ્યાણ અર્થે ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત બદલાતા સમયમાં સ્ત્રીઓની ભૂમિકા અને શિક્ષણ સહિતના ક્ષેત્રોમાં વધી રહેલા સ્ત્રીઓના વર્ચસ્વને તેમણે ઉન્નત સમાજની નિશાની ગણાવી હતી.દીક્ષાંત સમારોહમાં પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં યુનિવર્સિટીના કુલપતિ ડો.કે.એન.ચાવડાએ ડિગ્રી ધારકોને અભિનંદન પાઠવી વીર નર્મદના નામ સાથે જોડાયેલી પદવીનો ઈમાનદારી અને કર્તવ્યનિષ્ઠા સાથે ઉપયોગ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને શ્રીમદ ભગવદ ગીતાના મૂલ્યો, વિચારો અને વચનોને પોતાના વ્યવહારિક જીવનમાં ઉતારવા જણાવ્યું હતું. કુલપતિશ્રીએ યુવાઓને જોબ સિકર નહીં પણ જોબ ગિવર બને એવી ક્ષમતા કેળવવા તથા 'નેશન ફર્સ્ટ'ની ભાવનાને કેન્દ્રમાં રાખી જવાબદારીપૂર્વક વર્તન કરવા પ્રેરણા આપી હતી.આ પ્રસંગે કુલસચિવ આર. સી.ગઢવી, પરીક્ષા નિયામક એ.વી.ધડૂક, વિભાગીય વડાઓ, યુનિવર્સિટીના પદાધિકારીઓ, કોલેજોના આચાર્યશ્રીઓ સહિત પદવી મેળવનાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભવન્સ કૉલેજ,ડાકોરના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં કવિ નર્મદ જયંતી નિમિત્તે ' સર્જક વંદના ' કાર્યક્રમ યોજાયો

અશેષ વ્યાસ

ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર સંચાલિત ભારતીય વિદ્યા ભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ.પી. આર્ટ્સ, સાયન્સ એન્ડ જે.શાહ કોમર્સ કૉલેજ, ડાકોરના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં તારીખ - 24/08/2026 નાં રોજ કવિ નર્મદ જન્મજયંતી નિમિત્તે ' સર્જક વંદના ' કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ભવન્સ કૉલેજ અનુસ્નાતક વિભાગના P.G.ઈન્ચાર્જશ્રી ડૉ. વિરલ પટેલે નર્મદના જીવન તથા સાહિત્ય વિશે વાત કરીને વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા. અનુસ્નાતક ગુજરાતી વિભાગના પ્રા.રશ્મિકા સોલંકી તથા ડૉ. રાજેશ્વરી ઠાકોરે વિદ્યાર્થીઓને નર્મદના સાહિત્ય વિશે રસપ્રદ માહિતી આપી સાથે આવા મૂર્ધન્ય કવિના સાહિત્યમાંથી પ્રેરણા લેવા સૂચન કર્યુ હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનુસ્નાતક ગુજરાતી વિભાગની એમ.એ. સેમ.-3 ની વિદ્યાર્થીની આસિફા પઠાણે કર્યું.આ કાર્યક્રમમાં પાયલ રાઠોડે નર્મદના જીવન અને સર્જન વિશે વાત કરી. સાથે વિધી પટેલ, હર્ષપાલ સોલંકી, નિધિ સોલંકી, શ્રુતિ વાળંદ, શિલ્પા સોલંકી, પ્રદીપ ચાવડા તથા અશ્વિન સોલંકીએ કાવ્ય પઠન કર્યું. આ કાર્યક્રમની આભારવિધિ પિન્કીબેન પરમારે કરી.આ કાર્યક્રમમાં અનુસ્નાતક ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા.સંચાલક મંડળના માનદમંત્રી શ્રીમતી નિકિતાબેન ગાંધીએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા.

# સત્ય શું?



ઘણી વખત આપણા બધાને એવું લાગતું હોય છે કે જીવન માં બધું મળી ગયું છે નકામા ક્યાંય ફાંફા મારવા નથી શાંતિ થી જીવવું છે.શાંતિ માણસ ના નસીબ માં નથી હોતું,કેમ? આપણા ને સુખ શબ્દ ગમે તો ખૂબ છે પણ “સંતોષ અસંતોષ” માં મન ખુબ ફસાવી નાખતું હોય છે. આ કારણોસર જ મોટાભાગ ના નિર્ણયો મગજ નું માનવા કરતા મન નુ માની ને લેતા હોઈએ છીએ.મને કોઈએ કહ્યું કે સમાજ માં દિકરાઓ કરતા દીકરીઓની સંખ્યા ઓછી છે એટલે વિવાહ સબંધી મુદ્દો એ દરેક સમાજ ની સમસ્યા બનતો જાય છે.મે કહ્યું કે માન્યું કે સ્ત્રીઓની સંખ્યા પુરુષો કરતા ઓછી છે પણ એ આજકાલ ની સમસ્યા નથી.આપણા બધા ને ચાવેલી ચિંગમ વધારે ચગળવા ની આદત હોય છે એટલે રિસર્ચ કર્યા વગર અભિપ્રાય આપતા હોઈએ છીએ. આધુનિક સમય માં છોકરીઓ કેરિયર ઓરિએન્ટડ થઈ જતા એ “પ્રથમ સુખ જાતે નર્યા” વધારે અનુસરે છે.આજ ના યુથ ની પાસે રાજકારણ ની રમત કે પર્સનલ શોખ માટે સમય વેડફવા ને બદલે કેરિયર પર ફોક્સ હોય છે.સ્વ મહેનત એ પ્રાપ્ત કરેલ સુખ પર જવાબદારી નામનું જંક ના લાગી જાય એટલે લગ્ન નામક બંધન માં ફસાવવું છોકરીઓ ને ગમતું નથી હોતું એટલે માબાપ ના દબાણ માં લગ્ન તો કરી નાખે છે પણ વાહિયાત કારણ આપીને એકાદ માસ માં ડિવોર્સ લઈ લે છે.મને તો ઘણીવાર લાગે છે કે દીકરીઓ એ બનાવેલ આ નવી પરંપરા માટે દિકરીઓના “પિતા” વધારે જવાબદાર છે.પપ્પા આગળ ઘર ખર્ચ અને હાથ ખર્ચી ના રૂપિયા માટે પપ્પા ને આજીજી કરતી મમ્મી નું દ્દશ્ય દીકરીઓના માનસપટ પર અંકિત થઈ જતા લગ્ન ને બદલે કેરિયર ને પસંદ કરે છે.પુરુષો એની આદત પ્રમાણે સ્ત્રીઓ ને રેશનિંગ ના હિસાબે મળતા રૂપિયા માં “પપ્પા ને કહીશ” મમ્મીઓના અવાજ ની પીડા બાળકો સમજી જતા હોય છે. પત્ની ના મુખ પર ખુશી અને બાળકો નું બાળપણ યુવાની બચત ના રૂપિયા થી ખરીદી શકાતા નથી. દરેક ને એના ઋણનું બંધન નું પાત્ર મળી જ જતું હોય છે સમય આવ્યે બધું ગોઠવાઈ જતું હોય છે.

માન્યું કે ઊંમર લાયક દીકરા દીકરી થયા બાદ એનું ઘર વસી જવાની ચિંતા માતા પિતા ને રહેતી હોય છે પણ એનો મતલબ એ નહી કે પાત્ર બાબતે સમાધાન કરવું. લગ્ન એ એકાદ બે મહિના નો ખેલ નથી આખી લાઈફ નો સવાલ છે.જો બન્ને પાત્રના વિચારો એકબીજા ને મેળ ન ખાતા હોય તો એવા બંધન લાંબા સમય સુધી ટકતા નથી હોતા. એક માસ માં કે પંદર દિવસ માં થતા છૂટા છેડા ના કેસ માં “દીકરીઓને” માથે દોષ નો ટોપલો મૂકી દેવાતો હોય છે પણ ૧૦૦ માંથી ૫૦%



\- રુપાલી દવે

કેસમાં દીકરા અને દીકરીઓના માબાપ જ જવાબદાર હોય છે. લગ્ન ની ઉતાવળ,હાથ માં આવેલ સારો મુરતિયો નીકળી જશે, વધારે ઉંમર થશે તો સારું પાત્ર મળશે નહી,કાલ સવારે અમે નહી હોઈએ તો તારું શું થશે વગેરે વગેરે દબાણો લગ્ન માટે દબાણ છોકરીઓ પર વધારે થતા હોય છે. સમાજ અને માબાપ ના દબાણ ને લીધે છોકરીઓ લગ્ન તો ધામધૂમ થી કરી નાખે છે પણ એનું મન ગૃહસ્થ જીવન ની સેવા પળોજણ અને પતિ ના “હું” ના લીધે એકાદ માસ માંડ ટકે છે. તાળી ક્યારેય એક હાથે પડતી નથી બે હાથે જ પડે છે એટલે બાળપણ થી જે તાલીમ દીકરીઓ ને “સહનશીલતા,સમજણ” ની આપવા માં આવે છે એ જ તાલીમ દીકરા ઓને પણ આપવી પડશે તો જ બન્ને નું ગૃહસ્થ જીવન ટકશે. આજ ની ભણતર પદ્ધતિ માં દિકરી કેરિયર માં ટોપ પર રહે એ માબાપ ઈચ્છતા હોય છે એટલે ભણવા માં દીકરીઓની લગ્ન ની ૧૮ થી ૨૫ વર્ષની ઉંમર નીકળી જાય છે. ૨૭ માં વર્ષે ભણ્યા બાદ જોબ માટે સંઘર્ષ માં એકાદ બે વર્ષ નીકળી જાય છે.૧૦ ધોરણ થી લઈને કોલેજ કાળ બાદ ના લાંબા સંઘર્ષ બાદ જોબ અને સ્ટેટ્સ મળતા છોકરીઓ લગ્ન ને પ્રથમ પ્રયોરીટી ન આપે એ સમજી શકાય છે. સમાજે “સહન શીલતા અને સમજણ” ના પાઠ ઘરે ઘેર ચાલુ કરવાની જરૂર છે.પુરુષ એ પત્ની નું સંતાન આગળ માનસન્માન સચવાઈ એનું ધ્યાન રાખવું પડશે.આમ તો આ વાતનો ઉલ્લેખ કરવો ન જોઈએ પણ હિન્દુ પુરુષોના દિલ દિમાગમાં પ્રથમ એનો પરિવાર બીજે નંબરે બાળકો અને પત્ની લાસ્ટ m લાસ્ટ આવતી હોય છે.મુસ્લિમ સમાજ માં લગ્ન બાદ પુરુષો એની પત્ની ને પ્રથમ પ્રયોરીટી આપતા હોય છે.શનિ રવિ ની રાત્રે કાંકરિયા ની આસપાસ ના સ્થળો માં બેગમ અને બાળકો સાથે મુસ્લિમ પુરુષો ની સંખ્યા વધારે દેખાતી હોય છે.શું આ લોકો નોકરી ધંધો નથી કરતા? શું એ લોકો માટે શનિ રવિનો આરામ નો દિવસ નથી? મેં જોયું છે લકઝરી મેક અપ થી લઈને કપડા સાજ સજાવટ ના શોખ પાછળ મુસ્લિમ અને સિંધી સ્ત્રીઓ ખૂબ ખર્ચા કરતી જોવા મળે છે.

ભગવાન એ દરેક મનુષ્ય ને નસીબ તો સરખા ભાગે જ વહેંચ્યું છે પણ માણસ એ નસીબ નો ખર્ચ કેવી રીતે કરવો એ નક્કી કરવાનું હોય છે? જો તમે કમાયેલા ધન નો ઉપયોગ પત્ની અને બાળકો જે તમારે આશ્રિત છે એના પર કરશો તો લક્ષ્મીજી ની કમી લાઈફ ક્યારેય થશે જ નહિં. પ્રૌઢ ઉંમર ના લોકો ને કહીશ કે તમારા બાળકો યુવાન થઈ ને પગભર બની ગયા છે જીવન સંગિની એના જીવન માં આવી ગઈ છે. દીકરા ને છૂટો મુકશો તો જ એના સુખી સંસાર ની ગાડી બ્રેક વગર પૂરપાટ દોડશે. દિકરા ના મોહ અને અપેક્ષા માં એનું જીવન અંધકારમય ન બનાવો. જોબ કરતી છોકરીઓ લગ્ન બાદ સંયુક્ત પરિવાર નું ભારણ વહન કરી શકતી નથી એના વિચારો ને પ્રાધાન્ય આપો.. “સાસ ભી કભી બહુ થી”..”અનુપમા”..”યે રિશ્તા ક્યાં કહેલાતા હૈ”...”તુમ દેના સાથ મેરા..”...વગેરે વગેરે ટીવી સીરિયલો જોવી સારી લાગે છે પણ એ રિયલ લાઈફ થી કોસો દૂર હોય છે. આજ થી ૨૫-૩૦ વર્ષ પહેલા જે વાતાવરણ ઘરે ઘર નું હતું ને આજે પણ ૫૦ વર્ષ ની આસપાસ ની સ્ત્રીઓ જે કરે છે એવું આજ ની મોર્ડન વહુઓ કરશે એવી અપેક્ષા રાખશો તો છોકરો ને જીવન સંગિની ગુમાવવા નો વારો આવશે.કદાચ એકવીસ મી સદી માં પરિવાર ના સ્વાદ સાચવવા રસોડા માં પરસેવે રેબઝેબ થઈને રામલા ટીપ કરતી સ્ત્રીઓના દર્શન સ્વપ્ના માં જ થશે.સાવ એવું પણ નથી કે લગ્ન બાદ દીકરીઓ ઘર પરિવાર ને પ્રેમ પૂર્વક અને આદર સાથે નથી સ્વીકારતી. આજ ના સમય ની માંગ ને મહદંશે પરિવારો એ સ્વીકારી ને વહુ ની સુખ સગવડતા અને ઈચ્છા અનિચ્છા ને ધ્યાન માં રાખીને ઘરનું વાતાવરણ બદલ્યું છે. વહુ દિકરા ના અંગત જીવન માં સાસુ સાસરા કે નણંદ દિયર દખલ દેતા નથી.મોટાભાગ ની સાસુ વહુ ની લડાઈ શરૂઆત કિચન થી શરૂ થતી હોય એટલે મોટાભાગ ના ઘરો માં કિચન અને ઘર સાફ સફાઈની જવાબદારી નોકરોને સોંપી દીધી હોય છે.આ વ્યવસ્થા ને લીધે બે ફાયદા થાય ઓફિસથી થાકીને ઘરે આવેલ વહુ પર રસોઈનો બોજ ન પડે અને સાસુ ને રસોડા ની કચ કચ થી કાયમી છુટકારો..



# રિતેશે પાપારાઝી પાસેથી પૈસા ઉધાર લીધા!

(એજન્સી) મુંબઈ | તા 24

બોલિવૂડ એક્ટર રિતેશ દેશમુખ પૈસા ઉધાર આપનાર પાપારાઝીને સોશિયલ મીડિયાની મદદથી શોધી રહ્યો છે. ખરેખર, રવિવારે મુંબઈની એક રેસ્ટોરન્ટની બહાર કેટલાક બાળકોએ રિતેશ પાસે મદદ માંગી, પરંતુ તે સમયે તેની પાસે રોકડા પૈસા નહોતા.

આ દરમિયાન ત્યાં હાજર એક પાપારાઝીએ રિતેશ વતી તે બાળકોને પૈસા આપ્યા. હવે રિતેશ તે ફોટોગ્રાફરનું ઉધાર ચૂકવવા માંગે છે. આ માટે તેણે ઈન્સ્ટાગ્રામ પર તે ફોટોગ્રાફરની તસવીર શેર કરીને લોકોને તેનો સંપર્ક નંબર શોધવાની અપીલ કરી છે.

રેસ્ટોરન્ટની બહાર બાળકોએ મદદ માંગી હતી રવિવારે રિતેશ દેશમુખ પત્ની જેનેલિયા ડિસોઝા સાથે મુંબઈની એક રેસ્ટોરન્ટમાં પહોંચ્યો હતો. રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળતા જ પાપારાઝીએ તેમની તસવીરો ક્લિક કરવાનું શરૂ કર્યું. તે જ સમયે કેટલાક નાના બાળકો રિતેશ પાસે પહોંચ્યા અને તેમની પાસે પૈસા માંગવા લાગ્યા. રિતેશે પોતાનું ખિસ્સું તપાસ્યું, પરંતુ તે સમયે તેની પાસે રોકડ નહોતી.

ફોટોગ્રાફરે આગળ આવીને પૈસા આપ્યા એક્ટરને આવી સ્થિતિમાં જોઈને ત્યાં હાજર એક પાપારાઝી ફોટોગ્રાફર તરત આગળ આવ્યો. તેણે પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢીને રિતેશ વતી તે બાળકોને આપી દીધા. રિતેશે તે સમયે તે ફોટોગ્રાફરનો આભાર માન્યો, પરંતુ તે નાનું ઉધાર પણ પાછું ચૂકવવા માંગતો હતો.

જ મોટા કોડબેઝ અને લાંબા સમય સુધી ચાલતા એઆઈ એજન્ટના વર્કલોડને સરળતાથી સંભાળી શકે છે. આ નવું એઆઈ મોડલ માત્ર ટેક્સ્ટ જ નહીં પરંતુ ઈમેજ અને વીડિયો ઈનપુટને પણ સચોટ રીતે પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે, જેને ખાસ કરીને કોડિંગ, તાર્કિક રિઝનિંગ અને જટિલ કાર્યો માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

મીડિયા અહેવાલો મુજબ, ઓપનકોડ દ્વારા આ મોડલને એક અઠવાડિયા માટે અનલિમિટેડ ફ્રી એક્સેસ સાથે ખુલ્લું મૂકવામાં આવ્યું છે, જેનાથી પ્રોગ્રામરો તેનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. આ મોડલ તે સમયે વધુ લોકપ્રિય બન્યું જ્યારે સ્ટ્રાઈપના મુખ્ય કાર્યકારી અધિકારી પેટ્રીક કોલિસને સોશિયલ મીડિયા પર તેની કામગીરીની પ્રશંસા કરીને તેને સર્વોત્તમ ગણાવ્યું હતું. આ પ્રશંસા બાદ સોશિયલ મીડિયાના વિવિધ ફોરમ પર આ મોડલને લઈને ચર્ચાઓનું પૂર આવ્યું છે અને એઆઈ ડેવલપર્સમાં તે રાતોરાત પોપ્યુલર થઈ ગયું છે.

ઓક્સ આલ્ફા એઆઈની સત્તાવાર વેબસાઈટના જણાવ્યા અનુસાર, તેના વેબ ચેટ પર થતી વાતચીત તેમના સર્વર પર સ્ટોર કરવામાં આવતી નથી, જે યુઝર્સની પ્રાઈવસી માટે રાહતરૂપ છે. જો કે, સાઈટ દ્વારા એ વાત પણ સ્પષ્ટ કરવામાં આવી છે કે મેસેજ પ્રોસેસિંગ માટે અપસ્ટ્રીમ મોડલ એપીઆઈ મારફતે જ પાર પાડવામાં આવે છે. આ રહસ્યમય મોડલ પાછળ કઈ અદ્રશ્ય કંપનીનો હાથ છે તે હજુ રહસ્ય છે, પરંતુ તેની ક્ષમતાઓને જોતા આગામી સમયમાં એઆઈ માર્કેટમાં સ્પર્ધા વધુ તીવ્ર બનવાની પૂરી સંભાવના છે.

## ન્યૂયોર્કમાં પિઝા ડિલિવરી કરનાર ભારતીયની હત્યા

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 24

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં પંજાબના કપૂરથલા જિલ્લાના વતની અઠ્ઠાવીસ વર્ષીય ગુરુદીપ સિંહની અજ્ઞાત હથિયારધારી દ્વારા ગોળી મારીને કરપીણ હત્યા કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, ગુરુદીપ ન્યૂયોર્કના રિચમંડ સ્ટ્રીટ વિસ્તારમાં પિઝા ડિલિવરીનું કામ કરી રહ્યો હતો તે દરમિયાન આ અત્યંત દુઃખદ ઘટના બની હતી. લૂંટના પ્રયાસ અથવા અદાવતને કારણે અજાણ્યા શખ્સે તેના પર અચાનક ગોળીબાર કર્યો હતો, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ થયું છે અને આ દુર્ઘટનાથી સમગ્ર પરિવાર તથા વતનવાસીઓમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો છે.

પરિવારજનો તરફથી પ્રાપ્ત વિગતો મુજબ, ગુરુદીપ આજથી તેર વર્ષ પહેલાં પોતાના પરિવારની આર્થિક સ્થિતિ સુધારવાના મોટા સપનાં લઈને અને વિદેશ જવા માટે ભારે લોન કરીને અમેરિકા ગયો હતો. વિદેશની ધરતી પર પહોંચ્યા પછી પણ તેની મુશ્કેલીઓ ઓછી થઈ નહોતી અને તે પોતાના પરિવારનું ભરણપોષણ કરવા માટે દિવસ-રાત ભારે સંઘર્ષ કરીને સખત મહેનત કરી રહ્યો હતો. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે અને આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવીને સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજમાં ગોળીબાર પહેલાં બે વ્યક્તિઓ વચ્ચે બોલાચાલી અને ઝઘડો થતો સ્પષ્ટપણે નજરે પડે છે, ત્યારબાદ આરોપી દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ફાયરિંગની આ ઘટના બાદ એક વ્યક્તિ રસ્તા પર ઢળી પડેલો જોવા મળે છે અને બીજો શખ્સ કારમાં બેસીને ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહે છે.

## તમિલનાડુના મુખ્યમંત્રી વિજયની ભેટ : વાર્ષિક 2.5 લાખથી ઓછી આવક ધરાવતા પરિવારોને લાભ

# 3 મફત LPG સિલિન્ડર, ટ્રાન્સજેન્ડર્સ માટે મફત બસ મુસાફરી...

(એજન્સી) નવી દિલ્હી | તા.24

તમિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયે ગરીબ પરિવારો માટે 3 મફત LPG સિલિન્ડરની જાહેરાત કરી છે. 2.5 લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા 1.30 કરોડ પરિવારોને પોંગલ 2027થી "અન્નપૂરણી સુપર સિક્સ" હેઠળ લાભ મળશે. ટ્રાન્સજેન્ડર્સ અને મહિલાઓ માટે સરકારી બસોમાં મફત મુસાફરીની "વેત્રિ પયણમ્" યોજના પણ 2 ઓક્ટોબરથી અમલી બનશે. જોકે, પરંદૂર એરપોર્ટ પ્રોજેક્ટ રદ કરાયો છે.



તમિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયે સોમવારે ગરીબ પરિવારો માટે વાર્ષિક 3 એલપીજી સિલિન્ડર મફત આપવાની તેમજ ટ્રાન્સજેન્ડરો માટે મફત બસ મુસાફરી અને મહિલાઓ માટેની મફત બસ સેવાનો વ્યાપ વધારવાની જાહેરાત કરી છે.તમિલનાડુ વિધાનસભામાં આ યોજનાઓની જાહેરાત કરતા તેમણે જણાવ્યું કે 'તમિલનાડુના રૂ. 2.5 લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારોને વર્ષે 3 કુકિંગ ગેસ સિલિન્ડર ફ્રી અપાશે. 'અન્નપૂરણી સુપર સિક્સ' નામના આ પ્રોજેક્ટનો પ્રારંભ પોંગલ 2027થી કરાશે. આ નિર્ણયથી આશરે 1.30 કરોડ પરિવારોને લાભ મળશે.'આ યોજના હેઠળ લાભાર્થીઓ જે 3 સિલિન્ડર ખરીદશે તેની રકમ સીધી તેમના બેંક ખાતામાં જમા કરાશે. જો કે, આ યોજનાથી તમિલનાડુ પર વાર્ષિક આશરે રૂ. 4,000 કરોડનું વધારાનું ભારણ આવશે. ગેસના વધતા ભાવો અને ખાડી દેશોમાં યુદ્ધ સહિતના સંકટની વાત કરતા વિજયે કહ્યું કે, 'નાણાકીય સ્થિતિ વિકટ હોવા છતાં સામાન્ય જનતાના આર્થિક બોજને હળવો કરવા આ નિર્ણય લેવાયો છે.'આ દરમિયાન તમિલનાડુ સરકારે સામાજિક ન્યાયની વાત કરીને ટ્રાન્સજેન્ડરસમુદાય માટે સરકારી બસોમાં મફત મુસાફરીની જાહેરાત કરી છે. આ સાથે જ મહિલાઓ માટેની યોજનાનો વિસ્તાર કરીને તેને 'વેત્રિ પયણમ્' એટલે કે વિજયી યાત્રા નામ અપાયું છે.

આ જોગવાઈ મુજબ, મહિલાઓ માત્ર સાધારણ જ નહીં પરંતુ એક્સપ્રેસ, એલએસએસ (LSS) અને ડિલક્સ બસોમાં પણ મફત મુસાફરી કરી શકશે. આ સુવિધા આંતર-જિલ્લા રૂટ પર પણ લાગુ થશે. આ વિસ્તૃત યોજના 2 ઓક્ટોબરથી અમલી થશે, જેનાથી સરકાર પર વાર્ષિક રૂ. 6,000 કરોડનો વધારાનો ખર્ચ થશે.ચેન્નાઈ નજીક પરંદૂરમાં પ્રસ્તાવિત નવા એરપોર્ટ અંગે વાત કરતા વિજયે કહ્યું હતું કે, 'અમારી સરકાર ખેડૂતો અને સ્થાનિકોના હિતમાં પરંદૂર પ્રોજેક્ટ રદ્દ કરે છે. ખેડૂતો દેશનો આધારસ્તંભ હોવાથી તેમને વિસ્થાપિત ન કરવા પડે તેવા વિકલ્પની શોધ ચાલુ છે અને કેટલીક નવી જગ્યાઓ પણ શોધવામાં આવી રહી છે.' આ દરમિયાન તેમણે ચેન્નાઈના હાલના મિનમ્બક્કમ એરપોર્ટ પર નવું 'ટર્મિનલ 5' બનાવવાની જાહેરાત કરી હતી.

## જ્યાં પાઈપલાઈનની સુવિધા હોય ત્યાં PNG કનેક્શન લેવું ફરજિયાત, LPG ગ્રાહકો માટે સરકારનો મોટો આદેશ

(એજન્સી) પશ્ચિમ એશિયા | તા.24

પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ વચ્ચે ક્રૂડ ઓઈલ સંકટ ટાળવા કેન્દ્ર સરકારે કડક નિર્ણય લીધો છે. પેટ્રોલિયમ મંત્રાલયે દેશભરમાં PNG કનેક્શન ફરજિયાત બનાવ્યું છે. હવે જ્યાં PNG સુવિધા છે, ત્યાં LPG સિલિન્ડર નહીં મળે. આવા ગ્રાહકોના LPG કનેક્શન રદ કરાશે અને તેમને PNG અપનાવવું પડશે. આ નિયમ LPG કંટ્રોલ ઓર્ડર 2026 હેઠળ લાગુ કરાયો છે.પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એક વખત યુદ્ધની સ્થિતિ સર્જાતા દુનિયા પર ક્રૂડ ઓઈલનું સંકટ તોળાઈ રહ્યું છે. આવા સમયે કેન્દ્ર સરકારે ફરીથી દેશભરમાં પીએનજી કનેક્શનના પ્રસાર પર ભાર મૂક્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયે શહેરોમાં પીએનજી પાઈપલાઈનની સુવિધા હોય તેવી જગ્યાઓ પર એલપીજીના બાટલા આપવાનું બંધ કરવાનો આદેશ આપ્યો છે. આ અભિયાન સાથે સરકારે સ્પષ્ટ કર્યું છે કે પીએનજીની સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં લોકોએ ફરજિયાત આ કનેક્શન લેવું પડશે. શહેરોમાં જ્યાં પણ પીએનજી કનેક્શન ઉપલબ્ધ હોય છતાં કનેક્શન ના લીધું હોય તેમને નોટિસ પાઠવાશે અને તેમનું એલપીજી કનેક્શન રદ કરશે.પેટ્રોલિયમ મંત્રાલયે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તંત્રને આદેશ આપ્યો છે કે એલપીજી સિલિન્ડરની જગ્યાએ પીએનજીના ઉપયોગને ઝડપથી પ્રોત્સાહન આપો, જેથી એલપીજીનો સપ્લાય ઘટાડી શકાય. જે વિસ્તારોમાં પીએનજી કનેક્શન પહોંચી ગયું છે અને છતાં લોકો એલપીજી કનેક્શન ચાલુ રાખતા હોય તો તેમના કનેક્શન રદ કરી દો. તેનો અર્થ એ છે કે પીએનજી પાઈપ લાઈનની સુવિધા હોય તેવા વિસ્તારોમાં એલપીજી ગેસ પૂરો પાડવામાં નહીં આવે. હાલના સંજોગોમાં શહેરોમાં પીએનજી પાઈપલાઈનની સુવિધા ઉપલબ્ધ હોવાથી શહેરોમાં એલપીજી કનેક્શન પર તવાઈ આવી શકે છે.પીએનજી કનેક્શનને પ્રોત્સાહન આપીને કેન્દ્ર સરકારનો આશય ગેસ પૂરવઠા વ્યવસ્થાને ડિજિટલ અને સુરક્ષિત બનાવવાનો છે. નવા એલપીજી કંટ્રોલ ઓર્ડર 2026 અને નેચરલ ગેસ ડિસ્ટ્રીબ્યુશન ઓર્ડર 2026 હેઠળ નવા નિર્દેશો જાહેર કરાયા છે. આ નિર્દેશો હેઠળ કોઈપણ ઘરમાં પીએનજી અને એલપીજી કનેક્શન એક સાથે રાખી શકાશે નહીં.

## News Brief

### યુવાનો સાથે સરકારે વિશ્વાસઘાત કર્યો, ફરી આંદોલન કરીશું : સીજેપી

નવી દિલ્હી : દિલ્હીના જંતર મંતર પર યુવાનો દ્વારા શિક્ષણમાં સુધારા માટે મોટું આંદોલન ચલાવવામાં આવ્યું હતું, જેને પાછુ લેવા માટે કેન્દ્ર સરકારે જે શરતો સ્વીકારી હતી તે હજુસુધી પુરી ના થઇ હોવાથી હવે ફરી આ આંદોલન શરૂ કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. કોકરોચ જનતા પાર્ટીએ જાહેર કર્યું છે કે તે કેન્દ્ર સરકારની સામે ફરી આંદોલન કરવા જઇ રહી છે.કોકરોચ જનતા પાર્ટીએ એક નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે અમે ફરી રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવાનું વિચારી રહ્યા છીએ. આ દેશના યુવાનોને કેન્દ્ર સરકાર દ્વારા સારા વચનો આપવામાં આવ્યા હતા તેથી અમે સારા ઇરાદાથી આ આંદોલનને પાછું લીધુ હતું. જોકે સરકારે અત્યાર સુધી ક્યા ક્યા વચનો પૂર્ણ કર્યા તેને લઇને કોઇ જ વાતચીત નથી કરી. સોમવારે એક મહત્વની બેઠક યોજવા જઇ રહ્યા છીએ. જેમાં આગામી રણનીતિ તૈયાર કરવામાં આવશે.આંદોલન સમયે વિદ્યાર્થીઓ, યુવાનો સામે દેશભરમાં નોંધાયેલી એફઆઇઆરની વિગતો, યાદી વગેરે માહિતી સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી માગી હતી. કોર્ટ દ્વારા વારંવાર યાદી માગવામાં આવી હોવા છતા સરકાર દ્વારા કોઇ જ યોગ્ય જવાબ નથી અપાયો. સીજેપીએ કહ્યું હતું કે કોર્ટની સુનાવણી બાદ અમારા પ્રવક્તા સૌરવ દાસ અને લીગલ હેડ રત્નાસિંહે સ્પષ્ટ કહ્યું હતું કે સરકાર દેશના યુવાનો સાથે છેતરપિંડી કરી રહી, વિશ્વાસઘાત કર્યો છે. સરકારે આંદોલનકારીઓ સામેની એફઆઇઆર રદ કરવાનું વચન પણ આપ્યું હતું. જેને હજુસુધી પૂર્ણ કરવામાં નથી આવ્યું. સોમવારે કોકરોચ જનતા પાર્ટીની નેશનલ વર્કિંગ કમિટીની બેઠક યોજાવા જઇ રહી છે. જે પહેલા જ આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

## અમરાવતીમાં પણ દુર્ઘટના : 4થી 5 લોકોની હાલત ગંભીર

# નાગપુરમાં ક્લોરિન ગેસ લીક થતાં 40થી વધુ લોકોની હાલત ખરાબ

(એજન્સી) નાગપુર | તા.24

નાગપુરના ગોધની વિસ્તારમાં સોમવારે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ક્લોરિન ગેસ લીક થતાં અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં 40 લોકો શ્વાસ લેવામાં તકલીફ અનુભવતા હોસ્પિટલ ખસેડાયા છે. તેમાંથી 4-5 લોકોની હાલત ગંભીર હોવાથી તેમને ICUમાં દાખલ કરાયા છે. ફાયર બ્રિગેડ અને પોલીસ દ્વારા રાહત કામગીરી હાથ ધરાઈ છે.



નાગપુરમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. નાગપુરમાં ક્લોરિન ગેસ લીક થવાના કારણે 40 લોકોની હાલત ખરાબ થતા તેમને હોસ્પિટલ ખસેડાયા છે. આ તમામ લોકોને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હોવાની માહિતી મળી છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. પ્રભાવિત વિસ્તારના લોકોને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. લગભગ 40 લોકોને હોસ્પિટલ ભેગા કરાયા છે, જેમાંથી 4થી 5 લોકોની હાલત ગંભીર હોવાથી તેમને ICUમાં રાખવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે નાગપુરના ગોધની વિસ્તારમાં સોમવારે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ક્લોરિન ગેસ લીક થયા બાદ અફરાતફરી મચી ગઈ હતી. ગોધની નગર પંચાયત દ્વારા સંચાલિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ગેસ લીકની ઘટના બાદ લગભગ 40 લોકોને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ થઈ હતી. અસરગ્રસ્ત લોકોમાં પ્લાન્ટના 8થી 10 કર્મચારીઓ અને આસપાસ રહેતા 20થી 25 સ્થાનિક લોકો સામેલ છે. ગેસ લીક થયા બાદ લોકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ પૈકી 4થી 5 લોકોની હાલત ગંભીર જણાતાં તેમને સારવાર માટે ICUમાં શિફ્ટ કરાયા છે. બીજી તરફ અન્ય દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમના સ્વાસ્થ્ય પર સતત નજર રાખવામાં આવી રહી છે.ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. ગેસની અસરને નિયંત્રિત કરવાની સાથે જ આસપાસના વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સાવચેતીના ભાગરૂપે નજીકના વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. હાલમાં વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગો ગેસ લીકના કારણોની તપાસ કરી રહ્યા છે. આ સાથે જ ગેસ લીકના કારણે આસપાસના અન્ય વિસ્તારોના લોકોને કોઈ પ્રકારનું જોખમ ન રહે તે સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મહારાષ્ટ્ર માટે સોમવારની સવાર દુર્ઘટનાઓથી ભરેલી રહી છે. નાગપુરમાં ગેસ લીકની ઘટના પહેલાં અમરાવતીની જિલ્લા હોસ્પિટલના ચાઈલ્ડ વોર્ડમાં આગ લાગતાં 3 નવજાત શિશુઓનાં મોત નીપજ્યાં છે. મળતી માહિતી પ્રમાણે વેન્ટિલેટરમાં વિસ્ફોટ થવાના કારણે આગ લાગી હતી અને જોતજોતામાં તે આખા વોર્ડમાં ફેલાઈ ગઈ હતી. ત્યાં દાખલ નવજાત બાળકો આ આગની લપેટમાં આવી જતા હોમાઈ ગયા હતા.

## શ્રીનગર સેન્ટ્રલ જેલમાંથી બે કેદીઓ ભાગી ગયા; CISF એ પ્રાથમિક તપાસ શરૂ કરી

જમ્મુ અને કાશ્મીર: સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) એ રવિવારે સવારે શ્રીનગરની સેન્ટ્રલ જેલમાંથી બે કેદીઓ જેલ પરિસરની આગળની બાજુની દિવાલ કૂદીને ભાગી ગયા હોવાની પ્રાથમિક તપાસ શરૂ કરી છે, અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભાગી જવાની આસપાસના સંજોગો જાણવા માટે પ્રાથમિક તપાસ શરૂ કરવામાં આવી છે. CISF જમ્મુ અને કાશ્મીર પોલીસને તપાસમાં અને બે કેદીઓને શોધવાના પ્રયાસોમાં પણ મદદ કરી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, 23 ઓગસ્ટના રોજ સવારે જેલ પરિસરની આગળની બાજુની દિવાલ કૂદીને કેદીઓ જેલમાંથી ભાગી ગયા હતા. બે કેદીઓની ઓળખ રાજસ્થાનના સદનપોરાના રહેવાસી અબ્દુલ ગની ખાનના પુત્ર ફરમાન ખાન અને અનંતનાગ જિલ્લાના સાંગલાન ચિત્તરગુલના રહેવાસી મોહમ્મદ રફીકના પુત્ર મુખ્તાર અહેમદ ગુજર તરીકે થઈ છે.ફરમાન ખાનને 23 જૂન, 2026 ના રોજ શ્રીનગરની સેન્ટ્રલ જેલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેના પર ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ 137(2) અને 87 અને બાળકોના જાતીય ગુનાઓથી રક્ષણ (POCSO) અધિનિયમની કલમ 3 અને 4 હેઠળ FIR નંબર 19/2026 હેઠળ નોંધાયેલ કેસ ચાલી રહ્યો છે. બીજા કેદી, મુખ્તાર અહેમદ ગુ-જારને 13 એપ્રિલ, 2026 ના રોજ જેલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેના પર BNS ની કલમ 137(2) અને 65(1) અને POCSO અધિનિયમની કલમ 3 અને 4 હેઠળ FIR નંબર 20/2026 હેઠળ નોંધાયેલ કેસ ચાલી રહ્યો છે. આ ઘટના બાદ, સુરક્ષા એજન્સીઓ અને જમ્મુ અને કાશ્મીર પોલીસે ભાગી ગયેલા કેદીઓને શોધવાના પ્રયાસો શરૂ કર્યા છે. CISF ની પ્રાથમિક તપાસમાં એ તપાસ થવાની અપેક્ષા છે કે બે કેદીઓ જેલની આગળની બાજુની દિવાલ કેવી રીતે ઓળંગી ગયા અને ઉચ્ચ સુરક્ષાવાળા વિસ્તારમાંથી ભાગી ગયા. 'શ્રીનગરની સેન્ટ્રલ જેલમાંથી બે કેદીઓના ભાગી જવાની ઘટનામાં PE (પ્રારંભિક તપાસ) ની સ્થાપના કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનાના ઈનપુટ્સ એકત્રિત કરવા માટે એક આંતરિક તપાસ છે.

## કેરળની કેજિયા લિજ મેજોએ મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026 નો ખિતાબ જીત્યો, ઉંમર ફક્ત 19



જયપુર : જયપુરમાં યોજાયેલા ગ્રાન્ડ ફિનાલેમાં કેરળની 19 વર્ષીય કેજિયા લિજ મેજોએ 'મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026'નો ખિતાબ જીત્યો છે. લો સ્ટુડન્ટ, મોડેલ અને ક્લાસિકલ ડાન્સર કેજિયાએ તેની સુંદરતા, આત્મવિશ્વાસ અને બેબાક અંદાજથી સૌના દિલ જીતી લીધા. તેણે અગાઉ 'મિસ ટીન ઈન્ટરનેશનલ'માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.કેરળની કેજિયા લિજ મેજોએ મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026નો ખિતાબ પોતાના નામે કર્યો છે. 23 ઓગસ્ટના રોજ જયપુરમાં ગ્રાન્ડ ફિનાલે યોજાયો હતો, જેમાં ટોપ-5 ફાઈનાલિસ્ટમાં પોતાની જગ્યા બનાવતા કેજિયાએ મિસ યુનિવર્સનો તાજ પોતાના શિરે સજાવ્યો. તેની સુંદરતા, આત્મવિશ્વાસ અને બેબાક અંદાજ દરેકને પસંદ આવ્યો. કેજિયાની ઉંમર માત્ર 19 વર્ષની છે પરંતુ તેણે દમદાર પરફોર્મન્સ આપ્યું. તમને જણાવી દઈએ કે, કેજિયા લો સ્ટુડન્ટ, મોડેલ અને ટ્રેન્ડ ક્લાસિકલ ડાન્સર છે. આ પહેલા તે 'મિસ ટીન ઈન્ટરનેશનલ'માં ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂકી છે અને ફર્સ્ટ રનર-અપ રહી હતી. એટલું જ નહીં તેણે મિસ યુનિવર્સ કેરળ 2026નો ખિતાબ પતાના છે. ચાલો અમે તમને કેઝિયાના કેટલાક સુંદર લુક્સ બતાવીએ, તેની સુંદરતા જોઈને તમારી નજર નહીં હટશે. કેજિયા લિજ મેજો દરેક લુકમાં સુંદર દેખાય છે અને તેની આંખો સૌથી સુંદર છે. રોયલ બ્લુ કલરના ગાઉનમાં કેજિયા ખૂબ જ સુંદર લાગી રહી છે. તેણે આ લુક સાથે બન અને મિનિમલ મેકઅપ કર્યો છે. કેજિયા દરેક લુકમાં કોન્ફિડન્ટ દેખાય છે.કેજિયાએ ઓફ વ્હાઈટ કલરનું બોડીકોન સ્ટાઈલ ગાઉન કેરી કર્યું છે, જેમાં તે ખૂબ જ સુંદર દેખાઈ રહી છે. કેજિયાનો આ કેઝ્યુઅલ લુક સ્ટાઈલિશ દેખાઈ રહ્યો છે અને તેણે તેને ઓપન હેર લુક અને મિનિમલ એસેસરીઝ સાથે કમ્પ્લીટ કર્યો છે. આ તસવીરમાં તેની સુંદર સ્માઈલ જ અસલી સુંદરતા છે.માત્ર 19 વર્ષની ઉંમરમાં પણ કેજિયા મોડેલિંગના દરેક પાસાને સારી રીતે સમજે છે. તેની દરેક તસવીરમાં એક અલગ અદા અને માસૂમિયતનો સુંદર સંગમ દેખાય છે, જે લોકોના દિલ જીતી રહ્યો છે. કેજિયા માત્ર અત્યંત સુંદર જ નથી પરંતુ ખૂબ જ સ્માર્ટ પણ છે, અને આ વાત તેણે પોતાના શ્રેષ્ઠ નિવેદનોથી સાબિત કરી દીધી છે. કેજિયાનું રોયલ બ્લુ હાઈ સ્લિટ ગાઉન અને સ્પાર્કલિંગ ક્રિસ્ટલ કોર્સેટ પ્રીમિયમ ફીલ આપી રહ્યું છે.

## રીંગણનું શાક ખાધા પછી અડધી રાત્રે તબિયત બગડી; એક જ પરિવારની 3 બહેનોના દર્દનાક મોત

(એજન્સી) છતરપુર | તા.24

મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લાના પીપોરા ખુર્દ ગામમાં એક જ પરિવારની 3 બાળકીઓના શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજતાં અરેરાટી વ્યાપી છે. બાલમુકુંદ કુશવાહાની 7 વર્ષની પૂનમ, 3 વર્ષની મનીષા અને 9 મહિનાની ચાહતનું ઝાડા-ઉલટી બાદ નિધન થયું. રાત્રિ ભોજનમાં રીંગણનું શાક ખાધા પછી તબિયત લથડી હતી. ફૂડ પોઈઝનિંગની શંકા સાથે પોલીસે ભોજનના સેમ્પલ ફોરેન્સિક તપાસ માટે મોકલ્યા છે. મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લાના પીપોરા ખુર્દ ગામમાંથી એક અત્યંત કરૂણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારની ત્રણ નાની સગીર બહેનોની શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતક બાળકીઓમાં 9 મહિનાની માસૂમ બાળકીનો પણ સમાવેશ થાય છે. અકલ્પનીય દુ:ખનો સામનો કરી રહેલા બાલમુકુંદ કુશવાહાના પરિવારની પાંચ દીકરીઓમાંથી ત્રણ દીકરીઓના એકસાથે મોત થયા છે. મૃતક બાળકીઓની ઓળખ પૂનમ કુશવાહા (ઉંમર: 7 વર્ષ), મનીષા કુશવાહા (ઉંમર: ૩ વર્ષ), ચાહત કુશવાહા (ઉંમર: 9 મહિના) તરીકે થઇ હતી.મટગુવા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અંકુર ચોબેના જણાવ્યા મુજબ, બાલમુકુંદ કુશવાહાના પરિવાર તરફથી માહિતી મળી હતી કે રાત્રિના સમયે પૂનમ, મનીષા અને ચાહતની તબિયત અચાનક લથડી હતી. બાળકીઓને ઝાડા અને ઉલટીની ગંભીર ફરિયાદ થતાં પરિવારજનો તાત્કાલિક તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે, ટૂંકી સારવાર દરમિયાન જ ત્રણેય બાળકીઓએ દમ તોડી દીધો હતો.પ્રાથમિક તપાસમાં બહાર આવેલા અહેવાલો મુજબ, બાળકીઓએ રાત્રિના ભોજનમાં છેલ્લે રીંગણનું શાક (ભર્થું) ખાધું હતું. તે ખાધા બાદ જ તેમની તબિયત બગડી હોવાનું સામે આવ્યું છે. પોલીસનું પ્રાથમિક અનુમાન છે કે આ મોત ફૂડ પોઈઝનિંગ અથવા ખોરાકમાં ઝેરી તત્વ ભળવાને કારણે થઈ હોઈ શકે છે.

## અર્ધસૈન્ય દળના નિવૃત્ત જવાનો જંતર મંતર પર ભુખ હડતાળ કરશે




નવી દિલ્હી: CRPF, CISF જેવા કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના નિવૃત્ત જવાનો જૂની પેન્શન યોજના (OPS) ફરી લાગુ કરવા અને IPS અધિકારીઓના વર્ચસ્વ સામે દિલ્હીના જંતર-મંતર પર વિરોધ કરશે. 'ઓલ એક્સ પેરામિલિટરી ફોર્સ વેલફેર એસોસિએશન' હેઠળ 12 નવેમ્બરથી ભૂખ હડતાળ કરાશે. કેન્દ્ર સરકાર તેમની માંગણીઓ પર ધ્યાન ન આપતી હોવાનો આક્ષેપ છે. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો જેમ કે સીઆરપીએફ, સીઆઇએસએફ વગેરેના નિવૃત્ત જવાનો દિલ્હીના જંતર મંતર પર ભૂખ હડતાળ પર ઉતરવાના છે. આ તમામ દળો માટે લાગુ કરાયેલ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ ૨૦૨૬ને લઇને આ વિરોધ જોવા મળી રહ્યો છે.કેન્દ્રીય દળોના જવાનો જુની પેંશન સ્કીમ ઓપીએસની વ્યવસ્થાને ફરી લાગુ કરવાની માગણી કરી રહ્યા છે. સાથે જ ડેપ્યુટેશન પર આવી રહેલા આઇપીએસ અધિકારીઓના વધી રહેલા વર્ચસ્વની પણ વિરુદ્ધમાં તેઓ છે. આ વિરોધ પ્રદર્શનો ઓલ એક્સ પેરામિલિટરી ફોર્સ વેલફેર એસોસિએશનના બેનર હેઠળ આયોજીત કરવામાં આવી રહ્યા છે.આ સંગઠનના સચિવ રણબીરસિંહે આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર લાંબા સમયથી અમારી માગણીઓ પર ધ્યાન નથી આપી રહી. હવે જો સરકાર અમારી માગણીઓ નહીં સાંભળે તો ૧૨મી નવેમ્બરથી દિલ્હીના જંતર મંતર પર ભૂખ હડતાળ કરીશું. ગૃહમંત્રી અમિત શાહને લખેલા પત્રમાં પણ આ કાયદાને રદ કરવાની માગણી કરવામાં આવી હતી. જોકે સરકાર તરફથી કોઇ જ યોગ્ય જવાબ ના મળતા અંતે ભૂખ હડતાળનો નિર્ણય લેવો પડી રહ્યો છે.

## યુપી વિધાનસભા સ્પીકર ચાલુ રાષ્ટ્ર ગીતમાં જતાં રહેતા વિવાદ

ઉન્નાવ : ઉન્નાવમાં ઉત્તર પ્રદેશ વિધાનસભાના અધ્યક્ષ સતીશ મહાના એક કાર્યક્રમમાં વિવાદમાં સપડાયા છે. ગાર્ડ ઑફ ઑનર બાદ રાષ્ટ્રગીત વાગતું હતુ ત્યારે તેઓ સ્ટેજ પરથી ઉતરી કાર તરફ જતા જોવા મળ્યા. જોકે તેમણે રાષ્ટ્રગીત ન વાગવાનો દાવો કર્યો છે. આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં કોંગ્રેસે ભાજપ પર નિશાન સાધ્યું છે.ઉત્તર પ્રદેશ એસેમ્બલી સ્પીકર સતીશ મહાના એક વિવાદનાં કેન્દ્રમાં આવી ગયા છે. એક કાર્યક્રમમાં રાષ્ટ્ર ગીત ચાલુ હોવા છતાં મહાના ચાલતા જોવા મળતા વિપક્ષે તેમની ટીકા કરી છે.જો કે મહાનાએ દાવો કર્યો છે કે જ્યાં તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું ત્યાં રાષ્ટ્ર ગીત વગાડવામાં આવ્યું ન હતું.આ ઘટનાનાં વીડિયોમાં જોઇ શકાય છે કે રાષ્ટ્ર ગીત ચાલુ હોય છે ત્યારે મહાના સ્ટેજ પરથી નીચે ઉતરતા દેખાય છે. ત્યારબાદ પાસે ઉભેલા સમર્થકો તેમની પાસે આવ્યા અને તેમના પગે પડતા જોવા મળ્યા હતાં. જ્યારે મહાના પોતાની કાર તરફ વધ્યા અને કાર્યક્રમમાંથી જતા રહ્યાં ત્યારે પણ રાષ્ટ્ર ગીત વાગતું હતું.આ ઘટના એ સમયે બની છે જ્યારે ભાજપ કોંગ્રેસ પર પાર્ટી પ્રોગ્રામમાં વંદે માતરમની ફક્ત બે લાઇન ગાવાનાં નિર્ણય માટે નિશાન સાધી રહી છે અને તેને વંદે માતરમનું અપમાન ગણાવી રહી છે.કાનપુરનાં મહારાજપુર વિધાનસભા ક્ષેત્રનાં ધારાસભ્ય મહાના ઉન્નાવનાં પૂરન નગરમાં એસવીએમ ઈન્ટર કોલેજમાં કાઉન્સિલનાં પ્રાંતીય સંમેલન અને સેમિનારમાં સાંમેલ થયા હતાં. પ્રોટોકોલ અનુસાર પોલીસે મહાનાને કાર્યક્રમ સ્થળે ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. ગાર્ડ ઓફ ઓનર સમાપ્ત થયા પછી તરત જ રાષ્ટ્ર ગીત વાગવાનું શરૂ થઈ ગયું હતું. તે જ સમયે મંહાના સ્ટેજ પરથી ઉતરીને કાર તરફ જવા લાગ્યા હતાં.



## આસામનાં કછર જિલ્લામાં 14 કરોડના ડ્રગ્સ સાથે બે ની ધરપકડ




ગુવાહાટી : મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ જણાવ્યું હતું કે આસામના કછર જિલ્લામાં ૧૪ કરોડ રુપિયાની કિંમતની પ્રતિબંધીત યાબા ટેબલેટ સાથે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.આ ધરપકડ અને જપ્તી સિલચરમાં એક ભાડાના ઘરમાંથી કરવામાં આવી છે.સરમાએ શનિવારે એક્સ પર જણાવ્યું હતું કે બધી ડ્રગ સ્ટોરી બીજી સિઝનની હોતી નથી. કચર પોલીસે સિલચરના દક્ષિણ કૃષ્ણપુરમા ભાડાના મકાનમાંથી ૧૪ કરોડ રુપિયાની ૭૦,૦૦૦ યાબા ટેબલેટ જપ્ત કરી હતી. યાબા ટેબલેટને થાઈમાં ક્રેઝી મેડિસિન તરીકે ઓળખવામાં આવે છે.તે એક અત્યંત વ્યસનકારક દવા છે.જેમાં મેથામ્ફેટામાઇન અને કેફીનનું મિશ્રણ હોય છે.આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ માહિતી આપી હતી કે કછર જિલ્લામાંથી 14 કરોડ રૂપિયાની 70,000 યાબા ટેબ્લેટ સાથે 2 લોકોની ધરપકડ કરવામાં આવી છે. સિલચરના કૃષ્ણપુરમાં એક ભાડાના મકાનમાંથી આ નશીલો જથ્થો જપ્ત કરાયો હતો. યાબા ટેબ્લેટ મેથામ્ફેટામાઇન અને કેફીનનું મિશ્રણ છે, જે ખુબ વ્યસનકારક છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ડ્રગ્સ, હથિયારો અને આતંકને ફન્ડિંગના ખાલિસ્તાની નેટવર્કનો મોટો ઘટસ્ફોટ




નવી દિલ્હી : ખાલિસ્તાન સમર્થક ટેરર ફન્ડિંગ, ડ્રગ્સ અને હથિયારોની તસ્કરીના એક મોટા નેટવર્કનો દિલ્હી પોલીસ દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે. ખાલિસ્તાની આતંકવાદી અર્શ દલ્લા આ સમગ્ર નેટવર્ક ચલાવી રહ્યો છે, જે કેનેડામાં ગેરકાયદે અફીણ ઘૂસાડીને ફંડ મેળવી રહ્યો છે. જ્યારે પંજાબમાં પાક. સરહદે ડ્રોનની મદદથી હથિયારો ઘૂસાડવામાં આવી રહ્યા છે.દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાન્ચને અગાઉ એવી બાતમી મળી હતી કે દિલ્હીમાં એક કુરિયર કંપની દ્વારા એક પાર્સલ કેનેડા મોકલવા માટે બૂક કરવામાં આવ્યું છે. આ પાર્સલમાં ઘર વપરાશની વસ્તુઓ તેમજ ખાદ્ય સામગ્રીઓની સાથે ડ્રગ્સ ઘૂસાડવામાં આવ્યું હતું. મોતી નગરમાં કુરિયર કંપનીને ત્યાં પોલીસની ટીમ પહોંચી હતી અને પાર્સલ જપ્ત કરી લેવામાં આવ્યું હતું. તપાસમાં સામે આવ્યું હતું કે વિવિધ વસ્તુઓના ફેક તળિયા તૈયાર કરીને તેમાં આ ડ્રગ્સ છૂપાવાયું હતું.કસ્ટમ કે અન્ય સુરક્ષાકર્મીઓ પણ ઝડપી ના શકે એવી રીતે આ તળિયા તૈયાર કરાયા હતા.આ એક કેસ બાદ પોલીસે તેને માત્ર એક ઘટનાના બદલે મોટા નેટવર્કની રીતે જોઇને તપાસ શરૂ કરી હતી. જે બાદ પંજાબ, હરિયાણા, રાજસ્થાન વગેરેમાં અનેક સ્થળે તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન જ વધુ બે મોટા કન્સાઇન્મેન્ટની જાણકારી મળી હતી. આ દરમિયાન અફીણ, ડ્રગ્સ સહિતના નશીલા પદાર્થો જપ્ત કરવામાં આવ્યા હતા. રૂ. ૩.૫ કરોડનું અફીણ કેનેડા મોકલવામાં આવી રહ્યું હતું. આ પાર્સલ અર્શ દલ્લા માટે મોકલવામાં આવી રહ્યું હતું. હથિયારોના બદલામાં ડ્રગ્સ એ રીતે આ તસ્કરીનો સોદો થયો હતો.

**ગોતામાં હિટ એન્ડ રન, બેફામ કારે ત્રણ યુવકને અડફેટે લીધા**

અમદાવાદ | અમદાવાદમાં બેફામ વાહનહંકારતા ચાલકોનો આતંક યથાવત્ છે, ત્યારે ગોતા રોડ પર એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. 22મી ઓગસ્ટની રાતે વોડાફોન ટાવર નજીક સર્વિસ રોડ પરથી પસાર થઈ રહેલા એક એક્ટિવાને સામેથી આવી રહેલી પૂરપાટ ઝડપે દોડતી કારે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે એક્ટિવા પર સવાર ત્રણ મિત્રો રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. અકસ્માત સર્જ્યા બાદ કારનો ચાલક ઉભા રહેવાને બદલે સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

# સિટી એક્સપ્રેસ

TUESDAY 25 AUGUST-2026

AHMEDABAD

**જાહેરમાં ચેઈન તોડી બાઈક પર ફરાર થયેલો આરોપી ઝડપાયો**

અમદાવાદ |અમદાવાદના કૃષ્ણનગરમાં જાહેરમાં સોનાની ચેઈન તોડી બાઈક પર ફરાર થયેલા આરોપીને પોલીસે ઝડપી લીધો. ૯.360 ગ્રામ સોનાની ચેઈન સહિત રૂપિયા 2.08 લાખનો મુદ્દામાલ રિકવર. અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં ચેઈન સ્નેચિંગની ઘટનાએ ચકચાર મચાવી હતી. પ્રભાકર ચાર રસ્તા પાસે ચાલતા જતા એક વ્યક્તિના ગળામાંથી સોનાની ચેઈન તોડીને મોટરસાયકલ પર આવેલો શખ્સ ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ કૃષ્ણનગર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.



### ગુજરાતમાં ટેક્નોલોજી ક્ષેત્રની મોટી છલાંગ: PDEU ખાતે SEQUENCE-2026 નો આરંભ

# SEQUENCE-2026 સમિટ: ગાંધીનગરની PDEU ખાતે સેમિકન્ડક્ટર અને ક્વોન્ટમ ટેક્નોલોજી પર વૈશ્વિક મંથન

અમદાવાદ | પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) ખાતે અદ્યતન ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, રિન્યુએબલ એનર્જી અને ક્લાઈમેટ એક્શન જેવા મહત્વપૂર્ણ વૈશ્વિક વિષયો પર 'Summit of the Future: SEQUENCE 2026' યોજાઈ હતી. આ પ્રસંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી તેમજ વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ કેબિનેટ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, ભૂતકાળમાં ગુજરાતે કેમિકલ, ટેક્સટાઈલ, ડાયમંડ અને લોજિસ્ટિક્સ જેવા પરંપરાગત ક્ષેત્રોમાં સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અલાયદા વિભાગ તરીકે 'સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ'ની સ્થાપના કરીને રાજ્યમાં 'સનરાઈઝ સેક્ટર્સ' માટે મજબૂત પાયો નાખ્યો હતો. જેના પરિણામે છેલ્લા દોઢ દાયકામાં ગુજરાતે આ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' (ISM) હેઠળ દેશભરમાં મંજૂર થયેલા ૧૨ રોકાણ પ્રપોઝલ્સમાંથી ૬ પ્લાન્ટ્સ માત્ર ગુજરાતમાં જ સ્થાપિત થઈ રહ્યા છે. રાજ્યમાં 'કેન્સ સેમિકોન' (Kaynes Semicon) અને 'સીજી સેમી' (CG Semi) સહિતના મહાકાય પ્રોજેક્ટ્સ ઝડપથી આકાર લઈ રહ્યા છે અને આગામી એક વર્ષમાં તેનું ઉત્પાદન શરૂ થાય તેવી શક્યતા છે. આ સાથે જ ફોરવર્ડ અને બેકવર્ડ ઈન્ટિગ્રેશન દ્વારા કેમિકલ્સ, ગેસ અને ઈલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટ્સ માટેની એક મજબૂત અને સંપૂર્ણ ઈકોસિસ્ટમ ગુજરાતમાં વિકસાવવામાં આવી રહી છે. રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ઉજવણી અને ચંદ્રયાન-૩ ની ઐતિહાસિક સફળતાને યાદ કરતા સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન




મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉદાર અને પ્રોત્સાહક નીતિઓના પરિણામે આજે દેશમાં ૩૫૦ થી વધુ સ્પેસ સ્ટાર્ટઅપ્સ સફળતાપૂર્વક કાર્યરત થયા છે. અમદાવાદ નજીક સાણંદ ખાતે 'ગુજરાત સ્પેસ પાર્ક' આકાર લઈ રહ્યો છે, જ્યાં 'અઝિસ્ટા સ્પેસ' (Azista Space) કંપનીએ નાના ઉપગ્રહોના ઉત્પાદન માટેની અત્યાધુનિક સુવિધા સ્થાપવાની કામગીરી પણ શરૂ કરી દીધી છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતની સ્પેસ ઈકોનોમી ૧ ટ્રિલિયન ડોલર સુધી પહોચશે તેવો વિશ્વાસ પણ મંત્રી શ્રીએ વ્યકત કર્યો હતો. મંત્રીશ્રીએ યુવાનોને સંબોધતા જણાવ્યું કે, નવી પેઢી હવે માત્ર ટેકનોલોજીની વપરાશકર્તા નથી રહી, પરંતુ તે પોતે જ સંશોધક, સર્જક અને ઉદ્યોગસાહસિક બની રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર તમામ ક્ષેત્રોના ૩૬૦ ડિગ્રી સર્વાંગી વિકાસ તરફ આગળ વધી રહી છે તેમ જણાવી મંત્રીશ્રીએ દેશ-વિદેશના તમામ ઉદ્યોગકારો અને સ્ટાર્ટઅપ્સને ગુજરાતમાં પોતાનો બેઝ સ્થાપવા માટે ખુલ્લું આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે PDEU ખાતે ટૂંક સમયમાં જ અત્યાધુનિક 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ક્લાઈમેટ એક્શન' શરૂ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત પણ મંત્રીશ્રીએ કરી હતી. ભારતમાં તાઈવાનના પ્રતિનિધિ ડૉ. મુ-મિન ચેને (Dr. Mumin Chen) જણાવ્યું હતું કે, તાઈવાન ભલે કુદરતી સંસાધનોની દ્રષ્ટિએ એક નાનો દ્વીપ-દેશ હોય, પરંતુ તેણે પોતાની અદ્યતન ટેકનોલોજી અને સેમિકન્ડક્ટર ચિપ નિર્માણ દ્વારા વૈશ્વિક સ્તરે અગ્રીમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વર્ષ ૧૯૫૦ના દાયકાથી શરૂ કરીને આજે વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવવા પાછળ તાઈવાનનું મજબૂત IT સેક્ટર અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી મુખ્ય પરિબળ છે. સ્માર્ટફોન અને કમ્પ્યુટર્સથી લઈને અદ્યતન ડિજિટલ સાધનોને ગતિ આપતી ચિપ્સનું ઉત્પાદન કરીને તાઈવાને સંશોધન અને વેપારના સહયોગથી અભૂતપૂર્વ આર્થિક વિકાસ સાધ્યો છે.

## સાબરમતી રેલવે સ્ટેશનના પુનઃવિકાસ કામો અને યાત્રી સુવિધાઓનું DRM વેદ પ્રકાશ એ કર્યું નિરીક્ષણ





અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશ એ આજે સાબરમતી રેલવે સ્ટેશનનું સર્વગ્રાહી નિરીક્ષણ કર્યું. આ નિરીક્ષણ દરમિયાન સાબરમતીના ધારાસભ્ય ડૉ. હર્ષદભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ સાબરમતી રેલવે સ્ટેશનના પુનઃવિકાસ કામોની પ્રગતિ, યાત્રી સુવિધાઓ તેમજ સ્ટેશન પર યાત્રીઓની અવરજવર અને ભીડ વ્યવસ્થાપન સંબંધિત વ્યવસ્થાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી. નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે સ્ટેશનના પ્રવેશ અને નિકાસ દ્વારોની સમીક્ષા કરી હતી તથા અધિકારીઓ સાથે એ બાબતે વિશેષ ચર્ચા કરી હતી કે યાત્રીઓની અવરજવરને સુવ્યવસ્થિત રાખવાની સાથે પ્રવેશ અને નિકાસ વ્યવસ્થા એવી હોવી જોઈએ, જેથી પીક અવર્સ અને તહેવારો દરમિયાન યાત્રીઓની ભીડનું સુગમ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરી શકાય. તેમણે સ્ટેશન સંકુલમાં યાત્રીઓની અવરજવર, લાઈન વ્યવસ્થાપન અને સંચાલન સંબંધિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વ્યવસ્થાઓને વધુ અસરકારક બનાવવા પર ભાર મૂક્યો.શ્રી વેદ પ્રકાશ એ સ્ટેશન બિલ્ડિંગના પ્રથમ માળે આવેલા હોલ્ડિંગ એરિયાનું પણ નિરીક્ષણ કર્યું અને તેની ક્ષમતા તથા ઉપયોગિતાની સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા કે તહેવારો અને ખાસ પ્રસંગો દરમિયાન વધતી યાત્રીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને હોલ્ડિંગ એરિયા અને કોનકોર્સ વિસ્તારમાં ભીડને નિયંત્રિત કરવા માટે અસરકારક અને વ્યવહારૂ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે. સ્ટેશનના કોનકોર્સ વિસ્તારના નિરીક્ષણ દરમિયાન આગામી તહેવારોમાં સંભવિત ભીડને ધ્યાનમાં રાખીને એકથી વધુ પ્રવેશ અને નિકાસ માર્ગો વિકસાવવા તથા યાત્રીઓની અવરજવરને અલગ-અલગ દિશામાં સુવ્યવસ્થિત કરવાની શક્યતાઓ પર વિગતવાર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. પ્લેટફોર્મ નંબર 1 થી 7 સુધી યાત્રી સુવિધાઓ અને સ્ટેશન પર ઉપલબ્ધ વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે પ્લેટફોર્મ, યાત્રી અવરજવર વિસ્તારો અને અન્ય સંબંધિત સુવિધાઓની સ્થિતિની સમીક્ષા કરતા અધિકારીઓને નિર્દેશ આપ્યા કે સ્ટેશન પર ઉપલબ્ધ સુવિધાઓની નિયમિત જાળવણી સુનિશ્ચિત કરવામાં આવે તથા પુનઃવિકાસ કામોની સાથે સાથે યાત્રીઓને સ્વચ્છ, સુરક્ષિત, સુગમ અને ઉત્તમ અનુભવ પૂરો પાડવા પર વિશેષ ધ્યાન આપવામાં આવે. મંડળ રેલ પ્રબંધકે સ્ટેશન સંકુલમાં ઓટો-રિક્ષા અને ટેક્સી ચાલકો સાથે પણ સંવાદ કર્યો હતો અને સ્ટેશનના પ્રવેશ તથા નિકાસ માર્ગો સંબંધિત તેમના સૂચનો અને વ્યવહારૂ અનુભવો જાણ્યા હતા. તેમણે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા કે યાત્રીઓની સાથે સાથે ઓટો-રિક્ષા અને ટેક્સી ચાલકોની સુવિધાને ધ્યાનમાં રાખીને પિક-અપ અને ડ્રોપ-ઓફ વ્યવસ્થા તથા ટ્રાફિક મેનેજમેન્ટને સુવ્યવસ્થિત કરવામાં આવે, જેથી સ્ટેશનની બહાર બિનજરૂરી ભીડ અને ટ્રાફિક જામની સ્થિતિ ઊભી ન થાય. ત્યારબાદ મંડળ રેલ પ્રબંધકે સાબરમતી લોકોમોટિવ શેડનું પણ નિરીક્ષણ કર્યું હતું. તેમણે શેડની વિવિધ વ્યવસ્થાઓ અને મેન્ટેનન્સ પ્રવૃત્તિઓની સમીક્ષા કરી તથા WAG-12 લોકોમોટિવનું નિરીક્ષણ કરીને તેની જાળવણી અને ટેકનિકલ પાસાઓની માહિતી મેળવી. તેમણે સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી જાળવણી કામો, સુરક્ષાના ધોરણો અને લોકોમોટિવની વિશ્વસનીયતા સંબંધિત વિષયો પર માહિતી લીધી.

# દાણચોરીના અડધો કિલો સોનાની ચેઈન સાથે મહિલા ડોકટર ઝડપાઈ : હાઈનેક સ્વેટરમાં છુપાવી હતી, શારજાહથી 'એર અરેબિયા'ની ફ્લાઈટમાં અમદાવાદ આવી હતી



અમદાવાદ | અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિદેશથી સોનાની ગેરકાયદે દાણચોરી કરવાના નીતનવા પેંતરાનો કસ્ટમ્સ વિભાગે પર્દાફાશ કર્યો છે. શારજાહથી ફ્લાઈટ મારફતે અમદાવાદ આવી પહોંચેલી ભાવનગરની 31 વર્ષીય મહિલા ડોક્ટર પાસેથી કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટે (AIU) હાઈ-નેક સ્વેટરની અંદર છુપાવેલી 83.14 લાખ રૂપિયાથી વધુની કિંમતની 24 કેરેટ સોનાની ચેઈન ઝડપી પાડી છે. કસ્ટમ્સ એક્ટ હેઠળ સોનાનો જથ્થો જપ્ત કરી મહિલા મુસાફરની ધરપકડ કરવામાં આવી હતી અને આ દાણચોરીના નેટવર્કના મૂળ સુધી પહોંચવા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

એરપોર્ટ પર દાણચોરી અટકાવવા માટે ચાલી રહેલા સઘન ચેકિંગ અને પેસેન્જર પ્રોફાઈલિંગ દરમિયાન શારજાહથી 'એર અરેબિયા'ની ફ્લાઈટ નંબર G9-418 દ્વારા અમદાવાદ આવેલા મુસાફરો પર કસ્ટમ્સની AIU ટીમ વોચ રાખી રહી હતી. આ દરમિયાન શંકાસ્પદ જણાતાં એક મહિલા પેસેન્જરને અટકાવીને પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. મહિલાની ઝીણવટભરી શારીરિક તપાસ કરતાં તેણે પહેરેલા હાઈ-નેક સ્વેટરના અંદરના ભાગમાં ચાલાકીપૂર્વક છુપાવી રાખેલી સોનાની ભારે ચેઈન મળી આવી હતી.કસ્ટમ્સ વિભાગ દ્વારા કરવામાં આવેલી ચકાસણીમાં સોનાની ચેઈનનું કુલ વજન 499.540 ગ્રામ હોવાનું અને તે 24 કેરેટ શુદ્ધતા ધરાવતી હોવાનું સામે આવ્યું હતું. આ જપ્ત કરાયેલા સોનાની વર્તમાન બજાર કિંમત આશરે 83,14,843 રૂપિયા આંકવામાં આવી છે. અધિકારીઓએ આ તમામ સોનાના દાગીનાને 'કસ્ટમ્સ એક્ટ, 1962' ની સંબંધિત કલમો હેઠળ વિધિવત જપ્ત કરી લીધા હતા.ઝડપાયેલી મહિલા પેસેન્જરની પ્રાથમિક પૂછપરછમાં તે ભાવનગરની રહેવાસી હોવાનું, તેની ઉંમર 31 વર્ષ હોવાનું અને તે વ્યવસાયે ડોક્ટર હોવાનું બહાર આવ્યું છે. કસ્ટમ્સ એક્ટની જોગવાઈઓ હેઠળ મહિલા ડોક્ટરની ધરપકડ કર્યા બાદ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી તેને જામીન પર મુક્ત કરવામાં આવી હતી. આટલી મોટી કિંમતનું સોનું તે વિદેશમાં કોની પાસેથી લાવી હતી અને અમદાવાદમાં કોને પહોંચાડવાનું હતું તે દિશામાં કસ્ટમ્સ વિભાગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

## બહેરામપુરામાં કેમેરા લગાવવા બાબતે બે જૂથ વચ્ચે પથ્થરમારો દુકાનમાં તોડફોડ કરી; 4 ઈજાગ્રસ્ત થયાં

અમદાવાદ | અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં પોતાના ઘર તરફ કેમેરો ન લગાવવાનું કહેવા જેવી નજીવી બાબતે 8 શખસે વકીલ અને તેમના પરિવારજનો પર લાકડીઓ અને પથ્થરો વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં 4 લોકોને ઈજા પહોંચી છે, તથા નજીકની દુકાન પર પથ્થરમારો કરી કાચ તોડી નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. બનાવ અંગે દાણીલીમડા પોલીસે સ્થળ પર પહોંચી મામલો થાળે પાડ્યો હતો.

બહેરામપુરામાં રહેતા અબ્દુલ અજીમખાન પઠાણ વકીલાત કરે છે. ગત 22 ઓગસ્ટે તેમના પડોશમાં ભાડે રહેતા સોહિલ શેખના ઘરે આવેલા કેટલાક શખ્સો વકીલનું ઘર દેખાય તે રીતે કેમેરો લગાવી રહ્યા હતા. વકીલે તે અંગે વિરોધ દર્શાવતાં તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. જોકે, આ જ વાતની અદાવત રાખીને ગત 23 ઓગસ્ટે રાત્રે વકીલ જ્યારે નાસ્તો લેવા બહાર નીકળ્યા ત્યારે આરોપીઓએ તેમની સાથે બળજબરી કરી અપશબ્દો બોલી મારપીટ શરૂ કરી હતી.

વકીલ બચવા માટે તેમના ભાઈ સમીરની દુકાનમાં સંતાઈ જતાં આરોપીઓએ દુકાન પર પથ્થરમારો કરી કાચ તોડી નાખ્યા હતા. બાદમાં વકીલ ઘર તરફ




ભાગતા સોસાયટીના ગેટ પાસે અન્ય સાગરીતોએ ભેગા થઈ તેમને લાકડીઓથી ફટકાર્યા હતા. વકીલને બચાવવા માટે તેમનો પરિવાર વચ્ચે પડતાં આરોપીઓએ પરિવારજનો પર પણ ભારે પથ્થરમારો કર્યો હતો, જેમાં 4 સભ્યોને ઈજા થઈ હતી.

આ મામલે વકીલે 8 શખ્સો સામે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં નામજોગ ફરિયાદ નોંધાવી છે. બીજી તરફ સામા પક્ષે પણ વકીલ અને તેમના પરિવારજનો સામે વળતી ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

## કારચાલકે પૂરઝડપે એક્ટિવા સવાર 3 મિત્રને ઉડાવ્યા

અમદાવાદ | અમદાવાદના ગોતા રોડ પર 22 ઓગસ્ટે રાતના સમયે સર્વિસ રોડ પર એક્ટિવા પર આવતાં 3 મિત્રોને પૂરઝડપે એક કાર ચાલકે ટક્કર મારી હતી. કારચાલક ટક્કર મારીને સ્થળ પરથી જ નાસી ગયો હતો. અકસ્માતમાં એક્ટિવા પર જઈ રહેલા ત્રણેય મિત્રોને ઈજા પહોંચી છે. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. અકસ્માતના બીજા દિવસે પોલીસને જાણ થતા 24 કલાક બાદ ગુનો નોંધાયો છે.

ગોતામાં રહેતો શૈલેષ યાદવ કપડાંની દુકાન ચલાવે છે. 22 ઓગસ્ટે શૈલેષ અને મિત્ર શિવમ-વિપિન એક એક્ટિવા પર બેસીને છારોડીથી પરત આવી રહ્યા હતા. રાતે 12 વાગ્યે વોડાફોન ટાવર ગોતા રોડ પર એક્ટિવા લઈને સર્વિસ રોડ પરથી જઈ રહ્યા હતા, ત્યારે એક ફોર વ્હીલર પૂરઝડપે આવી રહી હતી. ફોર વ્હીલર ચાલકે પૂરઝડપે એકટીવાને આગળથી ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ત્રણેય એક્ટિવા પરથી પટકાયા હતા.

## અમદાવાદમાં નવા 4 ગાર્ડન માટે બગીચા ખાતાની શંકાસ્પદ દરખાસ્ત : સિવિલ વર્ક ઘટ્યું છતાં એજન્સીઓને ઊંચા ભાવે કામ સોંપવાની તૈયારી

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના બગીચા વિભાગ દ્વારા શહેરના વિવિધ ઝોનમાં નવા 4 ગાર્ડન બનાવવા અને 5 વર્ષ સુધી મેઈન્ટેનન્સ કરવા માટે રિક્રિએશન કમિટી સમક્ષ વિવાદાસ્પદ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. ગાર્ડન ડેવલપમેન્ટના મૂળ પ્રોજેક્ટમાંથી મોંઘુ સિવિલ વર્ક ઘટાડી દેવાયું હોવા છતાં, બગીચા ખાતા દ્વારા એજન્સીઓને અંદાજિત ખર્ચ કરતા ઘણા ઊંચા ભાવે કોન્ટ્રાક્ટ સોંપવાની મંજૂરી માંગવામાં આવતા મનપા વર્તુળોમાં ભારે ચકચાર મચી છે. અધિકારીઓની આ શંકાસ્પદ નીતિના કારણે કોર્પોરેશનની તિજોરી પર કરોડો રૂપિયાનો વધારાનો બોજ પડવાની સ્થિતિ સર્જાઈ છે.



બગીચા ખાતા દ્વારા ઉત્તર પશ્ચિમ ઝોનમાં નવો ગાર્ડન બનાવવા માટે શરૂઆતમાં 5.08 કરોડ રૂપિયાનો અંદાજ મૂકી ટેન્ડર બહાર પડાયું હતું, જેમાં આધારભાવ કન્સ્ટ્રક્શન એલએલપી નામની એજન્સીએ 28.17 ટકા ઊંચા ભાવ સાથે 6.51 કરોડ રૂપિયાનું ટેન્ડર ભર્યું હતું. પાછળથી હરિયાળો વિસ્તાર વધારવા સિવિલ વર્ક ઘટાડીને કામનો અંદાજ 3.15 કરોડ કરાયો હોવા છતાં એજન્સીનું ટેન્ડર 4.04 કરોડનું મંજૂર કરાતાં એજન્સીને 85 લાખ રૂપિયા વધુ ચૂકવાશે. આ જ રીતે પૂર્વ ઝોનમાં 21.55 કરોડના ટેન્ડરમાં હરિકૃષ્ણ નર્સરીએ 25.70 ટકા ઊંચા ભાવ સાથે 27.09 કરોડનું ટેન્ડર ભર્યું હતું; જ્યાં સિવિલ વર્ક ઘટાડીને રકમ 15.36 કરોડ કરવા છતાં એજન્સીને 19.31 કરોડ ચૂકવવાની દરખાસ્ત મુકાતાં તંત્ર આશરે 4 કરોડ રૂપિયા જેટલી માતબર રકમ વધુ ચૂકવશે. દક્ષિણ ઝોનમાં નવા બગીચા માટે 1.54 કરોડના અંદાજ સામે નીલકંઠ લેન્ડસ્કેપ એજન્સીએ 24.81 ટકા ઊંચા ભાવે 1.92 કરોડનું ટેન્ડર ભર્યું હતું, જેમાં સિવિલ વર્ક ઘટાડી ટેન્ડરની રકમ 1.26 કરોડ કરાયા બાદ પણ એજન્સીનું ટેન્ડર 1.57 કરોડ રહેતાં અંદાજે 31 લાખ રૂપિયા વધુ ચૂકવાશે. મધ્ય ઝોનમાં પણ 1.16 કરોડના અંદાજ સામે આનંદ ફાર્મ એન્ડ નર્સરીએ 26.50 ટકા ઊંચા ભાવે 1.46 કરોડનું ટેન્ડર ભર્યું હતું, જ્યાં સિવિલ વર્ક ઘટાડી રકમ 79.20 લાખ કરાઈ હોવા છતાં એજન્સીનું ટેન્ડર 1 કરોડ આસપાસ રહેતાં 20 થી 21 લાખ રૂપિયા વધારે ચૂકવવાનો તખ્તો ઘડાયો છે. તાજેતરમાં જ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા તળાવ અને ગાર્ડન ડેવલપમેન્ટના કામોમાં સિવિલ વર્ક અને બગીચા કામગીરી વચ્ચે ઊંડાણપૂર્વક તપાસ કરીને ફાઈલો પરત મોકલવામાં આવી હતી. તેમ છતાં બગીચા વિભાગ દ્વારા એજન્સીઓના ઊંચા ભાવોને નિયંત્રિત કરવાને બદલે કરોડો રૂપિયાના વધુ નાણાં ચૂકવવા માટે મંજૂરી માંગવામાં આવતાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચેની કથિત મિલીભગત સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

## 27 ઓગસ્ટે ગૂજરાત વિદ્યાપીઠનો 72મો પદવીદાન સમારોહ યોજાશે:મુખ્ય અતિથિ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, 900 વિદ્યાર્થીઓને ડિગ્રી અપાશે...

અમદાવાદ | ગૂજરાત વિદ્યાપીઠનો 72મો પદવીદાન સમારોહ આગામી 27 ઓગસ્ટે પ્રાણજીવન વિદ્યાર્થી ભવનના પ્રાંગણમાં સાંજે 4.30 વાગ્યે યોજાવાનો છે. આ વર્ષે પદવીદાન સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ રહેશે. જ્યારે ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દીક્ષાંત પ્રવચન આપશે.

7 વિદ્યાશાખાના 18 વિભાગના કુલ 900 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે. જેમાં 184 સ્નાતક, 400 અનુસ્નાતક, 232 સ્નાતકોત્તર અભ્યાસક્રમ, 21 અનુસ્નાતક ડિપ્લોમા તથા 63 એમ.ફિલ/પીએચ.ડી. પદવીધારકોને ડિગ્રી અપાશે. તેમજ કુલ પદવીધારકોમાં 441 વિદ્યાર્થિનીઓ અને 459 વિદ્યાર્થીઓ છે.

અમિત શાહના હસ્તે 12 વિદ્યાર્થીને વિદ્યાશાખાના 'મંદિર ચંદ્રક' અને વિભાગના 'ધ્વજ ચંદ્રક' તથા પ્રમાણપત્રથી સન્માનિત કરાશે. સમારોહમાં 559 પદવીધારકોને આચાર્ય દેવવ્રત દીક્ષાંત પ્રવચન આપશે. ગૂજરાત વિદ્યાપીઠમાં આ ચંદ્રકોની પસંદગી માત્ર શૈક્ષણિક સિદ્ધિના આધારે નહીં, પરંતુ સર્વાંગી સિદ્ધિને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. જેમાં સંશોધન-નવીનતા, સાહિત્યિક-સાંસ્કૃતિક અને તકનીકી પ્રવૃત્તિઓ, સામુદાયિક સેવા, NSS-NCC, ઈન્ટર્નશિપ, ક્ષેત્રકાર્ય, નેતૃત્વ, રમતગમત તેમજ નૈતિક આચરણ અને ગાંધીવાદી મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા જેવા માપદંડોનોના આધારે ચંદ્રક માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવું છે.

જોકે અત્યાર સુધી ગૂજરાત વિદ્યાપીઠનો પદવીદાન સમારોહ 18 ઓક્ટોબરના રોજ યોજાતો હતો. તેનું કારણ એ છે કે મહાત્મા ગાંધીએ 18 ઓક્ટોબર 1820ના ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. જેથી સંસ્થાના સ્થાપના દિવસની સ્મૃતિમાં જ દર વર્ષે આ દિવસે પદવીદાન સમારોહ યોજાતો હોય છે. જોકે છેલ્લા ત્રણ વર્ષથી તે પરંપરા તૂટી ગઈ છે. કુલપતિનું માનવું છે કે મુખ્ય અતિથિની અનુકૂળતા પ્રમાણે તારીખમાં ફેરફાર કરાતા હોય છે. જો 18 ઓક્ટોબરના જો મુખ્ય અતિથિની અનુકૂળતા ન હોય તો તેના આધારે તારીખ ગોઠવવી પડતી હોય છે.

કુલપતિ હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, આ પદવીદાન સમારોહ ગૂજરાત વિદ્યાપીઠની એક પરંપરા રહી છે. જેમાં ગત વર્ષે પણ ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ હાજર રહ્યા હતા. આ વર્ષે અમિત શાહ આવવાના હોવાથી તેમને આવકારવા અને પદવીદાન સમારોહની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. તેમજ પદવીદાન સમારોહની સાથે સાથે અસ્મિતા મંદિરનું લોકાર્પણ પણ કરવામાં આવશે.

સામાન્ય રીતે શૈક્ષણિક સંસ્થાઓમાં મૂલ્યાંકનને આધારિત જ મેડલ એનાયત કરવામાં આવતું હોય છે.

## અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ સાપ્તાહિક વિશેષ ટ્રેનનું નિયમિત સંચાલન 24 સપ્ટેમ્બરથી...

અમદાવાદ | ટ્રેન નંબર 09419/09420 અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ-અમદાવાદ સાપ્તાહિક વિશેષ ટ્રેન હવે ટ્રેન નંબર 19419/19420 ના રૂપે નિયમિત સાપ્તાહિક ટ્રેન તરીકે સંચાલિત થશે. પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને ઉત્તમ રેલવે કનેક્ટિવિટીને ધ્યાનમાં રાખતાં ટ્રેન નંબર 09419/09420 અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ-અમદાવાદ સાપ્તાહિક વિશેષ ટ્રેનને નિયમિત કરવામાં આવી છે. નિયમિતીકરણ પછી આ ટ્રેન હવે ટ્રેન નંબર 19419/19420 અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ રૂપે સંચાલિત થશે.

ટ્રેન નંબર 19419 અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ એક્સપ્રેસ તારીખ 24 સપ્ટેમ્બર 2026 થી દરેક ગુરૂવારે અમદાવાદથી 09:20 કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસ શનિવારે 03:35 કલાકે તિરૂચ્ચિરાપ્પલ્લિ પહોંચશે. પરતમાં ટ્રેન નંબર 19420 તિરૂચ્ચિરાપ્પલ્લિ-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ તારીખ 27 સપ્ટેમ્બર 2026 થી દરેક રવિવારે તિરૂચ્ચિરાપ્પલ્લિથી 05:45 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે સોમવારે 21:15 કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં વડોદરા, સૂરત, વલસાડ, વાપી, વસઈ રોડ, કલ્યાણ, પુણે, સોલાપુર, કલબુરગિ, વાડી, કૃષ્ણા, રાયચૂર, મંત્રાલયમ, આદોનિ, ગુંટકલ, તાડિપત્રિ, કડપા, રેણિગુંટા, અરક્કોણમ, પેરમ્બૂર, ચેન્નાઈ એગ્મોર, તામ્બરમ, ચેંગલપટ્ટૂ, વિલ્લુપુરમ, કડલૂર, ચિદમ્બરમ, શિરકાષિ, વૈથીશ્વરન કોઈલ, મઈલાડુતુરૈ, કુંભકોણમ, પાપનાસમ તથા તંજાવૂર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર તથા સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર 19419 નું રિઝર્વેશન 26 ઓગસ્ટ 2026 ના રોજ સવારે 08:00 કલાકથી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.